

BUDDHIPRABHA REGD. NO. B.9045
Regd. as a Newspaper by the Registrar of Newspaper-New Delhi

**સંસ્થાપક:** પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસપ્રવરશ્રી મહોદય સાગરજી ગણિવર્ય........

## આ અંકના લેખકો

(૧) આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીજી
(૨) શ્રી ચિત્રભાનુ
(૩) " જયભિખ્ખુ
(૪) " વસિષ્ઠજી યાજ્ઞિક
(૫) " મણિલાલ ઉદાણી
(૬) " નામકુમાર મકાતી
(૭) " નટવરલાલ શાહ
(૮) " વાડીલાલ ચોકસી
(૯) " ચીમનલાલ સાંડસા
(૧૦) " પ્રકાશ ગારિઆધર
(૧૧) " ભગુભાઈ શાહ
(૧૨) " રાજેશ
(૧૩) " ભોગીન ભરવાડા
(૧૪) " ગણેશ પરમાર
(૧૫) " વિબોધશ્રીજી
(૧૬) " વસંતપ્રભાશ્રીજી

## આ અંકનું સાહિત્ય

(૧) ચિંતન કણિકાઓ ...... ...
(૨) જાગ! ઓ વીરના સપૂત! (લેખ)
(૩) કાળની સંધ્યાએ... ... તંત્રીલેખ
(૪) દીપાવલી એક અધ્યયન ... ... લેખ
(૫) મહાવીર મહાક્રાન્તિ ... ... "
(૬) પ્રકાશની પગદંડીએ ... ... "
(૭) ચોપડો બોલે છે ... ... "
(૮) શાન્તિની શોધમાં .. ... "
(૯) અંતરના અંધારા ... ... "
(૧૦) રાગમાંથી વિરાગ ... ... "
(૧૧) વિદ્યુત્ વાણી ... ... "
(૧૨) યોગીના આંસુ ... ... (વાર્તા)
(૧૩) એક જ ચિનગારી ... ... "
(૧૪) પતનની પગથારે ... ... "
(૧૫) અર્ધ્ય ... કાવ્ય
(૧૬) વાલીડો મહાવીર ... ... "
(૧૭) ગૌતમ બોલે રે... ... "
(૧૮) જ્ઞાન સીતારો ... ... "
આશીર્વાદ, શાસન સમાચાર અને નામાવલી

આ માસિક મધુસુદન છોટાલાલ શાહે ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, આણંદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણદરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.

# બુધ્ધિપ્રભા

તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી [illegible] કાપડીઆ

પ્રેરક: મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી


## મંગલ પ્રભાતે……

સદા આનંદની ગહેની, સદા મંગળ સહુ હો જો;
જગતમાં શાન્તિ સહુ પામો, નૂતન વર્ષે નવી આશી. ૧

શમો ઝગડા વધો મૈત્રી દયાનું સામ્રાજ્ય વ્યાપો;
વધોને જ્ઞાનની જ્યોત, નૂતન વર્ષે નવી આશી. ૨

સુખી થાઓ કરો કાર્યો, ભલાં જે ધર્મનાં ઉંચાં;
છવાજો સત્ય સર્વત્ર, નૂતન વર્ષે નવી આશી. ૩

પ્રભુના ભક્ત બહુ થાજો, અનંતા સદ્ ગુણો પ્રગટો;
ટળો બહુ દોષ કર્મોના. નૂતન વર્ષે નવી આશી. ૪

નૂતન શક્તિ નૂતન ભક્તિ, નૂતન સેવા નૂતન શોધો;
ભલી કીર્તિ ભલી વિદ્યા, નૂતન વર્ષે નવી આશી. ૫

સદા લક્ષ્મી વધો સારી, મળોને મંગલો સઘળાં,
બુદ્ધ્યબ્ધિ બહુ ચિરંજીવો, નૂતન વર્ષે નવી આશી. ૬

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી.

# અભિવાદન ને આભાર

"બુદ્ધિપ્રભા" ને વ્યવસ્થિત ને સમૃદ્ધ કરવામાં જેઓનો અનન્ય ને અગત્યનો ફાળો છે તેઓના શુભ નામોની યાદીઃ—

પોતાના વેપારને ખોટી કરીને, કામમાંથી ફુરસદ કાઢીને, અભ્યાસમાંથી સમય બચાવીને તેઓએ નિષ્કામ ને નિર્વ્યાજ સેવા આપી છે. સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ—તંત્રીઓ.

"બુદ્ધિપ્રભા" ના રજીસ્ટ્રેશન નંબર માટે તેમજ પોસ્ટ ઓફિસમાંથી આર્થિક દબાણને ઓછું કરવાના કામકાજમાં, સરકાર પાસેથી સહકાર મેળવી આપવા માટે **વકીલ શ્રી કાંતિલાલ શીવલાલ કાપડીયા** નો ફાળો અનન્ય છે. તેઓશ્રીની સેવાની અમે નોંધ લઈએ છીએ. અને હાર્દિક આભાર માનીએ છીએ.

"બુદ્ધિપ્રભા" વિકસે ને સમૃદ્ધ બને તેમજ વધુને વધુ વંચાતું બને તે માટે અમને સતત જાગૃત રાખનાર અને સક્રિય કાર્યકરોઃ—

શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ
" ફત્તેહચંદ ઝવેરભાઈ
" નટવરલાલ એસ શાહ
" પોપટલાલ પાનાચંદ પાદરાવાલા
" ગણેશ પરમાર

અને "બુદ્ધિપ્રભા" ના સ્થાનિક વહીવટને વ્યવસ્થિત ને સરળ બનાવનાર સહ કાર્યકર ભાઈઓને કેમ ભૂલી જવાય?

(૧) શેઠશ્રી હીરાલાલ સોમચંદ
(૨) શ્રી ચીમનલાલ અંબાલાલ ચોકસી
(૩) શ્રી શાન્તિલાલ અંબાલાલ શાહ
(૪) શ્રી પુંડરીકલાલ અમૃતલાલ ચોકસી
(૫) શ્રી બાબુભાઈ વાડીલાલ કાપડીઆ
(૬) શ્રી પ્રવિણચન્દ્ર રતીલાલ શાહ
(૭) શ્રી મનુભાઈ ચીમનલાલ ચોકસી
(૮) શ્રી રસીકલાલ મણીલાલ શાહ
(૯) શ્રી નવીનચન્દ્ર મંગળદાસ શાહ
(૧૦) શ્રી ભદ્રિકલાલ ચંદુલાલ શાહ
(૧૧) શ્રી સુરેન્દ્રકુમાર જીવાભાઈ કાપડિયા
(૧૨) શ્રી ભદ્રિકલાલ અમૃતલાલ ચોકસી
(૧૩) શ્રી રસીકલાલ ચીમનલાલ ચોકસી
(૧૪) શ્રી યશવંતકુમાર છબીલદાસ પંડિત
(૧૫) શ્રી ભરતકુમાર ચીમનલાલ શાહ
(૧૬) શ્રી કુસુમચંદ્ર કેશવલાલ શાહ
(૧૭) શ્રી જગદીશચંદ્ર કેશવલાલ શાહ
(૧૮) શ્રી રમેશચંદ્ર જયંતિલાલ કાપડિયા
(૧૯) શ્રી મનુભાઈ ચીમનલાલ ઘીવા
(૨૦) શ્રી દિનેશચંદ્ર કાન્તિલાલ ઘીવા
(૨૧) શ્રી મનુભાઈ મગનલાલ શાહ

આપ સૌનો સહકાર અવિરત મળતો રહે એ જ અભ્યર્થના— તંત્રીઓ.

# આશીર્વાદ અને અભિનંદન



"બુદ્ધિપ્રભા" માસિક પુનઃ પ્રસિદ્ધ થાય છે તે જાણી આનંદ. આપનું માસિક શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને સંપૂર્ણ રીતે વફાદાર રહી શ્રી સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્રનો પ્રચાર કરી વિશ્વના પ્રાણીમાત્રને કલ્યાણ કારી બનો એજ અભ્યર્થના.

—શ્રી કૈલાસસાગરના ધર્મલાભ

"બુદ્ધિપ્રભા" વાંચી આનંદ થયો છે. આવા સાહિત્યની ખૂબ ખૂબ જરૂર છે. તેનો વધુ વિકાસને ફેલાવો થાય એજ પ્રાર્થના........

—શ્રી જિનેન્દ્ર વિજયજીના ધર્મલાભ

श्रमण धर्मालंकृत त्रैलोक्यसागर मुनिप्रेरितम् "बुद्धिप्रभा" मासिकम् निरीक्षितम् सुंदरा प्रतिभाति किंच लेख विषयोपि स्याद्वाद दृष्ट्या, सुविचारणीयोऽस्ति ।

श्रमणोपासक मुमुक्षु जैनैः मननपूर्वक मेतत् पत्रम् अवश्यमेव पठनीयम्—

(ભાવાનુવાદઃ— પૂજ્ય શ્રમણ શ્રી ધર્માલંકૃત ત્રૈલોક્યસાગરજીની પ્રેરણાથી પ્રગટ થયેલ "બુદ્ધિપ્રભા" વાંચ્યું તે સુંદર છે. અને સ્યાદ્વાદને સમજાવતું વૈવિધ્ય સભર છે, મુમુક્ષુ જૈનોએ તે મનનપૂર્વક વાંચવા જેવું છે)

—પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક

"બુદ્ધિપ્રભા" તેના નામ પ્રમાણે લોકોની બુદ્ધિ-પ્રભામાં વૃદ્ધિ કરશે. સમાજમાં વિશિષ્ટ જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. "બુદ્ધિપ્રભા" વિકસો તેવી શાસનદેવને પ્રાર્થના.

—લાલચંદ ભગવાન ગાંધી

# જ્ઞાન સીતારો........

( રાગ- દેખ તેરે સંસારકી હાલત...... )

પાવાપુરીમાં મોક્ષ પધાર્યા, શ્રી મહાવીર ભગવાન.
મુજને આપો આત્મીક જ્ઞાન.
લબ્ધિધારી ગૌતમ સ્વામી પામ્યા રત્નનિદાન. મુજને૦ ૧

દીવાળી દિનશ્રેષ્ઠ કહાયા શીવસદન પ્હોંચ્યા વીર જિનરાયા;
ધર્મરાગી જનોના દિલ દુભાયા, અંતર ભકિત નાદ ઉભરાયા;
દ્રવ્ય દીપકની શ્રેણી માંડી મેળવવા શ્રી ભગવાન મુજને૦ ૨

ગૌતમ સ્વામી મેળવે આત્મજ્યોતિ, અંતર દીપ અજવાળે શોભે વિભૂતિ;
દૂર નાઠી ગણધરની ભવભ્રાંતિ, પ્રિય શિષ્યને બતાવી મોક્ષની કાંતિ;
તે રીતે બતાલાવો મુજને બાળક છું નાદાન મુજને૦ ૩

નૂતન વર્ષે બનું આત્મસાધક, નિરાળો રહું છોડી સંસાર માદક;
કામ ક્રોધનો બનું હું નાશક, દૂર કરૂં કાર્યો ધર્મના બાધક;
મારૂં દિલડું સાફ કરવાને માગું એકજ સાન. મુજને૦ ૪

આપની છાયામાં વાસ છે મારો રહેમ નજર રાખીને તારો;
નૂતન વર્ષે ચમકે જ્ઞાન સીતારો, પ્રગટે દીપક જ્યોત કરનારો;
જ્યોત ઝબકારે વસંત આંગણીયે, જ્ઞાન પ્રગટે દીપ્તિમાન. મુજને૦ ૫

—સા. મ. શ્રી. વસંતપ્રભાશ્રીજી.

# અંજલિ

મુંબઈમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સા. ની જયંતિ પ્રસંગે લેવાયેલી તસ્વીરઃ
મુખ્ય મહેમાન શ્રી નાથજી શ્રીમદ્જીના જીવન પર પ્રવચન કરી રહ્યા છે.



# ગૌતમ બોલે રે...

મહાવીર સ્વામિ મોક્ષે પધાર્યા ગૌતમ બોલે રે
જ્ઞાન દીપક બુઝાઈ ગયો ત્યાં.......અંતર ડોલે રે
ૐ અર્હંમ મહાવીર જીનેશ્વર જાપ જપુ હું રાતદિનેશ
હરતા ફરતા ૐ મહાવીર.......ગૌતમ બોલે રે
મોક્ષ મારગમાં જવા શું નહોતી, ગૌતમની આંખને મુકી શું રોતી
અંધારે હું અટવાઈ ગયો હા.......ગૌતમ બોલે રે
હા-હા ઠીક ઠીક મુજ હૃદયને, રાગવસે હું આથડ્યો સ્વામિ,
કોણુ છે વીરને કોણ છે ગૌતમ.......ગૌતમ બોલે રે
મહાવીર પ્રભુ મોક્ષે પધાર્યા ગૌતમ સ્વામિ કેવળ ને પામ્યા
સાચુ જ્ઞાન લીધુ ગૌતમે.......ગૌતમ બોલે રે
દેવો આવીને ઓચ્છવ કીધો, નિર્વાણુ કલ્યાણકનો લાવો લીધો
તે થકી નામ પડ્યુ દીવાળી.......'વિબોધ" બોલે રે
મહાવીર સ્વામિ મોક્ષે પધાર્યા ગૌતમ બોલે રે

સા. મ. શ્રી વિબોધશ્રીજી



## અર્પણ

મુંબઈમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સા. ની જયંતિ પ્રસંગે લેવાયેલી તસ્વીર:

અત્રે શ્રી લલ્લુભાઈ કરમચંદ મુખ્ય મહેમાન શ્રી નાથજીને શ્રીમદ્જીનો કર્મયોગ અર્પણ કરી રહ્યા છે—

# એકરાર ને ક્ષમા !........

( અત્યાર સુધીના અંક કરતાં આ અંકમાં ખૂબ જ મહેનત લીધી છે અને અશુદ્ધિઓ રહી ન જવા પામે તેની ઘણી કાળજી લીધી છે. છતાંય અનેક કારણોને લઇ અશુદ્ધિઓ રહી ગઇ છે. જે અત્રે સુધારીને મુકીએ છીએ. આ સિવાય અનુસ્વર ને માત્રાની ભૂલો નજરે ચડશે પરંતુ ટાઇપ જુના હોવાથી ઘણા પાના પર પર તે વંચાય છે અને ઘણા પાના પર તે નથી વંચાતા આથી એવી ભૂલો અત્રે સુધારી નથી. આવતા અંકથી આ અંગે ઘટતું કરીશું તો વાચકો આ માટે અમને ક્ષમા કરે. )

| પાન નંબર | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | શિર્ષક | ત્રૈલોક્સાગરજી | ત્રૈલોક્યસાગરજી |
| ૨ | ૧૦ | ભાઈઓ | ભાઇઓ |
| ૩ | ૧૬ | રોક | ક્રોક |
| ૩ | ૬ | શક્ત | શક્તિ |
| ૪ | ૮ | ન | ન |
| ૪ | ૧૭ | જે | જ |
| ૭ | જમણી બાજુ ૧૯ | બુધ્ધિપ્રભા ન | બુધ્ધિપ્રભા ના |
| ૭ | ,, ૩૪ | બીજા ન | બીજાને |
| ૭ | ,, ૩૮ | મંગલદાયી યશસ્વી | મંગલદાયીને યશસ્વી |
| ૭ | ,, ,, | બ | બનો |
| ૮ | ,, ૧૧ | જીવે | જીવ |
| ૯ | શિર્ષક | આયુર્વેદાલંકર | આયુર્વેદાલંકાર |
| ૯ | ૧૨ | ક્રમવિકાસને | ક્રમવિકાસ તે |
| ૧૦ | ૧૭ | પર્ને | પર્વ |
| ૧૧ | ૧૨ | છડા | ખડા |
| ૧૧ | જમણી બાજુ ૨૫ | જોયા છે | જુવે છે |
| ૧૪ | શિર્ષક | મહાક્રાન્તિ | મહાક્રાન્તિ |
| ,, | ,, ૬ | અત્રે ને: અહીં | અહીં ન જોઇએ |
| ૧૫ | ,, ૫ | માનવતાનર | માનવતા |
| ૧૬ | ,, ૨૦ | એની તેની | તેની |
| ૧૮ | ,, ૪ | બધા બધા | બેવડાય છે |
| ૨૧ | ,, ૨૪ | મુગુટ | મુગટ |
| ૨૫ | ૧૫ | પૌર | પૌર |
| ૨૬ | ૧૭ | કાળા | કાયા |

( નોંધઃ– ખાલી નંબરો છે તે ડાબી બાજુની કટારના સમજવા )

## વ્હાલીડા મહાવીર.....

તને દીઠે મારાં નયણાં ઠરે ઓ મહાવીર તારા ભજનથી શાંતિ મળે,
તારા ભજનનો ગુણ છે જબરો, કે ધાર્યાં કામ કરે,
તને ભજવાથી ઓ વ્હાલીડા, ભવના ફેરા ટળે... ... ... ... ...ઓ મહાવીર

અહિંસા તારી આતમ ઉજાળે, સમકિત સુખડાં મળે,
તારા સંયમના મારગડામાં, જ્ઞાનદીપ જળહળે... ... ... ... ...ઓ મહાવીર

શાસ્ત્ર તારૂં શબ્દે શબ્દે, શૂરવીરતા બળ ભરે,
ઉપદેશ તારા આગમનો તો, જીવન ઉજ્જવળ કરે... ... ... ... ...ઓ મહાવીર

વચનો તારાં અમૃત જેવાં, આનંદ ઉરમાં ભરે,
ભૂલા પડેલા પથિક જનોને, મારગ સાચો મળે... ... ... ... ...ઓ મહાવીર

શાસન તારૂં જયવંતુ છે, શ્રદ્ધા સંયમ રંગ ભરે,
તારા સ્મરણમાં ગુણ છે જબરો, કઠીણ કર્મો હરે... ... ... ... ...ઓ મહાવીર

ત્યાગ તપસ્યા જબરી તારી, જ્ઞાનનો દીપ જળહળે,
અખંડ ધારા તારી જ્ઞાનગંગાની, કલ્યાણ કંઈક કરે... ... ... ... ...ઓ મહાવીર

પૂર્વ જનમના પુણ્ય હોય તો, તારૂં શાસન મળે,
"ગણેશ" ના સ્વામિ અંતરયોર્મિ; સૌનું તું ભલું કરે... ... ... ... ...ઓ મહાવીર

—ગણેશ પરમાર

નવા વરસનો બીજો અંક નવેમ્બરની વીસમી તારીખે બહાર પડશે તેની સૌને નોંધ લેવા વિનંતી છે.

## સુધારો

અંક ૧૦-૧૧માં શ્રી હસમુખભાઈ ગોવિંદભાઈના ગ્રાહકોની નામાવલીમાં શરતચૂકથી નં. ૨૭ શ્રી ચીનુભાઈ ધનજીભાઈ મહેતા નામ રહી જવા પામેલ છે. તેમજ નં ૧-૨ નામો ખોટાં છપાયાં છે. તેની નોંધ લેવા વિનંતી છે. આ ઉપરાંત વધુ ત્રણ ગ્રાહકો તેમના પ્રેરણાથી થવા પામેલ છે.

# આભાર સ્વીકાર

કોઈપણ તત્ત્વની સંવીનતા માટે આર્થિક સદ્ધરતા અનિવાર્ય ને અગત્યની છે. એના વિના કોઈપણ સામાયિક કે પત્રનો વિકાસ શક્ય નથી " બુદ્ધિપ્રભા "ના ચાહકોએ તેનો પ્રચાર કરી યોગ્ય ઘટતું કર્યું છે. અત્યાર સુધીમાં અમને નીચે પ્રમાણેની રકમો મળી છે સૌ પ્રેરકો તેમજ દાતાઓને અમે અત્રે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. અને એવા ઉમદા સહકાર માટે આપ સૌનું અભિવાદન કરીએ છીએ.

૭૫૧) શ્રી મોતીભાઈ કલ્યાણચંદની પેઢી (કપડવંજ)
આ. મ. શ્રી કીર્તિસાગર સૂરિજીના સદુપદેશથી

૭૫૧) પંચના ઉપાશ્રય તરફથી હ. શ્રી શેઠ પાનાચંદ વૃજલાલની પેઢી. (કપડવંજ)
પં. મુનિશ્રી મહોદય સાગરજીના સ. ઉ.

૪૩૭) શ્રી વીશા શ્રીમાળી પંચ જ્ઞાનખાતામાંથી (આંતરોલી) હ. શ્રી માણેકલાલ જેઠાલાલ
મુનીશ્રી ત્રૈલોક્યસાગરજીના સ. ઉ.

૧૫૨-૫૦ પન્યાસશ્રી સુબોધ સાગરજી મ. ના સ. ઉ. (શ્રાવકો તરફથી)

૫૧) શ્રી શ્રાવિકા સંઘ, (ખંભાત) સા. મ. શ્રી જયવંતશ્રીના સ. ઉ

૫૧) શ્રી પાલિતાણા જૈનસંઘ (પાલીતાણા) સા. મ. જયપ્રભાશ્રીજીના સ. ઉ.

૫૧) શ્રી વીજાપુર શ્રાવિકા સંઘ, (વીજાપુર) સા. મ. શ્રી અમૃતશ્રીજીના સ. ઉ

૫૦) શ્રી તપાગચ્છ જૈન સંઘ, (ખંભાત) પ. પૂ. મુ. શ્રી ચિદાનંદવિજયજીના સ. ઉ.

૫૦) શ્રી ઓસવાળ જૈન સંઘ, (ખંભાત) પૂ. મુનિશ્રી સુરેન્દ્રસાગરજીના સ. ઉ.

૫૦) શ્રી સાગર જૈન ઉપાશ્રય (પાટણ) હા. મણીલાલ છોટાલાલ સા. મ. શ્રી જયપ્રભાશ્રીના સ. ઉ.

૫૦) શ્રી માણસા જૈન સંઘ, (માણસા) સા. મ. શ્રી સૂર્યપ્રભાશ્રીજી.

૨૫) શ્રી નાથાલાલ વખતચંદ તરફથી માસખમણ આદિ તપશ્ચર્યા નિમિતે (લસુંદરા)

૧૫) શ્રી લુણાવાડા જૈન સંઘ (લુણાવાડા) પૂ. મુનિશ્રી બુદ્ધિસાગરજીના સ. ઉ.

૧૧) શ્રી બાબુલાલ કેશવલાલ તરફથી અઠ્ઠાઈ તપશ્ચર્યા નિમિત્તે (લસુંદરા)

૧૧) શ્રી ગુલાબચંદ સૌભાગ્યચંદ (સુરત) સા. મ. શ્રી વિવેકશ્રીજીના સ. ઉ.

૧૧) શ્રી શ્રાવિકા બેનોનો ઉપાશ્રય, ઝાંપાની પોળ (અમદાવાદ) હ. શ્રી હીરાબેન સોમચંદભાઈ
સા. મ. શ્રી અનોપમશ્રીજીના સ. ઉ.

૧૧) શ્રી શ્રાવિકા બેનોનો ઉપાશ્રય ગોલવાડ. (અમદાવાદ) સા. મ. શ્રી કંચનશ્રીજીના સ. ઉ.

૫) શ્રી ડભોઈ જૈન સંઘ (ડભોઈ) પૂ. પં. મ. શ્રી મહિમાવિજયજીના સ. ઉ

(ચાલુ)

# બુદ્ધિપ્રભા

દીવાળી અંક (સંવત ૨૦૧૬)

તંત્રીઓ:— પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. બદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ.

વર્ષ ૧૯. ] પ્રેરક:— મુનિશ્રી કૈલાસસાગરજી [ અંક ૬૨


## ચિંતન કણિકાઓ !....

**દેવ** ! મેં માટીનું કોડીયું નહિ, જ્ઞાનનો દીપ માંગ્યો હતો. મેં રૂની વાટ નહિ, જ્ઞાનની તેજ લેખા માંગી હતી. મેં તો ચારિત્ર્યનું તેલ માંગ્યું હતું, મારા દેવ !

**દેવ** મારા ! મારે તો અંતરના અંધારા દૂર કરવા છે. રાતના અંધારાની તો મને જરાય બીક નથી.

**મને** તો પેલા દીપનો શોખ છે. જેની જ્યોત કદી બિઝાતી નથી, જેનો પ્રકાશ કદી ઝાંખો **થતો નથી**, જેનું તેલ કદીય ખૂટતું નથી; એ અમર દીપની મારે તો દીપમાળ બનાવવી છે, દેવ મારા !................

ચારિત્ર્ય **એ** મારું તેલ છે. દર્શન એ મારી વાટ છે. સમ્યક્ત્વ એ મારી દિવાસળી છે. જીવનગોખે તો હું એજ દીપ મૂકવાનો છું કારણ એ તો મારો અંતર દીપ છે.

દીવો તું એવો પેટાવ કે કદી અંધારાનું અસ્તિત્વ ન રહે.

જિંદગી ફટાકડાની એક લૂમ છે. મોહની એક જ ચિનગારી એને ફોડવા બસ છે.

એ દીપ બુઝાઈ ગયો. પણ એનો પ્રકાશ આજેય અંધારા ઉલેચે છે. મહાવીર એક એવો જ્ઞાનદીપ હતો જેની જ્યોત આજે પણ વિલાઈ નથી.

બને તો અંધારાનો સાથી બનજે. દીપ થજે, પેલો દારૂ બનેલો ફટાકડો તો હરગીઝ ન બનીશ.

દીવાળી એટલે જૂનું ચૂકતે ને નવો હિસાબ! જીવન પણ એક વેપાર છે. વૃત્તિઓની એ લેણદેણ છે. દેવું ભરપાઈ કરીને નવો ચોપડો શરૂ કર દેવું રાખીને નવું વરસ ન ઉજવાય.

જો દીવાળી આવે છે, નવા વરસનો એ કોઈ નવલ સંદેશ લાવે છે. રંગોળી કર, સાથિયા પુર. મૈત્રી, પ્રમોદ, અનુકંપા ને માધ્યસ્થના રંગો પૂર; દીવાળી તારી દીપી ઊઠશે; જીવનમંદિર તારું રોશનીથી ઝગમગી ઊઠશે...............

પ્રભો! બસ હું તો આટલું જ માંગું; હું જીવનદીપ બની જઉં.

દેવ! તું આજ ખુશ છે નહિ? તો બસ મને એક પેલો નાનો જ્ઞાનદીપ દઈ દે. તેમાંથી તો પછી હું હજારો દીવડા પ્રગટાવી દઈશ

મને ચાર દિવસની નહિ; હંમેશની દિવાળી ગમે છે મારા દેવ!

એ દીપ નથી તો જિંદગીમાં હંમેશ કાળી ચૌદસની રાત છે.

# જાગ ! ઓ વીરના સપૂત ! જાગ !

લે. ચિત્રભાનુ

ઓ પ્રતાપી પૂર્વજોના સપૂત ! જાગ ! ઊભો થઈ જા ! જરા આંખ ખોલીને તો જો ! તારી જ નજર સામે દીન, હીન, અનાથ અને ગરીબ માનવો અન્ન વિના ટળવળતા હોય, ત્યારે તું ત્રણ ટંક સુંદર અને સ્વાદિષ્ટ ભોજન, ઠંડે કલેજે કેમ આરોગી શકે ?

તારી બાજુમાંજ વસતા તારા બંધુઓને લાજ ઢાંકવા પૂરતું વસ્ત્ર પણ ન મળતું હોય, ત્યારે તું દયાવાન કહેવાતો, સુંદર વસ્ત્રોમાં સજ્જ બની મહાલી કેમ શકે !

તારા જ ભાઈઓ વેર, ઝેર, દ્વેષની મહાજ્વાળામાં સળગતા હોય, ત્યારે તું વિલાસ ને વિનોદની માદક શય્યામા પોઢી કેમ શકે !

આ જોતાં તારું ખૂન આજે વિલાસની જડતાથી ઠંડું પડી ગયું છે, એમ તને નથી લાગતું ? તું તારા પુનિત પિતાશ્રી મહાવીરના સિદ્ધાંતોનો દ્રોહ તો નથી કરતો ને ! તારા હાથે આવું ક્રૂર પાપ થાય એ હું ઇચ્છતો નથી. હું તો ઇચ્છું છું તારા અમર વિજયને !

કારણ કે તું જૈન છે ! તારી પાસે અહિંસા અને સત્યની બે પાંખો છે: અહિંસા અને સત્ય રૂપી આ બે પાંખો કપાઈ જતાં તું જૈન મટી "જન" બની જઈશ ! તારી શોભા આ બે દિવ્ય પાંખોમાં જ છે. આ બે પાંખો તને શ્રેષ્ઠ બનાવનારી છે ! તને ગગનવિહારી બનાવનારી છે !

આ અહિંસા અને સત્યની પાંખોથી તું હિંસાના ભડકાથી સળગતી આ દુનિયા પર પરિભ્રમણ કરી શકીશ, વિશ્વને પ્રેમ ને શાંતિનો સંદેશ પાઠવી શકીશ, શાન્તિનો દૂત બની શકીશ, માટે સાવધાન થા ! આ બે પાંખો કપાઈ ગઈ તો સમજજે કે તું પંગુ છે, લંગડો છે. તારી આ બે દિવ્ય પાંખો પ્રમાદથી રખે કપાઈ ન જાય, માટે જાગ્રત બન ! ઝોલાં ખાવાં છોડી દે ! આમ બગાસાં ખાધે ને નિર્માલ્ય જીવન જીવે મુક્તિ નહિ મળે ! મુક્તિ મેળવનાર શ્રી મહાવીરને તું યાદ કર. એણે કેવાં મહાન શુભ કાર્યો કર્યાં હતાં ! જે— જેણે ધૈર્યપૂર્વક નર-પિશાચનો સામનો કરી, ભયથી ભીતિ પામેલાને નિર્ભય બનાવી અને માનવમાં રહેલી અપૂર્વ શક્તિનો પરચો બતાવી મહાવીરપદ હાંસલ કર્યું હતું.

જેણે સંવત્સરી દાન દઈ, અઢળક સંપત્તિ વરસાવી ને દીન, હીન, અનાથ, અને ગરીબોને યથાયોગ્ય દાનવડે સુખી બનાવી દાનવીરપદ વિભૂષિત કર્યું હતું.

જેણે વૈભવોથી છલકાતા રાજમંદિરને છોડી, પ્યારા પ્રિયજનોથી વિખૂટા પડી, અને મહા મોહનો પરાજય કરી ત્યાગવીર પદ સુશોભિત કર્યું હતું.

જેણે ગિરિકન્દરાઓમાં ધ્યાન મગ્ન રહી, વાસનાઓનો નાશ કરી અને ઇંદ્રિયો પર વિજય મેળવી શૂરવીર પદ શોભાવ્યું હતું.

જેણે અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ અને અકિંચનત્વને પોતાના જીવનમાં વણ્યાં. એણેજ પ્રચાર આજીવન કરી અને માનવતાની પ્રેમ મહેકાવી ધર્મપીઠને અલંકૃત કર્યું હતું. એજ નરવીરનો તું પુત્ર !

જેના નામથી પ્રેરણાનો દીપક પ્રગટે, એ મહાવીરનો પુત્ર બની, તું કાયમ નિર્માલ્ય જીવન જીવે, એ તને શોભે ખરું ? પ્રાણવાન થા ! તારા નિર્માલ્ય જીવનમાં મહાપ્રાણ ફૂંક !

તારા પ્રબળ વિજયના ડિંડીમ વાગે એવી જય ઘોષણા કર. આપના પડઘા ગાજી જાય, એવું તેજ તારી આંખમાં લાવ. હિંમત ને ઉત્સાહથી આગે કદમ ભર. તારી અનંત શક્તિઓનો પરચો જગત ને બતાવ. પ્રભુ મહાવીરના સિદ્ધાન્તોને અત્યન્ત નિશ્ચય પૂર્વક જીવનમાં ઉતારી એમને અમર બનાવ! ખાલી વાતો કર્યા ના કર.

અત્યાર સિદ્ધાન્ત આપણાથી કાંઈ નવો તેમ નથી. એનો નિર્મોહ આત્મા રાગદ્વેષી-સાંભળીને પ્રભુ તારી વાતો ! માટે અંધા-ધૂંધળા હાથ કરવા મૂકી દે અને એવું આચરણ કરી બતાવ કે તારું નિર્મળ ચારિત્ર્ય જોઈ દુનિયા દિગ્મૂઢ બની જાય !

કદી શિથિલ થઈશ. જીવન-વિકાસમાં નડતર કરતી વાસનાઓ અને જ્ઞાનરોધક વાસનાઓના સમૂહનો નાશ કર ! આ તારા વિકાસના માર્ગમાં અંતરાય કરનારને ઉખેડી ફેંકી દે. જરા પણ અસાવધાન નહિ. પ્રમાદી બનજે નહિ, કોઈની શેહમાં તણાતો નહિ. જા ! એક પગલાં પણ આગળ કર્યા વિના અહિંસા ને સત્યના સિદ્ધાન્તોને વિશ્વમાં વિકસાવવાનાં તારા આ મહાકાર્યમાં લાગીજા. પણ યાદ રાખજે ! નૈતિક સંયમથી બરાબર કાર કસીને જ આ માર્ગે પ્રયાણ કરજે. સંયમમાં જરા પણ શિથિલતા ન પ્રવેશી જાય, તે માટે પૂર્ણ કાળજી રાખજે. વાસનાઓ તારા પર વિજય ન મેળવી જાય તે માટે ચારિત્ર્યના મજબૂત કિલ્લામાં રહીને અવિરત જાગૃતિ પૂર્વક જીવન-વિકાસના આ મહાપંથે વિહરજે.

વીજળીના ચમકારા થાય; વિપત્તિના વંટોળીઆ વાય; બંદુકના કાન ફોડી નાખે એવા કડાકા ભડાકા થાય; પ્રલયના મેઘની ગર્જનાઓ થાય, તો પણ તારા નિશ્ચિત પંથને છોડીશ નહિ. નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચતાં પહેલાં એક ડગલું પણ માર્ગથી ખસવું એ મહાપાપ છે. એ દિવ્ય સંદેશને ભૂલતો નહિ ! વિશ્વમાં એવી કોઈ શક્તિ નથી કે જે તારા નિશ્ચિત ધ્યેયથી તને ચલિત કરે; તારી વિરાટ શક્તિઓ તરફ જગત પણ તને માર્ગ આપશે. આ કલ્પના નથી, વાક્ચતુરતા કે લેખનકળા નથી; પણ કેવળ સત્ય છે, નક્કર છે, વાસ્તવિક છે, આવું બન્યું છે, બને છે; અને બનશે; માત્ર શ્રદ્ધા-ની જ આવશ્યકતા છે. વિજયશ્રી આત્મશ્રદ્ધાવાન મહામાનવને જ વરે છે.

આ માર્ગમાં કાંટા પણ છે ને કીચડ પણ છે; કાંટાથી કંટાળી ન જવાય, કીચડમાં ખૂંપી ન જવાય તે માટે સચેત રહેજે. વિપત્તિના સમયમાં તારા આત્માની અનંત વિરાટ શક્તિઓને જે યાદ કરજે ! તારી વીર ગર્જનાથી વિપત્તિઓ કંપી ઉઠશે, કાંટા ધ્રૂજી ઉઠશે, વાસનાઓ બળીને ખાખ થશે, અંધકાર નાશ પામશે, અનંત પ્રકાશથી ઝગમગતો દીપક તારા પથમાં પ્રકાશ પાથરશે. અને પ્રકૃતિ મધુર સ્મિત કરી તારું સુસ્વાગતમ્ કરશે !

પ્યારા બાહુબલી ઓ વીર આત્મન્ ! અધિક તને શું કહું ? તારું વિરાટ સ્વરૂપ વિશ્વને દેખાડ ! બહાદુર, શક્તિઓના ભંડાર આત્મન્! તારી શક્તિઓના ભંડારમાંનું એક અમૂલ્ય રત્ન વિશ્વના ચોગાનમાં મૂક!

પ્રકાશના વિશ્વનાથ પ્રિય આત્મન્ ! તારા શાશ્વત પ્રકાશનું એક નાનું કિરણ અહીં પાથરી દે ! વિશ્વ તારા જ્વલંત પ્રકાશ માટે ઝંખી રહ્યું છે. પોતાના પુત્રની આ હાક નાદ કરે તો કોણ દયા કરશે ?

માટે આજેજ દીપાવલીના પવિત્ર પર્વના દિવસે અણુવ્રત નિશ્ચય પૂર્વક ગ્રહણ કરી વિજય પ્રાપ્ત કર !

# કાળની સંધ્યાએ....

(તંત્રી લેખ)

આજથી મંઝિલની કોઈ ચોક્કસતા ન હતી. ક્યાં છે એની ખબર ન હતી. કેવી છે એનો કોઈ ચિતાર ન હતો. ત્યાં શું હશે, એની વાટમાં શું આવશે એની કોઈ જ જાણ ન હતી. બસ એક જ ખ્યાલ હતો. એ મંઝિલ છે ને આમારે જવું છે.

કહેવાય છે જવાની ગાંડી છે. શૈશવ નાદાન છે. પણ એના ગાંડપણમાં ઉત્સાહ છે, એની નાદાનીમાં આવેગ છે. ફરક માત્ર આટલો જ છે. એના ઉત્સાહમાં ઊર્મિઓનો ઉન્માદ છે, લાગણીઓનો નશો છે. જ્યારે નાદાનીમાં પવિત્ર ભોળાપો છે, ઉત્કંઠા છે. અજાણ્યુ તત્ત્વ પ્રત્યેનું તેમાં અજબ આકર્ષણ છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીના અપૂર્વ કવનને ઘરે ઘરે પહોંચતુ કરવું એ એક મંઝિલ હતી. અને એ મંઝિલે પહોંચવાનો આમને આ. મ. શ્રી કીર્તિસાગરજીનો આદેશ હતો. મંઝિલ નક્કી થઈ ગઈ. વાટ પકડી લીધી. ચાલવું શરૂ કર્યું.

નવો પ્રદેશ હતો, અણજાણ્યો પંથ હતો. નવું જોવાની, જોઈને નવું બનાવવાની ઉમ્મીદ હતી. ઉમંગો હતા, આવેગ હતો, પણ અનુભવ નહતો, હથોટી નહતી. નાદાન હતા. પહોંચી જવું, જલ્દી પહોંચી જવું એવી ઉતાવળ હતી, શરૂ કરવું, આજેજ શરૂ કરવું એવી એક ધૂન હતી.

અને "બુદ્ધિપ્રભા"નું પુનઃ સંસ્કરણ થયું. અમે વેપારી સાથે તંત્રીઓ બન્યા. જ્ઞાનની મુડી ચોક્કસ હતી, ક્ષેત્રને અનુરૂપ દૃષ્ટિ હતી. પણ વ્યવહાર નહતો, અનુભવના આંક અમને આવડતા ન હતા.

અને કલમની કેડીએ "બુદ્ધિપ્રભા"નું ભાથુ લઈ અમે સફર શરૂ કરી. સફરમાં વિઘ્નો ન આવે તો એ સફર શાની? અમારી તો જીવનની આ પહેલી જ સફર હતી. આ ક્ષેત્રનો તડકો અમે પહેલી જ વાર જોતા હતાં. આ પ્રવાસમાં અમે ઘણું ઘણું જોયું. સરકારી માથાકૂટ જોઈ. જુદા જુદા માણસોના વિચિત્ર અનુભવ કર્યાં, યંત્રોની પરવશતા અનુભવી, નવા વહીવટની રમુજ પણ જોઈ અને ડચુક ડચુક કરતો આજ બાર માસનો પ્રવાસ કર્યો. પ્રવાસ હજુ પણ ચાલુ જ છે.

અને "પ્રવાસી અમે સૌ એક નૌકાના" એ ન્યાયે અમારા સહપ્રવાસીઓને અમે અમારા બીન અનુભવ ને આ ક્ષેત્રના અવ્યવહારુપણાને લીધે અગવડમાં પણ મૂક્યા. પરંતુ તેમની સૌજન્યતાના મીઠા સંભારણાં અમે કેમ ભૂલી શકીશુ !.........

તંત્રીઓનું કામ તો માત્ર આવેલા લેખોનું આયોજન કરવાનું હોય છે. બહુ થાય તો એ જવાબદાર લેખ લખતા હોય છે. અને પત્રની નીતિ જાળવતા હોય છે. ખરુ કામ તો એમના સાથેના કાર્યકરો કરતા હોય છે આવેલા પત્રોના જવાબ આપવા, લેખો વાંચવા, સુધારવા; પ્રુફ વાંચવું, સુધારવું, સર્જનને અનુરૂપ બ્લોકો બનાવવા, કાગળો

(અનુસંધાન પાન ૭ ઉપર)

અનુસંધાન પાન ૧૩ નું ચાલુ......

ભગવાનના જીવનથી મને જે મળ્યું, એનાથી વિશેષ મને એમના મૃત્યુથી મળ્યું !"

"એમ કેમ !" ઇંદ્રરાજ જ્ઞાનીની આ વાત સમજી ન શક્યા.

"સાંભળો, ભગવાન પર મને મોહ હતો. એમની આત્મિક પૂજાને બદલે મેં દેહપૂજા આદરી હતી. એમની દેહ છબીનાં દર્શન વિના હું રહી શકતો નહતો, એ મારો મોહ હતો ! મારો રાગ હતો !

કેવો સુંદર મોહ ! કેવો પ્રશંસનીય રાગ !

"મોહ ગમે તેવો સુંદર હોય, પણ આખરે તો મોહજ ને ! એ મોહમાં હું બેઠો રહ્યો ને નાના સાધુઓ કામ સાધી ગયા. ભગવાન મને વારંવાર કહેતા કે ગૌતમ ! નિરાલંબ બન આલંબન માત્ર છોડી દે ! આંતર દુનિયા તરફ જા ! ત્યાં ગુરુશિષ્ય કોઇ નથી. પણ મને કંઇ ન સમજાયું." ગુરુ ગૌતમ થોડીવાર થોભ્યા, તેમના મુખ પર આનંદ છવાયો હતો. માણસનું મુખ એના અંતરનો અરીસો છે.

ગુરુ બોલ્યાઃ "મહાવીરના દેહપરનું મારું મમત્વ મને રડાવી રહ્યું હતું. હું વિચારતો હતો કે પ્રભુએ છેલ્લી ઘડીએ મને કેમ અળગો કર્યો ? એ ગૂંચ ઉકેલાઇ ગઇ ને હું હસી પડયો. મારા અંતરમાં હજાર હજાર સૂરજનાં અજવાળાં પથરાઇ ગયાં છે. પ્રભુએ પોતાનું વચન પાળ્યું. એ કહેતા કે ગૌતમ ! તું ને હું સાથે સિધ્ધ થઇશું એ સિધ્ધિ વર્યા; મારી સિધ્ધિ નિશ્ચિત થઈ ગઈ."

મેદની જય જયકાર કરી ઉઠી "કેવળ જ્ઞાની, મહાજ્ઞાની ગુરુ ગૌતમનો જય !"

પૃથ્વીના પટ પર નૂતન વર્ષનો (કારતક સુદ ૧નો) સૂરજ ઉગતો હતો. ગુરુ ગૌતમ બોલ્યાઃ

"જગદીપક મહાપ્રભુએ પ્રગટાવેલી જ્યોતિ સર્વની હો !"

## શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રચારક ઇનામી નિબંધ યોજના

ઉપરોક્ત મંડળ તરફથી "અધ્યાત્મ અને યોગ" અથવા "આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું જીવન અને કવન" આ વિષયો પર ઇનામી નિબંધો માગવામાં આવે છે, ઇનામી નિબંધોમાંથી સૌથી શ્રેષ્ઠ નિબંધના લેખકને રૂા. ૧૦૦) નું પ્રથમ પારિતોષિક અપાશે. આ ઉપરાંત બીજું ઇનામ રૂા. ૫૦) ત્રીજું રૂા. ૨૦) ચોથું ઇનામ રૂા. ૧૫) અને પાંચમું ઇનામ રૂા. ૧૦) એ પ્રમાણે આપવામાં આવશે, નિબંધ કાગળની એક બાજુએ લખવો. અને તે આશરે ૨૫૦૦, શબ્દોનો હોવો જોઇએ પરંતુ ૩૫૦૦, શબ્દોથી વધુ ન હોવો જોઇએ. લેખકોને માર્ગદર્શન માટે આચાર્યશ્રીના પુસ્તકો વાંચવા માટે શ્રી બુદ્ધિસાગર જ્ઞાન મંદિર–વીજાપુર અથવા મંડળની ઓફીસ મારફતે મળી શકશે. અને જે લેખકોને આ પુસ્તકો ખરીદ કરવાં હોય તેમને ૨૫% ની ઓછી કિંમતે આપવામાં આવશે.

મંડળની કાર્યવાહક સમિતિએ નિયુક્ત કરેલ પરીક્ષકોનો નિર્ણય આ નિબંધો અંગે છેવટનો ગણાશે અને પરિતોષિક પાત્ર નિબંધોના સર્વ હક્ક આ મંડળના રહેશે. નિબંધ માટેની છેલ્લી તારીખ ૩૦–૧૦–૬૦ છે તે તારીખ પહેલાં લેખકોએ પોતાના નિબંધોને શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ C/O મંગળદાસ એન્ડ કું, ૩૭૫ કાલબાદેવી રોડ મુંબઈ ૨, એ સરનામે મોકલાવી આપવા.

લી. મંત્રીઓ

(નોંધઃ લેખક ભાઇબહેનોએ શ્રીમદ્જીનાં કયાં કયાં પુસ્તકો વાંચ્યાં છે તેની એક યાદી નિબંધ સાથે લખી મોકલવા વિનંતી છે.)

વગેરેની પસંદગી કરવી, અંકોના સરનામાં કરવાં, ગ્રાહકોને એ અંકો વ્યવસ્થિત ને નિયમિત મોકલવા સામાયિકનો પ્રચાર કરવો, એના ગ્રાહકો બનાવવા જાહેરાતો મેળવવી, લેખો ભેગા કરવા. વગેરે આ અને બીજા કામો એક સામાયિક શરૂ થાય ત્યારે અનિવાર્યપણે કરવાના હોય છે. અને એ બધા જ કામો અમારે કરવાના હતાં.

આ સામાયિક કોઈ ધંધાકીય દૃષ્ટિથી કે નફો કરવાના હેતુથી શરૂ નહોતું કર્યું. જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની ગંગા અસ્ખલિત વહેતી થાય અને તેમાં સ્નાન કરી સૌ પાવન બને એવા નિર્વ્યાજ આદર્શથી જ એની શરૂઆત કરી હતી. અને શાસનદેવની કૃપાથી અમને એવા સેવાભાવી કાર્યકરોનું જુથ પણ મળી ગયું હતું. એમની એ નિર્વ્યાજ સેવા "બુદ્ધિપ્રભા"ના વિકાસમાં અવિસ્મરણીય બનશે. પોતાના વેપારમાંથી છૂટી થઈને, કામમાંથી ફુરસદ કાઢીને, અભ્યાસમાંથી સમય બચાવીને, પરગામમાં પ્રચારક બનીને ઘણાએ "બુદ્ધિપ્રભા"ના વિકાસમાં પોતાનો અનન્ય ફાળો આપ્યો છે. અમે તે સૌ ભાઈબેનોનો અત્રે હાર્દિક આભાર માનીએ છીએ (અન્યત્ર તેઓના નામોની યાદી આપી છે જે વાંચકોને વાંચવા વિનંતી છે.)

"બુદ્ધિપ્રભા"ના સંચાલનમાં અમને વધુ જો કોઈએ મુઝવ્યા હોય અને અગવડમાં મુક્યા હોય તો તે છાપખાનાઓ (PRESS) એ. ખંભાતમાં અમને પ્રેસની અનેક અગવડો હતી. બીજું સામાયિક અંગે જે સાહિત્ય જોઈએ તેનો પણ અમારી પાસે અભાવ હતો. આથી ખંભાતનું પ્રેસ છોડી અમે આણંદ પ્રેસમાં છપાવવું શરૂ કર્યું. પણ ત્યાંય "ઘરના દાઝયાં વનમાં ગયા ને ત્યાંયે લાગી આગ" એવું બન્યું. પ્રેસ આણંદમાં ને તંત્રીઓ તેમજ વ્યવસ્થાપકો ખંભાતમાં. આમ અંતર પડી ગયું. આથી પ્રૂફમાં દોષો રહી જવા પામ્યાં. અવારનવાર ત્યાં જઈ સ્થિરતાથી રહી શકવાના સમયના અભાવે અશુદ્ધિઓ, અનિયમિતતા, અને બીજી અગવડો ઊભી થઈ, જે બધું જ અનિવાર્ય હતું.

બીજું "બુદ્ધિપ્રભા"ના સંચાલન માટે અમારી પાસે એવું કોઈ મોટું ફંડ નહતું. યોજના નહતી. આથી કાર્યાલયને જરૂરી એવા સાધનોનો પણ અભાવ હતો. અમારી પાસે માત્ર ઉત્સાહ ને કંઈક શુભ કરવાની તમન્ના જ માત્ર હતી. અને તેના બળ વડે જ અમે ઘણી મુશ્કેલીઓ પાર કરી છે. અલબત્ત, ઘણા ગ્રાહકોની ફરિયાદ આવતી હતી, તે વ્યાજબી પણ હતી. પરંતુ સંજોગો ને હકીકત આગળ અમે મજબૂર હતા. આથી અમારી એ મજબૂરીને લીધે કોઈને પણ કંઈ કડવાશ કે દુઃખ અનુભવવું પડયું હોય તો અમે ક્ષમા માંગીએ છીએ.

હવે "બુદ્ધિપ્રભા"ની નીતિની થોડી વાત કરી આ લેખ પૂરો કરશું.

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન લોકભોગ્ય બને અને જૈનો સિવાય બીજા પણ એને સમજી શકે એવા કંઈક પ્રયાસો કરવાની ખૂબજ જરૂર છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ એવા પ્રયાસો કરેલા એ અંગેનું તેઓશ્રીએ વિપુલ સાહિત્ય પણ સર્જ્યું છે. તેઓશ્રીના એ આદર્શો ને મૂર્ત કરવાનો "બુદ્ધિપ્રભા"નો પ્રયાસ છે એ મૂર્ત કરવામાં અમે કેટલાં સફળ થયા છે એ એક જુદો સવાલ છે. પરંતુ એ દિશામાં જવાનો અમારો પ્રયાસ જરૂર છે. અલબત્ત, વાચકોને વાર્તા વધુ ગમે છે. એની માગ પણ એટલી જ જબરી છે. પરંતુ સાદી ભાષામાં રજુઆત પામતું તત્ત્વજ્ઞાન પણ એટલું જ જરૂરી છે. આથી માત્ર વાર્તા સામાયિક ન બનાવતાં અમે "બુદ્ધિપ્રભા"માં લેખો, વાર્તા, કાવ્યો પ્રેરક પ્રસંગો સ્વીકારવાનું રાખ્યું છે. એ વિષયમાં વધુ રોચકતા આવે, વૈવિધ્ય આવે ને રસ પડે એવું સંયોજન કરવા અમારી તૈયારી છે જ. અન્યત્ર એ અંગે આપના વિચારો માંગ્યા છે. તો નિખાલસ ભાવે જરૂરથી તેના યોગ્ય જવાબ આપશો. ઘટતું ને શક્ય કરવા અમે હંમેશ તૈયાર છીએ.

પરંતુ "બુદ્ધિપ્રભા"ના વિકાસના આધારભૂત અંગો તો વાચકો છે. એ જેટલા જાગૃત બનશે તેટલો જ વિકાસ "બુદ્ધિપ્રભા"માં થવાનો છે. વાચકોના સાથ ને સહકાર વિના, પ્રેરણા ને પ્રોત્સાહન વિના "બુદ્ધિપ્રભા" આગળ નજ વધી શકે આથી 'બુદ્ધિપ્રભા' આપ વાંચીને, બીજાને વંચાવતા કરી, તેના ગ્રાહક બનાવી તેની વિકાસ-ઝડપને વધારવા સૌ ભાઈબેનોને હાર્દિક વિનંતી છે.

અંતમાં નૂતન વરસ આપને સુખી ને સમૃદ્ધ, મંગલદાયી બનાવી રહો એજ અભ્યર્થના.

# ચોપડો બોલે છે...

લે. મણીલાલ હાકેમચંદ ઉદાણી
એમ એ. એલ એલ બી, એડવોકેટ

(શ્રી ઉદાણી આપણા "બુદ્ધિપ્રભા"ના અનન્ય ચાહક છે. એની શરૂઆતથી તેના વિકાસમાં તેઓશ્રીએ ઊંડો ને સક્રિય રસ લીધો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીના તેઓ અભ્યાસી ને ભક્ત છે. અને પારિભાષિક ને સાંપ્રદાયિક ભાષામાં લખાયેલા આપણા જૈનધર્મના સાહિત્યને લોકભોગ્ય બનાવવા તેઓશ્રીની ખૂબ જ તમન્ના છે. એવી જ લોકભોગ્ય ને જનતાની ભાષામાં પીરસાયેલો વીરનો સંદેશ અહીં આપણને ઘણું શીખવી જાય છે.......તંત્રીઓ.)

જીવનનું સાચું સરવૈયું તેનું નામ દિવાળી. તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ આ દિવસે નિર્વાણ પામ્યા તેથી સમગ્ર ભારતમાં આ પર્વને મહાત્મ્ય આપવામાં આવ્યું અને તેની ઉજવણી ઘેર ઘેર થાય છે. શ્રી મહાવીર પ્રભુની યાદગીરી રાખવા માટે આ શુભ દિવસે લોકો સારું સારું ખાય છે, સારા કપડા પહેરે છે છોકરાઓ ફટાકડા ફોડે છે, રાત્રે ઘેર ઘેર ઘણા દીવા કરવામાં આવે છે અને કેટલાક ચોપડા પૂજન કરે છે. એવી રીતે આપણે આ ઉત્સવ ઉજવીએ છીએ. પરંતુ તે ખરી ઉજવણી નથી. તે તો વહેવાર છે.

મહાવીર પ્રભુના રસ્તે ચાલી તેમણે જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રાપ્ત કરી, સંયમ લઈ ત્યાગ અને વૈરાગ્ય આત્માની અંદર ઉતારી મોક્ષ પ્રાપ્ત કર્યો અને લક્ષ ચોરાસીના ફેરામાંથી મુક્ત થઈ ગયા. તેવી રીતે તેમના જીવનના અનંત સુખો મેળવી, તેમણે લખેલા સુત્રો વાંચી, મનન કરી આત્મામાં ઉતારીએ તોજ આપણી ખરી દિવાળી થઈ તોજ જીવનનું ખરું રહસ્ય પ્રાપ્ત કર્યું, નહીંતો બધું ફોગટ છે.

આ દિવસે વેપારીઓ જમા ઉધારના સરવૈયા કરે છે કેટલું મેળવ્યું અને કેટલું ગુમાવ્યું તેનો હીસાબ કરી બાકી કાઢે છે અને લક્ષ્મી પૂજન કરે છે. તે વહેવારમાં આવતા વર્ષમાં લક્ષ્મી વધારે કેમ મળે તેનીજ પ્રાર્થના કરવામાં આવે છે. આ સાચું સરવૈયું નથી. આમાં જન્મ મરણના ફેરા છુટવાના નથી. આતો કર્મનો બંધ વધારવાનો રસ્તો છે.

આત્મા અનાદિ અનંત છે. અવિનાશી તત્વ છે. સંપુર્ણ જ્ઞાનથી ભરેલો છે. પરંતુ તેના આડા કર્મના આવરણો પડયા છે. અને તેથી તે શુધ્ધ સ્વરૂપને જોઈ શકતો નથી. અનાદિથી આત્મા અને દેહનો સબંધ થયો છે અને કર્મના બંધન પ્રમાણે તે જીવે દેવતા, મનુષ્ય, તીર્યંચ અને નારકીના અવતારો કરે છે. અને પુણ્ય તથા પાપના બંધ મુજબ દેહનો સબંધ ચાલુ રહે છે અને સાતા અને અસાતા કર્મના ઉદય મુજબ ઘણા સુખ અને દુઃખ આ જીવે ભોગવ્યા પરંતુ ખરૂં સુખ મેળવ્યુ નહિ તેવી સ્થિતી દરેકની છે, માટેજ ખરૂં સરવૈયુ કાઢવુ જોઈએ. નવા કર્મને આવતા અટકાવી, ગામલા કર્મની નિર્જરા કરી આત્માને સરવરૂપ અને સ્વભાવભાવમાં રાખી શકીએ તો જુના કર્મને બાળી નાખી પ્રારબ્ધ ભોગવીને લક્ષ ચોરાસીના ફેરામાંથી છુટીએ, સ્વરૂપનો મહોત્સવ કરીએ અને

( અનુસંધાન પાન ૧૮ )

# દીપાવલી એક અધ્યયન

લે. પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક, ( આયુર્વેદાલંકાર ).



( બુદ્ધિપ્રભાના વાંચકોને શ્રી યાજ્ઞિકનું નામ હવે અજ્ઞાત તો નથી જ. આ વરસમાં એમણે અનેક જ્ઞાન ઝરણાં વહાવ્યાં છે. દીવાળીનો આનંદ તો, સૌ સૌની રીતે માણશે જ. પણ એકલો આનંદ જ બસ નથી. આ પર્વની પાછળનું રહસ્ય, એનું તત્વ, આ કારણથી દીવાળી ? આ બધું જાણવું પણ જરૂરી છે, અનિવાર્ય છે. ખૂબ જ ચર્ચા કરતો ને પરધર્મીની કલમે લખાયેલો જૈન દ્રષ્ટિની દીવાળી સમજાવતો આ લેખ તમારે વાંચવો જ રહ્યો— તંત્રીઓ )

ભારતમાં લૌકિક પર્વો મનાય છે. ત્યારે જૈન સમાજ વિશેષતઃ લોકોત્તર પર્વને આદર આપે છે. એ દ્રષ્ટિએ દીપોત્સવી પર્વ જૈન સમાજની જેવો માટે લોકોત્તર પર્વ છે. પરંતુ જૈન સમાજની જૈન સાહિત્ય પ્રતિની રુચીભૂતભાવઃ જેવી થવાથી લોકોત્તર પર્વનાં રહસ્યને જાણવા સમજવા કે જીવનમાં ઉતારવાની ઇચ્છાજ નથી. તેથી જૈન સમાજમાં પણ લૌકિક પર્વનુંજ સ્થાન તે દુઃખનો વિષય મનાય.

લોકોત્તર પર્વ જીવન વિશુદ્ધિનું ઘડતર કરવાનો અમૂલ્ય સંદેશો આપે છે. અને તે સંદેશામાં જેને જૈન દર્શન ગુણસ્થાન કહે છે તેને શાસ્ત્રીય ભાષામાં 'ક્રમ વિકાસ' કહે છે. તે ક્રમવિકાસને પુરુષાર્થનો સંદેશો છે. સંદેશામાં મુખ્ય વસ્તુ એજ હોય છે કે "હિંસાકર્મથી દૂર રહો.

हिंसा विध्धं सुखं सर्वमैहिकं प्रति भातिमे ।
हिंसित्वा चेत्सुखं भूयात् तत्सुखाय नमोस्तुमे ॥

"આ વિશ્વનું ભૌતિક સુખ વિચારદ્રષ્ટિએ મને હિંસાથી વેધાયેલું લાગે છે. તો હિંસા કરીનેજ જો સુખ મળતું હોયતો તે સુખને મારા (દૂરથી) નમસ્કાર હો !"

આ લોકોત્તર પર્વની કરોડરજ્જુ સમું સૂત્ર જૈન સમાજને સ્મરણ કરાવે છે કે જૈન કુળમાં જન્મ પછી શ્રાવકાચારમાં જે રૂચી પ્રકટે એટલે વ્યવહારની અનેક વિધ પ્રવૃત્તિઓમાં જ્યાં-જ્યાં હિંસા થવાનો સંભવ હોય તે તો વ્યવહારને ત્યજવા પ્રયત્ન કરે છે. આ પ્રયત્નનો પ્રારંભ પ્રથમ દેશ વિરતિની પરીક્ષા ઉત્તીર્ણ કરી સમય પ્રાપ્ત થતાં સર્વવિરતિ થાય છે. અને કેવલ જ્ઞાન પ્રાપ્ત કરવા પરમ પુરુષાર્થ કરે છે. જે કેવલ જ્ઞાન ગૌતમસ્વામીએ પ્રાપ્ત કર્યું છે તે ગૌતમસ્વામીનાં જીવન ઘડતરનો આદર્શ. જૈન સમાજે દીપોત્સવી પર્વમાંથી સમજવાનો છે.

આજે જગતની પ્રત્યેક પ્રજા પોતાનાં દેશ, કાળ, વાતાવરણ તથા સમયાનુકૂળ પ્રસંગોને ઉત્સવ રૂપ માને છે. અને તે દિવસોને મંગલરૂપ સમજીને સ્વજન, આપ્તજન તથા સંબંધીઓ સાથે મળીને સામુદાયિક સવિશેષ આનંદ અનુભવે છે, આવા ઉત્સવોમાં મોહદષ્ટિ મુખ્ય હોય છે.

પ્રત્યેક વર્ષનાં આરંભે, પ્રત્યેક માસે, પ્રત્યેક ઋતુમાં ઉત્સવના (પર્વ) દિવસો નિર્ણય કરેલા હોય છે. તે દિવસોની વિશેષતા માની પોતાના માની લીધેલા દેવોની આરાધના કરીને; સંપ્રદાયમાં સ્વીકારેલા વિધિક્રમાનુસાર વ્રતોનું પાલન કરીને; વિવિધ સંસારી કામનાઓ જેમકે ધન, બલ, યશ, આરોગ્ય, આયુષ્ય, પ્રતિષ્ઠા, સંતતિ આદિ ભૌતિક (લૌકિક) સંપત્તિ પ્રાપ્ત થવાની ભાવના કરે છે. આ પ્રકારનાં વ્રતો અને ઉત્સવો ખ્રિસ્તી, પ્રજામાં ક્રિસમસ (નાતાલ); યાહૂદિ પ્રજામાં રોશહોશાના, પારસીઓમાં પતેતી, અને ભારતીય હિંદુ આર્ય પ્રજામાં "દીવાળી" પર્વને મહાન ઉત્સવરૂપ મનાય છે.

દીપોત્સવીનાં પર્વમાં અનેક ભૌતિક સુખનાં સંકેતો સમાએલા છે. તે પર્વસાથે ધનતેરસ, કાલીચૌદસ અને અમાસ આ ત્રણ દિવસો તે પર્વનાં ગણાય છે. પરંતુ વાસ્તવિક રીતે તો અમાસની રાત્રી અને પડવાનું (શુક્લ પ્રતિપદા) સવાર કે જે સમયે "સમરસ લો, સમરસ લો." આવો ધ્વનિ સંભળાય છે. લૌકિક વ્યવહારમાં ધનતેરસનાં દિવસે લક્ષ્મીપૂજન અને દીવાળીનાં દિવસે "શારદાપૂજન" કરવાનો વ્યવહાર છે.

ચૌદશને ઓળખાવા કાલીચૌદસ કહે છે. આર્યોની ભાષામાં વર્ષમાં આવતી ત્રણ રાત્રીઓ. કાલરાત્રી (કાળીચૌદશ આસોવદી ૧૪) મહારાત્રી (મહાવદી ૧૪ શિવરાત્રી) અને મોહરાત્રી (વૈશાખ સુદી ૧૪) નામથી પ્રસિદ્ધ છે. મંત્રશાસ્ત્રીઓની માન્યતા છે કે મંત્રસિદ્ધિ માટે સ્વરશાસ્ત્રના જ્ઞાન પૂર્વક ક્રિયા કરવામાં આ રાત્રીઓ ઉત્તમ મનાય છે.

કાલીચૌદસનાં દિવસે મંત્રની સાધના કરવાનું માને છે પણ વાસ્તવિક દૃષ્ટિએ દરેક કૃષ્ણપક્ષ (વદ)માં અમૃતસ્રાવી ચંદ્રની પ્રત્યેક કલાઓ અમાવસ્યાના દિવસે લોપ થાય છે તેવીજ રીતે ચૌદશે પણ લોપ થાય છે. તેથી અમૃતની કલ્પના કરાય છે તે મંત્રની બીજી બાજુ છે. પરંતુ અત્રે તે વિષયની ચર્ચા અસ્થાને છે.

વાસ્તવિક ઉત્સવનો દિવસ અમાસ છે. અમાવાસ્યા શબ્દની વ્યુત્પત્તિ જોતા કહી શકાય છે કે

अमा (सह) वसतः सूर्याचंद्रमसौ यस्यां (तिथौ) साऽमावास्या જે તિથિમાં સૂર્ય અને ચંદ્ર એક સાથે રહે છે. અર્થાત્ એકઠા રહેવાથી ચંદ્રનો ક્ષીણ પ્રકાશ સૂર્યના પ્રકાશથી વિરામ પામે છે. ચંદ્ર પ્રકાશ આપી શકતો નથી. પણ સૂર્યનાજ પ્રકાશથી તેનો પ્રકાશ મળે છે. અમાસ પછી બન્ને (સૂર્ય ચંદ્ર) જૂદા પડતાં ચંદ્રનો પ્રકાશ અને શીતલતા બન્ને વસ્તુ સ્થાવર જંગમજીવોને મળે છે તેથી ચંદ્રની બીજ ક્રમશઃ વિકાસનો સંદેશ આપે છે.

અશ્વિન માસની દીવાળીની અમાવાસ્યા અને કાર્તિક શુક્લ પ્રતિપદા (શુદ-પડવો)નાં દિવસો તે આ વિશ્વ પ્રપંચનાં વિપ્લવ અને શાન્તિનાં ઘોતક પણ છે. તાત્પર્ય કે પ્રત્યેક પ્રાણીનાં જીવનમાં રહેલા દ્રવ્યો કોષોમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપ દ્રવ્ય ક્રિયા થાય છે. આવો પ્રાણી વિજ્ઞાનવેત્તાઓનો મત છે. આ દિવસોમાં, કોષોના પર્યાયોનું પરિવર્તન અને ઉત્પાદ, વ્યય. અને ધ્રૌવ્યની કોઈ વિશેષતા પણ છે.

સમાજ વ્યવહારમાં દીવાળીનાં નવા દિવસોએ પોતાની પ્રિય મનાતી વસ્તુઓ, ચીજો, સ્વજન વર્ગમાં પરસ્પર લેવા-દેવાનો વ્યવહાર પણ વર્તે છે.

આ પર્વની વાસ્તવિકતા કાર્તિક શુક્લ પંચમી જેને જૈન શાસ્ત્રમાં "જ્ઞાનપંચમી" લાભપંચમી નામથી સંબોધાય છે તે તિથિ સુધી જીવન ઘડતરનાં અમૂલ્ય સંદેશાઓ મળી શકે તેવું એ પર્વમાં વિધાન છે તેથી દીવાળીથી જ્ઞાનપંચમી લાભપંચમી સુધી પર્વ મનાય છે. પણ હાલમાં તે વસ્તુનું વિસ્મરણ થતાં જ્ઞાનપંચમીના દિવસેજ પર્વ માન્યું છે.

દીપોત્સવીનાં ઉત્સવ માટે આત્મબળને જાગૃત કરવાના ધ્યેયથી સાચા મુમુક્ષુઓ તે દિવસે વ્યષ્ટિ અને સમષ્ટિમાં સૂક્ષ્મ ભેદોને જે જાણે છે તેઓ સુષુમણા દ્વારા એકતારપણું કરવા પ્રાણ તત્ત્વ રૂપ ઇડા, પિંગળા અથવા સૂર્ય-ચંદ્ર નાડીમાં પ્રાણાયમ વડે સંશોધન કરીને નાભિથી નીચેના પ્રદેશમાં આવેલા મૂલાધાર ચક્ર પાસે સુષુમણા નાડીનું મુખ કુંડલિની નામની શક્તિએ બંધ કરેલું છે ત્યાં પ્રાણ વાયુનાં ઘર્ષણ જન્ય યોગાગ્નિ પ્રગટાવીને મુખ ખુલ્લુ કરી તેમાં પ્રવેશ પમાડે છે. અને ત્યાંથી ઉર્ધ્વગતિ કરતાં ક્રમ પૂર્વક મૂર્ધામાં પ્રાણને સ્થાપે છે. તેમ કરતાં ષડ ચક્રમાં ગતિ કરતાં પાંચ તત્ત્વો પર વિજય મેળવે છે.

## શરીરમાં તત્ત્વોની વ્યવસ્થા

(૧) મૂલાધારથી સ્વાધિષ્ઠાન ચક્ર સુધીનાં પ્રદેશમાં પૃથ્વીતત્ત્વ છે (૨) સ્વાધિષ્ઠાનથી મણિપુર સુધી જલતત્ત્વ. (નાભિથી ગુદા સુધીનાં સ્થાનમાં મૂલાધાર, સ્વાધિષ્ઠાન અને મણિપુર ચક્રો છે. મણિપુરથી અનાહત (છાતિ વિભાગમાં) સુધી તેજસ તત્ત્વ છે. અનાહતથી વિશુદ્ધિ (કંઠ પ્રદેશ) સુધી વાયુ તત્ત્વ અને વિશુદ્ધિથી ઉપર મૂર્ધા પર્યન્ત આકાશ તત્ત્વ છે. મૂર્ધામાં મધ્યે આજ્ઞાચક્ર અને તેના ઉપરી ભાગમાં સહસ્રદલ પદ્મ અને બ્રહ્મરંધ્ર છે. આ પ્રમાણે સાધક (યોગિ) એક એક તત્ત્વનાં જય કરતાં એક એક ચક્રમા અનુક્રમે સ્થિતિ કરતો મૂર્ધામાં રહેલા સોમામૃતનું પાન કરે છે. અત્રે આધ્યાત્મિક સંબંધ દીપોત્સવી સાથે હોવા છતાં વાચકોમાં સૌને આ યોગનો વિષય સમજાય નહી અને વિષયાંતર થવાની શંકા જન્મે તેથી, સ્વરૂપ રમ પૂ. આચાર્યવર્ય સ્વનામ ધન્ય, પ્રાતઃસ્મરણીય શ્રી બુદ્ધિસાગરજીનાં જીવનમાં આધ્યાત્મ જ્ઞાન સાથે યોગનો પણ સુમેળ હતો તેથી આજે થોડી વિચારણા આપી છે પુનઃ સુયોગે અધ્યાત્મ અને યોગની વિશેષ સ્વતંત્ર વિચારણા કરીશુ.

## જૈનો માટે દીપોત્સવી તે લોકોત્તર પર્વ છે.

ધન્યવાદ પાવાપુરી નગર અને હસ્તિપાલ મહારાજાને ઘટે છે. ભગવાન મહાવીર વિશ્વ વાત્સલ્યતાની સાક્ષાત પ્રતિમા સમાન પ્રભુએ અંતિમ ચાતુર્માસ કર્યું છે

ભૌગોલિક અને જ્યોતિષની દૃષ્ટિએ પૂર્ણિમાએ માસ પૂરો થાય છે તે હિસાબે કાર્તિક વદી ૦)) અમાસની મધ્ય રાત્રીએ ભગવાને પોતાનો નિર્વાણ સમય નક્કી કીધો. આયુષ્યનાં સમય ઉપરાંત તીર્થંકર નામકર્મની સ્થિતિ બાકી હોવાથી નિર્વાણ પહેલા સોળ પ્રહર સુધી અમૃત વર્ષિણી વાણી દ્વારા ઉપદેશ આપ્યો છે તે ઉપદેશમાં પંચાવન (૫૫ અધ્યયન પાપકર્મનાં ફળ વિપાકનું નિરૂપણ કરે છે અને પંચાવન અધ્યયન પુણ્યફળ વિપાકનાં કહેલા છે હાલમાં તો વિપાક સૂત્રનામથી પ્રસિદ્ધ સૂત્રોમાં માત્ર વીસ અધ્યયનો છે, વિપાક સૂત્રમાં શ્રી ગૌતમ સ્વામી ગોચરી જતાં પાપ અને પુણ્ય ફળને ભોગવતા જીવો જોયા છે. અને તેનાં પર ભવ વિષે પ્રભુ પાસે પ્રશ્ન કરે છે. ત્યારે ભગવાને ગૌતમ સ્વામીનાં પ્રશ્નોનાં ઉત્તર આપ્યા છે.

ભગવાન મહાવીર સોળ પ્રહર જ્યાં ઉપદેશ આપી રહેલા. તે સમયે પોતાના નિર્વાણ સમયે ગૌતમની હાજરીની જરૂર નહી જણાયાથી ભગવાને ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલ્યા હતા.

પાપ પુણ્યનાં ફળ સ્વરૂપ જે અધ્યયનો ગૌતમ સ્વામીએ પૂછેલા તેની અવસ્થા બાકી રહે એ દ્રષ્ટિથી એ અધ્યયનો પછી કોઇ પણ પ્રશ્ન કર્તા નથી તો પણ છત્રીશ અધ્યયન ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલા છે. તેમાં છેલ્લા અધ્યયનનાં ઉચ્ચારણ સમયે છેવટે યોગ રૂંધન કરી અયોગિ ગુણસ્થાન (ચૌદમું) ને સ્પર્શી ભગવાન મહાવીર વિશ્વ કલ્યાણની અમૃતમયિ વાણી વિશ્વના જીવો માટે સર્વરૂપે મૂકીને કાર્તિક વદી (આપણી આસો વદી ૦)) અમાસ) અમાવાસ્યાની મધ્યરાત્રીએ નિર્વાણ પામ્યા છે.

ભગવાનનાં નિર્વાણ સમયે નિર્વાણ કલ્યાણક મહોત્સવ કરવા માટે ઘણાં દેવ દેવીઓ તેમજ ઇન્દ્રમહારાજ ત્યાં પધાર્યા અને મહાન નિર્વાણ કલ્યાણક મહોત્સવ કર્યો. ભગવાન મહાવીર જયંતિનો જન્મ કલ્યાણક ઉત્સવ છે તેવોજ આ નિર્વાણ કલ્યાણક મહોત્સવ તે દીપોત્સવીનો આપણા માટે છે. બાકી આજે તો જૈનો લૌકિક રૂઢી વશ બની દીપોત્સવી પર્વની ક્રિયા કરે છે.

ભગવાન મહાવીરનાં નિર્વાણની વાત સાંભળી પ્રભુના વડિલ બંધુ નંદિવર્ધન રાજવિને અસાધારણ દુઃખ થયુ તેથી એક દિવસ અન્ન-જલ પણ લીધું નહી. તેથી નંદિવર્ધનનાં બેન સુદર્શનાએ ભાઇને પોતાના ઘેર લઇ જઇ આશ્વાસન આપ્યું અને પોતાનાં ઘેર ભોજન કરાવ્યું તે પરથી કદાચ ભાઇબીજનું મહત્વ સમાજમાં મનાતું હોય એ એક વિકલ્પ છે.

શ્રાવકાચારની પરિભાષામાં "દીપમાલિક-વિધાન" શબ્દ છે આપણા જૈન સમાજ માટે આ લોકોત્તર પર્વ છે ભગવાન મહાવીરનો નિર્વાણ દિવસ અને તેજ દિવસે જ શ્રી ગૌતમ ગણધરજીને કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીની પ્રાપ્તિ થઇ છે એ દૃષ્ટિ દીપોત્સવીનો મહોત્સવ ગૌતમ સ્વામીએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી તે પદ પ્રાપ્ત કરવાનો સંકેત છે.

આ દિવસોએ મગધદેશની પ્રજાએ પણ ખુબજ આનંદ પૂર્વક મહોત્સવ કર્યો હતો. આ પ્રસંગને આજે ૨૪૮૬ વર્ષ વીતી ગયા છતાંય આ ભવ્ય ઉત્સવનાં અવશેષ રૂપે આજ સારાએ ભારતમાં દીપોત્સવી ઉજવાય છે.

દીપોત્સવીનાં યથાર્થ સિદ્ધાંતને આપણે આજે ભૂલી ગયા છીએ તેથી બીજી દિશામાં વળ્યા છીએ. ખરી રીતે કેવળજ્ઞાન રૂપ લક્ષ્મી પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવો જોઇએ. તે પુરૂષાર્થનું સ્વરૂપ નિચે મુજબ છે.

दग्ध्वा मोहं समस्तं, निरवधि विशदं, ज्ञानमुत्पाद्य लोके,
तीर्थं निर्वाणमार्गं, शुभतरफलदं, भव्य सार्थाय कृत्वा-
गत्वा लोकान्त देशं, कलिमल रहितं, सर्वे शर्मातिशायि,
लप्स्येऽहं मोक्षसौख्यं, सहज निजगुणं कोऽपि कालःस भावी

(मंदाक्रान्ता)

ભાવાર્થ–

સમસ્ત મોહનો ક્ષય કરી, અપાર અને નિર્મળ એવા જ્ઞાન (કેવળરૂપ)ને પ્રાપ્ત કરીને, તેમજ ભવ્ય પ્રાણીઓનાં સમુદાય માટે અતિશય શુભ ફલ આપનાર અને નિર્વાણનાં માર્ગરૂપ તીર્થને પ્રવર્તાવી, કલિમલ-આઠકર્મથી રહિત, લોકાંતદેશ (સિદ્ધશિલા) પ્રત્યે જઈ ને સર્વ પ્રકારનાં સુખથી અધિક એવા અને સ્વાભાવિક—

આત્મિક ગુણોની ખીલવણીવાળા મોક્ષ સુખને હું પ્રાપ્ત કરું તેવા પ્રકારનો કોઇપણ સમય આવશે ! આ પ્રમાણે આપણે દીપોત્સવીનાં મંગલ પ્રસંગે ભાવીએ એજ આપણા માટે દીપોત્સવી મહોત્સવ હોઇ શકે.

દીપોત્સવીનાં મંગલ દિવસે જૈનોએ એ વ્રત સ્વીકારવું જોઇએ કે આ લેખનાં પ્રથમજ શ્લોકમાં લખ્યું છે કે,

હિંસા કરીનેજ જો સુખ મળતું હોયતો તે સુખને મારા દૂરથીજ નમસ્કાર હો !.........

# યોગીના આંસુ !

—લે. જયભિખ્ખુ

( ગુજરાતના સિદ્ધહસ્ત લેખક શ્રી જયભિખ્ખુ ની કલમથી હવે કોણ અજાણ્યું છે ? એમનું નામ નજરે ચડે છે ને તેમની વાર્તા એકી શ્વાસે વાંચી જવાય છે. દીવાળીનું પર્વ આવે છે ત્યારે એક બુઝાતો દીપક કેટલા દીવા પેટાવી દીપાવલી સર્જે છે ને અંતરના આંસુ આત્માને કેમ ફરી સજીવન કરે છે તે માટે આ વાત અવશ્ય વાંચો. .........તંત્રીઓ )

ભગવાનના નિર્વાણની રાત હજી પૂરી થઈ નહોતી. દીપાવલીના દીવા હજી ઝગમગતા હતા. આકાશના પ્રભાતી રંગો પ્રગટવાને હજી વાર હતી. ત્યાં સમાચાર આવ્યા, મન–ચિત્તને ભેદી નાખે તેવા.

ગુરુ ગૌતમ રડી રહ્યા છે. અનાધાર રડી રહ્યા છે. જ્ઞાની ગુરુનું રડવું જોયું જાતું નથી. વાત એમ છે કે ભગવાને તેઓને ધર્મબોધ માટે બીજે ગામ મોકલ્યા હતા. ધર્મબોધ આપીને બીજે ગામથી તેઓ પાછા ફરતા હતા. વાટમાં કોઈએ ભગવાનના નિર્વાણના સમાચાર આપ્યા. બસ, ત્યારથી રડે છે!

પણ રડે છે કેવું ! ચોધાર આંસુએ રડે છે ! એ આંસુથી ધરતી પણ ભારે ભારે થઈ ગઈ છે ! એ શોકભારથી વેલ પરથી ફૂલ કરમાઈને નીચે પડે છે. સરોવરનાં પોયણાં પણ નીચું મોં કરી ગયા છે. રે જ્ઞાનીનો આવો હૈયાફાટ વિલાપ !

રે કેવો એ વિલાપ ! સાત ખોટનો દીકરો ફાટી પડે તોય માતા આવું ન રડે ! ચાર ફેરા ફરીને આવતી વધૂનો મીંઢળબંધો પતિ ગુજરી જાય, તોય એ આવું ક્રંદન ન કરે.

જ્ઞાનીનું આ રુદન !

યોગીના આ આંસુ !,

ઇંદ્રરાજ પણ મૂંઝવણમાં પડ્યા. અજ્ઞાનીને સમજાવવો સહેલ છે. જ્ઞાનીને શી રીતે સમજાવી શકાય ? અરે ! મત્સ્યને તરવાનું કેમ શીખવી શકાય ?

ભગવાનના નિર્વાણની વાત હૈયામાં વલોણું વલોવતી હતી, ત્યાં જ્ઞાની ગુરુના શોકભારની આ વાત આવી ! શું બોલવું, શું કરવું તેની કોઈને સમજણ ન પડી.

જ્ઞાનીનું રુદન ચાલતું હતું. પણ છેવટે તો એ રુદન જ્ઞાનીનું ને ! એકાએક એમાંથી હાસ્ય પેદા થયું, મોં ખીલેલા કમળ જેવું બની ગયું. નેત્રોમાં તેજ રમવા લાગ્યાં.

ઈંદ્રરાજ જરા હિંમત કરી પાસે ગયા ને બોલ્યા; " મહાગુરુ ! પ્રભુ ગયા ! "

" હા, એ ગયા ને આપણને તારી ગયા. હાથી જીવતો લાખનો, મર્યે સવા લાખનો !

( અનુસંધાન પાન ૬ )

# મહાવીર મહાક્રાન્તિ

લે. પ્રકાશ જૈન ગારીઆધારકર "પ્રેમદીપ"

(મહાવીર પ્રભુ મહાવીર તો બન્યા. પણ એ કેમ બન્યા, કેવી રીતે બન્યા, કયા બળોએ તેમને વિશ્વ જ્યોતિર્ધર બનાવ્યા એ બધું ન જાણીએ ત્યાં સુધી મહાવીર સાચા મહાવીર તરીકે નહિ જ ઓળખાય. શ્રી પ્રકાશ જૈન અત્રે શ્રી મહાવીરનો અહીં તલસ્પર્શી અભ્યાસ કરાવે છે. તેમની વેગવંતી શૈલી ને મહાવીરનો ઊંડો અભ્યાસ તમને, આ લેખ વિવેચન હોવા છતાંય એક શ્વાસે વાંચી જવા તૈયાર કરે તેવો છે. સાચા મહાવીરને ઓળખવા આ લેખ વાંચજો ભૂલાય જ નહિ. ......તંત્રીઓ)

વિશ્વમાં જ્યારે જ્યારે ધર્મ, સમાજ અને દેશની સ્થિતિ ભારે પરિવર્તનની અપેક્ષા રાખે છે; ત્યારે કોઈને કોઈ મહાપુરુષનો આવિર્ભાવ જરૂર થાય છે. અને માનવ માત્રને માટે મહાકલ્યાણનો માર્ગ ખૂલ્લો કરે છે. એવી લોકો તેમને "ભગવાન" પ્રભુ" "અવતારી પુરુષ" 'વિશ્વવંદનીય" "જગદ્ગુરુ" "પરમાત્મા" "ગોડ" "તીર્થંકર" "ઈશ્વર" કે જગતપિતા કે એવા બીજા બહુમાન સૂચક શબ્દોથી નવાજે છે.

આજથી પચ્ચીસો વર્ષ પૂર્વે ભારતવર્ષની ધાર્મિક-સામાજીક અને રાજકીય સ્થિતિ એવા પ્રકારની હતી જે એક વિશિષ્ટ આદર્શની અપેક્ષા રાખતી હતી

## "સમાજમાં ઘૂસેલા અનિષ્ટ તત્ત્વો"

બ્રહ્મચર્ય અને તપના ગુણથી લોક માનસ પર પ્રભાવ પાડનારા બ્રાહ્મણો ધીમે ધીમે ભોગ-વિલાસમાં આસક્ત બન્યા હતા; પોતે માની લીધેલ ધર્મની ક્રિયાઓના ઓઠા નીચે જીભના સ્વાદને સંતોષવા અર્થના લોભને સમાવવા, એક ગણાતા અને મનાતા બ્રાહ્મણો વેદને નામે, ધર્મને નામે, સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તી કરાવી આપવાને નામે; નિર્દોષ મૂક પ્રાણીઓની આહૂતિ આપી, મોટા મોટા હિંસક યજ્ઞો કરાવી લખલૂટ દાન મેળવતા હતા. તેમનો સ્વાભાવિક પ્રભાવ ચાલી જતાં તેઓ જન્મ માત્રનાજ અધિકારથી બાકીના બધા વર્ણો ઉપર અધિકાર ભોગવતા હતા અને પોતાનેજ મોક્ષનો તથા શાસ્ત્રનું અધ્યયન કરવાનો અધિકાર છે એમ જણાવતા હતા. મનોબળથી કાર્ય કરી શકાય એવો મંત્રસિદ્ધિનો આધ્યાત્મિક આદર્શ એક બાજુ ફેંકાઈ ગયો હતો. અને ભૌતિક લાલસાનો લાવા ઉભરાવા માંડ્યો હતો ક્ષત્રિયો, વૈશ્યો, અને શુદ્રોને તો તેમણે તેમના કરતાં હલકાં જ માન્યા હતા; અને મનાવ્યા હતા. એ માન્યતાની જડો એટલી ઊંડી ઉતરી ગઈ હતી કે સમાજના એક વર્ગને તો પવિત્રતાના રક્ષણને નામે એટલો બધો નીચ, અસ્પૃશ્ય, અંત્યજને હલકો ગણી કાઢવામાં આવ્યો હતો કે તેની છાયા કે સ્પર્શને પણ પાપ માનવામાં આવતું હતું. આમ ત્યાગ અને સંયમનો

આદર્શ લોકો સમક્ષ જીવંત રાખનારો બ્રાહ્મણવર્ગ પતિત થઈ જતાં આખા સમાજમાં ભારે અવ્ય-વસ્થા ફેલાઈ ગઈ હતી તેની અસર રાજકારણથી માંડી જીવનના પ્રત્યેક અંગ સુધી પહોંચી હતી.

નાના મોટાં રાજ્યો વચ્ચે રાષ્ટ્ર છિન્નભિન્ન થઇ રહ્યું હતું. કોઇ સ્થળે ગણતંત્રો હતાં, કોઈ સ્થળે સામંત શાહી હતી, અવારનવાર નાના મોટાં યુદ્ધો થતાં હતાં, જેમાં બિચારી આમજનતાનો ભોગ લેવાતો હતો.

અમુક સંપ્રદાયોએ સ્ત્રીઓને દાસત્વના કારમા બંધનમાં જકડીને દાનમાં આપવાની અને વેચાણમાં મૂકવાની અમાનવીય પ્રથા ચલાવી હતી. સ્ત્રીઓનું સ્થાન ગૃહ પૂરતું જ મર્યાદિત હતું. ધર્મને તો સ્થાન જેવું કાંઇ રહ્યું જ નહોતું. 'નારી નરકની ખાણ' કહી તેના તમામ અધિકારો ઝૂંટવી લેવામાં આવ્યા હતા. તપ ત્યાગ અને જ્ઞાનાભ્યાસ પર અંકુશ મૂકી દેવામાં આવ્યો હતો. આધ્યાત્મિક સંસ્કૃતિના કેન્દ્રસમા ભારતવર્ષની જનતામાં મધ્યમ કાળમાં ઘુત-મદ્ય-માંસાહાર, હિંસા વિષય પ્રમોદ વગેરે અંધકાર સર્જનારા અને માનવીને પામર બનાવનારાં દૂષણો ફાલી ફૂલી રહ્યા હતા. અને જાતિ-ભેદની એક વિરાટ આંધી ઊભી થઇ હતી. એમાથી અધિકાર દાસત્વ, અને કપટ જાળો રચાઈ હતી. સમગ્ર જગતમાં અને ભારતવર્ષમાં એક અંધકારમય વાતાવરણ જામી ગયું હતું. પણ ભારતવર્ષની એ એક વિશિષ્ટતા ગણો કે સદભાગ્ય આવી વિષમ પરિસ્થિતિ સમયે કોઈ મહાન શક્તિનો આદુર્ભાવ થાય છે.

## 'મહાક્રાન્તિનો ઉદય'

સંસારમાં યુગે યુગે જન્મેલા નાનાં મોટાં મહાપુરુષોની જન્મકાળની જો વિચારણા કરવામાં આવે તો એક વાત અવશ્ય ફલિત થાય છે કે; રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક પરિબળોમાંથી જ મહાપુરુષો જન્મે છે. મહાપુરુષો કોઇ મહાપુરુષોને ત્યાંજ સદા જન્મતા નથી. સામાન્ય પછાત વર્ગોમાં પણ એ જન્મતા હોય છે. આ જન્મ પરિસ્થિતિને આજની ભાષામાં કહીએ તો કોઇ પણ મહાપુરુષના દેહ સ્વરૂપે ક્રાન્તિ જન્મે છે.

દા. ત.– રામચંદ્રજીના જન્મ સમયે રાવણ અને કુંભકર્ણ, તાડકા અને મરીચ, ખર અને દૂષણ વિ. રાક્ષસી વૃત્તિ ધરાવનારા પરિબળો માનવતાને અને સંસ્કૃતિના પ્રવાહ રૂંધી રહ્યા હતા એટલું જ નહિ; પણ જનતાની સ્વાધીનતા છીનવાઇ રહી હતી; જનતાની ઉપાસના પર તલવાર તોળાઇ રહી હતી; અને જનતાની મુકવેદના ગગનને પણ ખળભળાવી રહી હતી. દેશકાળની આ પરિસ્થિતિ એ શ્રીરામ જેવી ક્રાન્તિને જન્મ આપ્યો. જરા સંધ શીશુપાલ અને કંસના અત્યાચારોએ જ શ્રી કૃષ્ણને ઉપસ્થિત કર્યા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં જ ભ. મહાવીર રૂપે એક મહાક્રાન્તિનો જન્મ થયો, જે મહાક્રાન્તિએ માત્ર જૈનોને જ નહી, માત્ર પૂર્વ ભારતને નહી પણ સમગ્ર વિશ્વને જૈન દર્શન રૂપે એક મહાસત્ય અર્પણ કર્યું.

એવી વિષમ પરિસ્થિતિ સામે ભ. ગૌતમબુદ્ધ મોરચો માંડવાની શરૂઆત કરી ચૂક્યા હતાં. પણ વર્ષો થયાં જે માન્યતા લોકોમાં રૂઢ થઈ હતી, તેનો ઉચ્છેદ એટલો સરળ નહોતો. એ માનસને પલટા-વવાને બહુ જ પ્રબળ આંદોલન અને મહાક્રાન્તિની જરૂર હતી; જે મહાન ક્રાન્તિનું કિરણ આજથી પચ્ચીસો વર્ષ પૂર્વે ભારત વર્ષના પૂર્વી અમલમાં વૈશાલી નગરીના એક રાજભવનમાં પ્રગટયું હતું જેને અઢી હજાર વર્ષો પછી પણ ભૂલી શકયા નથી.

## 'જન્મ કલ્યાણક"

ભ. મહાવીર પ્રભુના જન્મદિવસને આપણે જયન્તિ કે ઉત્સવ તરીકે ન માનતા જન્મ કલ્યાણક તરીકે માનીએ છીએ કારણકે જૈન દર્શનનો આદર્શ જન્મમાં નથી; નિર્વાણમાં છે. અર્થાત ફરી વાર જન્મ મરણની મુક્તિમાં છે. આ આદર્શ પાયામાં રાખીને જ ભ. મહાવીર પ્રભુના સંવત્સર

જન્મથી ન મનાવતાં નિર્વાણથી શરૂ થયો છે. એટલે જન્મ કરતાં નિર્વાણ એ અતિ મહત્ત્વનો પ્રસંગ છે. જૈન દર્શને આદર્શથી અને વ્યવહારથી એ સિદ્ધ કર્યું છે.

"અદ્ભુત વાણી પ્રભાવ"

જે પુરુષને લંગોટી જેટલીય પરિગ્રહની કામના નહોતી, પરવાહ નહોતી. એ પુરુષે ૩૦-૩૦ વર્ષ સુધી ગામે-ગામ ફરી એકધારો વાણી પ્રવાહ વહેવડાવ્યો. એમના હૃદયમાં કેટલો પ્રેમ અને કરુણા ઉભરાયાં હશે! એની કલ્પના જ ભક્તાત્માઓની આંખોને અશ્રુભીની કરવા બસ છે. એમની વાણીમાં અત્યંત માધુર્ય હતું. જેટલું માધુર્ય હતું. એટલો જ તેમની વાણીમાં પ્રભાવ હતો. સામાન્ય જન સમાજ સહેલાઈથી સમજી શકે તેવી તે લોકભાષા વાપરતા. એ વાણીમાં હૃદયને સીધી ચોટ કરનારી તેજસ્વિતા પણ હતી.

જેઓ એની હૃદયમંથરીના ગંભીર સુર સાંભળતા તેઓના હૈયા ડોલી ઉઠતા; હૈયાં થનગની ઉઠતા; શાસ્ત્રકાર અને ઇતિહાસ કહે છે કે હૃદયભેદક ટૂંકા ટૂંકા દૃષ્ટાંતો આપવાની તેમની કથન શૈલી અદ્ભુત રોમાંચક હતી; હૃદયના તારને ઝણઝણાવી નાખનારી હતી, સાથે તેટલીજ વૈરાગ્ય પ્રેરક અને ઉત્સાહ વર્ધક પણ હતી. એની વાણીએ લાખો સુપ્તાત્માઓને ઢંઢોળી જાગ્રત કર્યાં છે. અને તેમની રહેણી કરણી અને સિકલ બદલી નાખી એવાઓને પુનર્જન્મ આપ્યો છે.

"જનસેવક"

એ પ્રેમમૂર્તિ પ્રભુ પ્રેમના પ્રેરાયા પગે ચાલીને સામે મોંએ ગરીબોના ઝૂંપડાઓમાં જતા-આવતાં લોકો સાથે હસતા, વાતો કરતા અને તેમના અસહ્ય દુઃખો જોઈ તેમને દુઃખ મુક્તિનો અને તેમના સુખનો માર્ગ પણ સંભળાવતા. કુંભારવાડે જઈ કુંભારો વચ્ચે પણ ફરેલા અને તેમાંના એક કુંભાર પ્રજાપતિ સદાલપુત્ર સાથે જે વાતચીત થએલી તેનો અહેવાલ શાસ્ત્રમાં સંઘરાયો છે. જેથી એમ જણાય છે કે પ્રભુ ગરીબો વચ્ચે નીચલા થરોમાં જતા અને તેમની સાથે હળતામળતા રહેતા. સત્યના પથે જનારાઓને ઉત્સાહ આપતા, ભક્તોની ખબર લેતા. અને હતાશ થએલાઓમાં હસીને વીર્યવાન બનવાની આશા અને પ્રેરણાનો સંચાર કરતા.

સુલસાને ધર્મલાભ કહેવડાવતા, સિંહમુનિને પાસે બોલાવી આશ્વાસન આપતા. મગધરાજ શ્રેણિક અને રાણી ચેલણાનો ઝગડો પતાવતા. મેઘકુમાર જેવા કાયર બને તો ફરી એને વીર્યવાન-ઉત્સાહીત બનાવતા. ચંદનાને ગૌરવ અપાવતા. અને ચંડકૌશિક જેવા ભયંકર ઝેરી નાગને પણ પ્રેમ કરી સંબોધતા. મહાવીરમાં જ "પ્રેમી" "દયાળુ" અને "જનસેવક" ના દર્શન થાય છે.

"સમાનતા"

ઊંચ-નીચ અને જાતિભેદની જે આંધી વ્યાપક થઈ ગઈ હતી. તેની સામે ભગવાન મહાવીરે બળવો પોકાર્યો. વ્યવહારમાં પ્રસરી ગએલા કોમવાદ સામે વિપ્લવ જગાડી પોતાની ધર્મછાયા નીચે બ્રાહ્મણો અને શુદ્રોને એકત્રિત કર્યા એટલુંજ નહિ પણ જન્મથી કોઈ ઊંચનીચ છેજ નહીં, પણ કર્મને આધિન છે; બ્રાહ્મણ કુળમાં જન્મ્યો હોય પણ એની તેની પ્રવૃત્તિ-મનોવૃત્તિ હિંસામય-પાપમય હોય, તેથી શું એ ઉચ્ચ કહેવાય? શુદ્રમાં જન્મ્યો હોય અને સંત જેવું સરળ સમભાવી હૃદય હોય, એથી તે નીચ ન ગણાય, આવો કર્મનો સંદેશ આપી આચારને પ્રધાનતા આપી. તેમના સંઘમાં મલેચ્છ ચંડાળ મેતાર્ય-હરિજન) વિ. તમામ જાતિનાને સ્થાન આપ્યુ છે. માનવ માનવ વચ્ચેની ઊંચ-નીચની દિવાલો ભેદી ભ્રાતૃભાવનાનો સંદેશો આપ્યો અને કોમવાદની વિકૃત ભાવનાને વિદારી નાખતા. તેઓએ કહ્યું છે કે જન્મ માત્રથી જ ઊંચનીચ થવાતું નથી. ગુણ અને કર્મ જ ઊંચ નીચતું ખરું ધોરણ છે"

"નારીમહત્તા"

તેવી જ રીતે જે સ્ત્રીઓ માટે ધર્મના વિકાસના દ્વાર બંધ હતા તેના ખૂલ્લા કરી નારીને પુરૂષ જેટલો સમાન અધિકાર બક્ષ્યો. નારી પણ પોતાના આત્માની શક્તિને વિકસાવી મહાન બની શકે છે. તેવો પડકાર કરી અનેક સ્ત્રીઓને ગુલામીના એ ખાડામાંથી ઊંચકી લીધી. આજ કારણથી આજે ભારતમાં કેવળ જૈન શાસનમાંજ આર્યા–સાધ્વીજીઓનું મહત્વનું સ્થાન રહી શક્યું છે...અન્ય ધર્મોમાં નારીઓને દેવી તરીકે પૂજે છે, પણ તેનું ગૌરવ લૂંટીને, જ્યારે મહાવીરના સંઘમાં તો સ્ત્રીઓ સ્વતંત્રપણે મહાન બની શકે છે. મહાવીર જેવી બની શકે છે.

"ક્રાન્તિ યુદ્ધ"

રાજકીય ક્ષેત્રમાં એ વખતે યુદ્ધને મહત્વનું સ્થાન અપાયું હતું અને લોકોની લડાયક પ્રકૃતિને સતેજ રાખવા "યુદ્ધમાં મરેલો સ્વર્ગે સંચરે" એવી માન્યતા પ્રચલિત કરવામાં આવી હતી. લોકો એ ભાવનાથી રંગાઈ એકાદા મનુષ્યના સ્વાર્થ માટે શોણિતની સરિતાઓ વહેવડાવતા હતા.

શ્રીમહાવીરે એ ભાવનામાં ક્રાન્તિ કરતાં જણાવ્યું કે "દુર્જય સંગ્રામમાં દશ લાખ યોદ્ધાઓ સામે યુદ્ધ કરવા કરતાં એક આત્માની સાથે યુદ્ધ કરીને જય મેળવવો એ વધારે ઉત્તમ છે." લોકો ભાઈ ભાઈની સાથે લડવા કરતાં વાસનાઓ સામે લડવાનું મહત્વ સમજવા લાગ્યા.

"અહિંસાની તાકાત"

એ વખતે હિંસક યજ્ઞો મોટા પ્રમાણમાં થતા હતાં. લોકો માનતા કે એથી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે. એથી લાખો નિર્દોષ પશુઓની કતલ થતી.

શ્રી મહાવીરે એ સંબંધી ઘોષણા કરી કે:— તપ એ જ્યોતિ છે. જીવ એ જ્યોતિ સ્થાન છે. કાય, વાણી અને મનના યોગો કડછી છે. શરીર જ્યોતિને પ્રજ્વલિત કરનાર છે. કર્મરૂપી ઈંધણા છે. સંયમ યોગરૂપ શાંતિ સૂત્ર છે તે વખતની જોરજુલ્મ્યારકાઢી અને સ્વાર્થની ચક્કીમાં પીસાતા માનવ સમુદાયની સ્થિતિ જોઈ મહાવીરે ખૂબજ ઊંડું ચિંતન કર્યું.

ત્રિયો જિવસ્ય જિવનમ્ એ સૂત્ર પ્રગટાવી અહિંસાની તાકાતને ફેરવી થોડા વખત પહેલાં ભારતની મુલાકાતે આવી ગયેલ અમેરીકાના મહાન પ્રખર ગાંધીવાદી <u>માર્ટીન લ્યુથર</u> કીંગે જણાવ્યું હતું કે "<u>આ ભૂમિમાં હું પગ મૂકું છું ત્યારે મને થાય છે કે જાણે મારો પુનર્જન્મ થઈ રહ્યો છે... આજ માટીમાંથી પેદા થએલ ગાંધીએ બ્રિટિશ સલ્તનતની સામે જે અહિંસક તાકાત દ્વારા સ્વરાજ્ય મેળવ્યું છે તે અજોડ છે એટલું જ નહિ પણ જગતના ઇતિહાસમા સદા અમર રહેશે.</u>

જ્યારે મેં જાણ્યું કે મહાત્મા ગાંધીજી પહેલાં અનેક ઋષિ–મહર્ષિઓ અને બુદ્ધ મહાવીર જેવા સંતોએ અહિંસાનો મંત્ર પ્રસરાવ્યો છે. ત્યારે આ ભૂમિના સૌભાગ્યને હું વંદુ છું."

"અજોડ ચારિત્ર પાલક" મહાવીર એક એવી વિશિષ્ટ કોટિના સંત હતા. મહા માનવ હતા. એમના જીવનના બધાં પાસાઓને સમજવા એ માનવ બુધ્ધિથી પર વસ્તુ છે.

મહાવીરે મહાભિનિષ્ક્રમણ (દીક્ષા) કર્યાં બાદ છદ્મસ્થાવસ્થા કાળના સાડાબાર વર્ષના સાધના કાળમાં પણ તેઓ કોઇ એક જ સ્થાને રહ્યા નહી. તેઓ ગામડાં ને ઘાડ જંગલ કે સ્મશાન ભૂમિમાં વિચર્યા અનેક વખત રાંઢ જેવા જંગલી મુલકમાં પણ જઈ આવ્યા. તેમણે તેમની સાધના કાળના ૪૫૧૫ દિવસોમાં ફક્ત ૩૪૯ દિવસજ ભોજન લીધું અને તે પણ કેવું ! રસવિહીન, ! સ્વાદ વિહીન! તેમના શરીર પર મચ્છર, મધમાખી, ભમરા, સાપ, વિંછી

( અનુસંધાન પાન ૧૮ )

( અનુસંધાન પાન ૮નું ચાલુ )

મોક્ષ પ્રાપ્ત કરી શકીએ. આવું સરવૈયું તીર્થંકરોએ કાઢ્યું. આવું સરવૈયું અનેક મહાત્માઓએ કાઢ્યું, અને છેવટે થોડા વખત પહેલાં જ પૂજ્ય મહારાજ શ્રી બુદ્ધિસાગર સુરિશ્વરજીએ કાઢ્યું. ધન્ય છે આવા પવિત્ર આત્માઓને! આપણા આત્મામાં પણ તેટલી જ શક્તિ છે. પરંતુ મોહનીય કર્મનો ક્ષય કરી શકતા નથી તેથી જ રખડવું પડે છે. મોહનીય કર્મ એટલુ બળવાન છે કે તેથી આત્માને પોતાના સ્વરૂપમાં ટકવા દેતું નથી.

પ્રથમ સમ્યગ દર્શન પ્રાપ્ત કરવું જોઈએ કે જેથી જડ અને ચૈતન્ય એ જુદા છે તે સમજાય. પછી સમ્યગ જ્ઞાન પ્રાપ્ત કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવું જોઈએ અને ત્યાર બાદ સ્વસ્વરૂપમાં સ્થીર થતા ત્યાગ અને વૈરાગ્ય આપોઆપ પ્રાપ્ત થાય છે અને ધીમે ધીમે મોહનીય કર્મનો ક્ષય થાય છે. પછી મુક્તિની પ્રતીતિ આત્માને થઈ જાય છે. અને અમુક વખતે મોક્ષ જરૂર મળે છે. આવી સ્થીતિ પ્રાપ્ત કરવી તેમ જ ખરૂં સુખ છે, શાંતિ છે, અને તે માર્ગ બધા ધર્મો સમજાવે છે. જૈન ધર્મ તો ઘણી જ સરળ રીતે સમજાવે છે.

જૈન મુની જેને ઘરબાર, કુટુંબકબીલા, લક્ષ્મી વગેરે બધાનો ત્યાગ કર્યો છે, સંયમ લઈને શુદ્ધ ચારિત્રમાં સ્થીર છે. દેહના ઉપર પણ મોહ ઉતારી જ્ઞાન અને વૈરાગ્યમાં જીવન પસાર કરે છે તેને તો મોક્ષ મળવો જ જોઈએ. તેઓ પોતે તરે છે અને બીજાને તરવાનો માર્ગ બતાવે છે. તેવા પુરૂષને ફરી જન્મ હોય જ નહિ મુક્તિ એને મળવી જ જોઈએ. જૈન ધર્મી ગૃહસ્થ પણ જો બારવ્રત અંગીકાર કરી સંયમથી જીવન ગાળે તો નિશ્ચય તે પણ મુક્તિ મેળવી શકે.

આપણે દિવાળીનું આવું સરવૈયુ કાઢીએ અને કર્મનો હિસાબ કરી જુના કર્મની નિર્જરા કરી નવા કર્મ ન બંધાય તો આપણી દિવાળી ઉજવી સાર્થક થાય અને મહાવીર પ્રભુની માફક આપણે પણ આ દિવસને મહોત્સવ કર્યો તેમ કહેવાય. નિષ્કામ કર્મ કરવાથી કર્મ ચોટતા નથી તે બધી હકીકત અધ્યાત્મ યોગી શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજીએ કર્મયોગના ગ્રંથમાં પુરેપુરી દર્શાવી છે. તેમાંથી આપણે કંઈક બોધ લઈએ. કંચન, કામીની અને કીર્તિના ત્રણ કકા દરેકને સતાવી રહ્યા છે. તેના ઉપરનો મોહ ઉતારી જો આપણે મોહનીય કર્મનો ક્ષય કરી શકીએ તો આપણી દીવાળીનું ખરૂં સરવૈયું થયું બાકી તો બધા દેખાવો છે.

દેહ તો પુદ્ગલીક છે તેમજ ધન સત્તા વગેરે જે સારા અને સુખના સંયોગો મળ્યા તે પણ બધા બધા પુદ્ગલીક છે. દુઃખનો વખત આવ્યો તે પણ પુદ્ગલીક છે. આવા પુદ્ગલીક સંયોગો આપણા આત્માને અનેકવાર મળ્યા અને ચાલ્યા ગયા. મોહ કર્યો ત્યાં જ બંધ થયો માટે આવા પુદ્ગલીક સંજોગો ભલે આવે અને જાય પણ તેમાં જેટલો રાગદ્વેષ ઓછો થાય તેટલો વિતરાગપદ મેળવવાનો રસ્તો ખુલ્લો થયો. અને તેજ સાચો રસ્તો છે. એવું શ્રી મહાવીર પ્રભુ બતાવી ગયા છે અને અત્યારે મુનિઓ બતાવી રહ્યા છે. તે રસ્તે ચાલીને કર્મનો બંધ તોડી નાખીએ તોજ શાશ્વત સુખનો માર્ગ પ્રાપ્ત થાય તેવી દિવાળી આપણે સૌએ ઉજવવી તે આપણું કર્તવ્ય છે.

---

( અનુસંધાન પાન ૧૭નું ચાલુ...... )

વગેરે જીવોએ ડંખ દીધા, કાનમાં ખીલા ઠોક્યા બે પગવચ્ચે ગોવાળીઆએ ખીર રાંધી, મહા ભયંકર ચંડકૌશિકે ડંખ દીધો; શિયાળાની કડકતી ઠંડી હોય, ઉનાળાના અગ્નિ વરસતા તાપમાં કે વર્ષાની ઘનઘોર ઝાડીઓમાં ગાઢકતા ઝાપટાઓમાં પણ તેઓ નગ્ન દેહે ધ્યાનસ્થ રહ્યા— અવિચળ રહ્યા.

અહિંસાના મુગટમણિ, સ્યાદ્વાદના સાગર, તપના મેરૂ અને ત્યાગમાર્ગના શિરોમણી મહાશ્રમણ નિગ્રંથ જ્ઞાતપુત્ર જગતના સર્વ સંપ્રદાયોમાં કહેલી આચાર વિષયક બાબતોમાં ખૂબજ આગળ નીકળી જાય છે. જગતના ઇતિહાસમાં મહાવીર અજોડ— અદ્વિતીય છે, ભલે કોઈ સંપ્રદાયે વિશ્વાસમાં, કોઈએ સેવાના કોઈએ ભક્તિમાં, કોઈએ જ્ઞાનમાં તો કોઈએ શૌર્યમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી હશે પણ આચાર શુધ્ધિમાં, મનશુધ્ધિમાં, અહિંસા ને ઉદારતામાં, ત્યાગ અને તપમાં મહાવીરે જે શ્રેષ્ઠતા બતાવી છે, પરાકાષ્ઠા આચરી બતાવી છે તે અતિભવ્ય છે. આ સર્વ ગુણોમાં એટલે કે ચારિત્ર્યમાં મહાવીર સર્વ શ્રેષ્ઠ છે. જગતના સર્વ સંતોમાં સંત છે.

એવા શ્રી મહાવીર પ્રભુનો જય હો



# એક જ ચિનગારી !...

લે. ભગુભાઈ શાહ

("મારે ઉપવાસ છે" ચંડપ્રદ્યોતના માત્ર આ ત્રણ જ શબ્દો રાજા ઉદયનના જીવનને બદલી નાંખે છે. એનું કેવું જીવન ને કેવો બદલો એ માટે તો આ વાત જ તમારે વાંચવી પડશે પર્યુષણ અંક નિમિત્તે આ વાર્તા મળેલી પરંતુ અનિવાર્ય સંજોગોમા એ અમે પ્રગટ ન કરી શક્યા તે આ અંકે પ્રગટ કરીએ છીએ...... તંત્રીઓ. )

' જાઓ એ કુબડી દાસીને બોલાવી લાવો!"

વિતભય નગરના રાજ મહાલયમાં ધમાચકડી મચી ગઇ છે. વાતાવરણ ઉગ્ર છે. કઈ ઘડીએ શું બને એ કહી શકાતું નથી, કારણ કે રાજવી ઉદયનનો ક્રોધ અત્યારે પુરેપુરો ભભૂકી રહ્યો છે. કોણ ક્યારે, એ જ્વાળામાં પડી ખાક થઈ જશે એ એક ભય સૌને માથે તોળાઇ રહ્યો છે.

"રાજન ! આપણા બધા જ હાથીઓના મદ ગળી ગયા છે" જાણે બાકી હોય તેમ ગજશાળાના અધિપતિઓએ આવી એ આગમાં ઘી હોમ્યું અને એ જ્વાળાઓ આસમાને પહોંચી.

"હાથીઓના મદ ગળી ગયા !"

"હા રાજન ! કોઇ મહા હાથી રાત્રીના આવી ગયો હોવો જોઇએ"

" મહા હાથી!" અને જાણે રાજાને પ્રકાશ લાધ્યો "મહા હાથી તો ઉજ્જયનીના ચંડપ્રદ્યોત પાસે જ છે."

"મહારાજા દાસી નથી"

'દાસી પણ નથી ! હાથીઓના મદ ગળી ગયા !! અને દેવાધિદેવની દેવી મુર્તિ પણ નથી ??? જરૂર ચંડપ્રદ્યોત આવીને દાસી અને દેવાધિદેવને લઈ ગયો. જાઓ, સેનાપતિને ખબર આપો કે લશ્કર તૈયાર કરે. હું પણ તૈયાર થઇને આવું છું. અને ઉજ્જયની તરફ કૂચ કરવા તૈયાર રહો"

આમ આખરે રાજવી ઉદયનના ક્રોધનું નિશાન ઉજ્જયનીના રાજવી ચંડપ્રદ્યોત બન્યા, .........

"મહારાજાનો જય હો. અન્નદાતા આ વ્યવહારીક આ પેટીની દાણ આપતા નથી"

"રાજન આ પેટી મારી નથી. આપ કહો તો દાણ હું આપું પણ આ પેટી આપના રાજ્યમાંથી જે કોઈ ખોલે તેની છે."

"પેટીમાં શું છે ?"

"દેવાધિદેવની મુર્તિ, રાજન' !'

"સમાચનો" રાજવી ઉદયને રાજસભામાં હાજર રહેલ સહુ સાંભળે તેમ કહ્યું "આ વ્યવહારીક કહે છે તેમ જે કોઇ આ પેટી ખોલશે તેને તેની અંદર જે કાંઇ હશે તે મળશે."

એક બાજુ પેટી ખોલવા પ્રયત્ન થયા, બીજી બાજુ નગરમાં સમાચાર ફેલાતાં જન સમુદાયના

રોજે રોજનાં રાજસભામાં આવવા લાગ્યાં. રાજસભાનો ખંડ પણ નાનો પડવા લાગ્યો. રાજમહાલયમાં પણ આ સમાચાર પવનની પાંખે ચઢી પહોંચી ગયા.

રાજસભામાં કોઈ રામ તો કોઈ રહેમાન, કોઈ વિષ્ણુ તો કોઈ શંકર, કોઈ કૃષ્ણ તો કોઈ મહાદેવનું નામ લઈ પેટી ખોલવા પ્રયત્ન કરે છે પણ કોઈનું નસીબ દાદ દેતું નથી. રાણીવાસમાંથી રાણી પ્રભાવતી પણ સ્નાન કરી, શુદ્ધ કપડાં પહેરી રાજસભામાં આવ્યાં. રાજમાતાને માટે માર્ગ ખુલ્લો થતાં વાર ન લાગી પેટી પાસે આવતાંજ અરિહંત પ્રભુનું ધ્યાન ધરી પેટી ખોલવા માંડી અને અજાયબીની વાત તો એ બની કે એ કોમળ હાથોએ પેટી ઉઘાડી એટલુંજ નહી પણ પ્રભુ મહાવીરની દેહ પ્રમાણ પ્રતિમા બહાર કાઢી.

આ ચમત્કારીક પ્રતિમાજીની સેવામાં એક દાસીને રાખવામાં આવી હતી તે કુબડી હોવાથી સૌ કોઈ તેને કુબડી દાસીને નામેજ ઓળખતું.

સમય અને વહેણ કોઈની રાહ જોતા નથી. રાણી પ્રભાવતી આ દુનિયાની વિદાય લઈ ચુકયા હતા. કુબડી દાસી પણ કુબડી મટી રૂપસુંદરી બની હતી. ગાંધાર શ્રાવકની માંદગીમાં ચાકરી કરી જડી બુટ્ટી મેળવી હતી અને એના સેવનથી એ રૂપસુંદરી બની.

રૂપ મળ્યું અને દાસીએ રાજરાણી થવાનું ધાર્યું.

મારા યોગ્ય કોણ? રાજા ઉદયન. નહિ નહિ એ તો મારા પિતા તુલ્ય કહેવાય તો? અને એની નજર ઉજ્જયનીના મહારાજા ચંડ પ્રદ્યોત પર ઠરી.

આખર રાજરી ચંડપ્રદ્યોત સાથે નાસી જવાનું નક્કી કર્યું. પ......ણ? પ્રભુવીરની મૂર્તિ વગર કોઈપણ સંજોગોમાં જવા તે તૈયાર ન હતી. આખર રૂપઘેલા રાજવીએ એના જેવીજ પ્રભુની મુર્તિ બનાવરાવી અને પ્રભુની મુળ મૂર્તિની જગ્યાએ આ પ્રતિમાજીને સ્થાપન કરી. એક રાત્રે દાસી અને પ્રતિમાજીને લઈ અનલગીરીની મદદથી પ્રભાત થતાં થતાં તો ઉજ્જયની પહોંચી ગયા.

'અરે!" મૂર્તિ પર નજર પડતાંજ રાજવી ઉદયનના મુખમાંથી અફસોસ સૂચક ઉદગાર નીકળી પડયો.

હા.......રે......ણ!

કારણ કદી ન કરમાતી ફુલની માળા આજે કરમાઈ હતી. દૈવી પ્રતિમાજીનું દૈવી તેજ આજ ઝાંખુ થયુ હતું.

અને એટલેજ રાજાએ કુબડી દાસીને બોલાવી લાવવા આજ્ઞા કરી.

પણ કુબડી દાસી અને પ્રતિમાજી વિતભય નગરને બદલે ઉજ્જયનીમાં હતા. પછી કોણ આવે? કયાંથી આવે? અને માળા પણ કરમાયને જ!

વિતભયનગરની કુબડી દાસી ઉજ્જયનીની રાજરાણી બનીને આવી પણ સાથે સાથે સર્વનાશી યુદ્ધના વાદળો લેતી આવી.

રાજવી ઉદયન ન દિવસ જુવે છે ન રાત, એકજ ધૂન છે ચલો ઉજ્જયની! એકજ વાત છે ચંડપ્રદ્યોતને હરાવવાની!! એક જ ધ્યાન છે પ્રભુની પ્રતિમા પાછી લાવુ!!!

હવા સાથે વાતો કરતી, અતિ ઝડપે કુચ કરતી રાજવી ઉદયનની લશ્કર સેના ઉજ્જયનીની સમીપ આવી પહોંચી. ઉજ્જયનીના બહાદુરો પણ સ્વાગત કરવા તૈયાર જ હતા.

મારો, કાપોના નાદથી, એકી અવાજે પોત પોતાના પક્ષની જય પોકારતા યુદ્ધવીરો પરસ્પર બાખડી રહ્યા હતા. જાત જાતના ઘા ઝીલતા, મરતા ઘા મારતા. લાલ લાલ લોહીના રંગથી યોદ્ધાઓ, મરવું કે મારવું એકજ નિશ્ચય સાથે આગળ વધી રહ્યા હતા.

"મહારાજ ઉદયનની જય"

"સૌવીર દેશના મહારાજા ઉદયનની જય"

'રાજાધિરાજ ઉદયનની જય" ના નાદોથી આકાશ ગાજી ઉઠયું. ભાગ્યદેવી આખરે રાજવી ઉદયનની પડખે જઈ બેઠી અને રાજવી ચંડપ્રદ્યોત જીવતા કેદ પકડાયા.

"સેનાપતિ, અહિંજ પડાવ નાખો."

"જી મહારાજ."

"અને ચાતુર્માસ પણ અહિંજ રહેવું પડશે"

"જેવી મહારાજની આજ્ઞા."

જોત જોતામાં હુકમો છુટયા અને વાત વાતમાં નગર ખડું થઇ ગયું. ચંડપ્રદ્યોતને હરાવી ઉજ્જયનીમાં રાજન ઉદયને પ્રવેશ કર્યો. સીધાજ ગયા દેવ મંદિરે અને પ્રભુની મુર્તિ ઉપાડવા ખૂબ ખૂબ પ્રયત્ન કર્યાં પણ નજ ઉપડી.

"વિતભયા નગર ધૂળથી દટાશે. પ્રભુની પ્રતિમા અહિંજ રહેશે" એવી આકાશવાણી સાંભળી ઉદયન રાજા નિરાશવદને વિજયી લશ્કર અને કેદી રાજા સાથે પાછા ફર્યાં. દાસીને ઉપાડી જનાર રાજવીના લલાટ પર "દાસીપતી" શબ્દો ડામથી પડાવ્યા.

રસ્તામાંજ ચોમાસુ થતાં મુકામ કર્યો. દશ રાજાઓ સાથે હોવાથી એ દશપુર નગર નામે પ્રસિદ્ધ થયું.

આખરે પર્વાધિરાજ પર્યુષણના દિવસો આવ્યા.

"રાજન ! આજ આપ શું જમશો ?"

"તમારા રાજા માટે જે કરો તે જ."

"જી, મહારાજાએ આજ્ઞા કરી છે કે આજે આપના માટે આપ કહો તે રસોઇ બનાવવાની છે."

રાજવી ચંડપ્રદ્યોતના મનમાં વહેમ પડયો, કોઈ દિવસ નહિ ને આજે કેમ પુછાવે છે. જે હોય તે ખરું !

"ભાઇ, તારા રાજા માટે જે રસોઇ બનાવે તેજ મારા માટે બનાવજે."

'આજ અમારા રાજવીને ઉપવાસ છે !

"ઉપવાસ !"

"જી હાં, આજે સાંવત્સરીક દિન હોવાથી તેઓશ્રીને ઉપવાસ છે"

"સાંવત્સરિક દિન ? ઉપવાસ ! તો તો મારે પણ ઉપવાસ છે ભાઇ."

"સારૂં"

આ સમાચાર રસોઇયાએ મહારાજા ઉદયનને આપ્યા, અને રાજવીને ઉંડા વિચારમાં મુકયા.

"શું કહ્યું !" રાજવી ઉદયને ફરી પુછ્યું.

"મહારાજા, આજે એમને પણ ઉપવાસ છે."

"સારૂં, જા." રાજાએ રસોઇયાને જવાની આજ્ઞા આપી.

"શું કહ્યું ! ઉપવાસ !" રાજવી આંટા મારતાં મારતાં વિચારવા લાગ્યો "આજે એમને પણ સાંવત્સરિક દિન છે. એ પણ પ્રભુ વીરના ઉપાસક છે.

તો તો એ મારા સ્વામિભાઈ. અમે બન્ને એકજ પ્રભુના ઉપાસક. એ કેદમાં હોય અને હું પ્રતિક્રમણ કરુ તે પણ સાંવત્સરીક ? એને મેં દુભવ્યો અને હું ક્ષમા માંગ્યા વગર પ્રતિક્રમણ કરૂં ! પ્રતિક્રમણમાં "મિચ્છામી દુક્કડં" પાઠવું. કોને ? શેના ? જો રાજવી ચંડપ્રદ્યોતન ન ખમાવું તો ખમત ખામણા મારાથી કેવી રીતે થાય ! અને કરૂં તો એ શું ફળદાયી થાય ? ના, ના, એ દંભ કહેવાય, ખોટું કહેવાય.

તો......તો એકજ વાત, એકજ રાહ અને તેની ક્ષમા માગવાનો.

શું હું ક્ષમા માગું ? હું કોણ ! હું રાજવી ઉદયન !

ના, ના, રાજવી એટલે શું ! મારી ફરજ છે ચંડપ્રદ્યોતને કેદમાંથી મુક્ત કરવાનો. મારો ધર્મ છે મારા સ્વામીભાઈની ક્ષમા માંગી તેને ફરી તેના અસલ સ્થાને બેસાડવાનો નહિતર હું દંભી.

આ વિચાર આવતાં જ રાજન ઉઠયો, ચાલ્યો, ના, ના, દોડયો અને પોતાના હાથે જ ચંડપ્રદ્યોતને મુક્ત કર્યો, ભેટયા અને ક્ષમા માગી. હું પદ ઓગળી ગયું, નમ્રતાની જીત થઈ

લલાટે લખેલ "દાસી પતિ" શબ્દ ઢાંકવા હીરા જડીત મુગુટ બનાવી આપ્યો અને ઉજ્જયનીનું રાજ્ય પાછું આપ્યું.

આમ, પરા અંતઃ કરણના મિચ્છામી-દુક્કડં એક પરાજીત થયેલ, કેદ પકડાયેલ. દુશ્મન રાજવીને ફક્ત પોતાનાજ સ્વામિબંધુ છે સાંભળતાંજ કેદમાંથી છોડી સાચા મિત્ર અને સ્વામિબંધુ ગણી પોતાના સરખા કરી રાજવી ઉદયને પ્રભુ વીરનો ધર્મ દીપાવ્યો.

"કમ્મે શૂરા તે ધમ્મે શૂરા"

# અર્ધ્ય...

લે. ચીમનલાલ રતનચંદ સાંડસા.

( અષાડ વદ સાતમના શુક્રવારના રોજ મુનિશ્રી ધનવિજયજી સમાધિસ્થ બન્યાં. તેઓશ્રીના ગમનથી રાજપુર સંઘ ખૂબજ ગમગીન બને છે. અને તેમના સંદેશને યાદ કરે છે. પૂજ્યશ્રી તરફ ભક્તિભાવ દર્શાવતું શ્રી સાંડસાના અંતરનું આ કવન સદ્‌ગત પ્રત્યે નાની શી એક અંજલી અર્પી જાય છે ........તંત્રીઓ )

ક્યાં રે ગયા રે ગુરૂજી ક્યાં ગયા.
હમણાં હતા ને ગુરૂજી ક્યાં ગયા.
પાટે બેઠા હતા ને ક્યાં ગયા.
ગુરુજી વિના ઘડી ન રહેવાય રે.
ગુરૂજી મારા ગુણિયલ ગુરૂજીને વંદણા ॥ ૧ ॥

સતાવીસ ગુણોથી શોભતા
શાંતદાંત ત્યાગી વૈરાગી મારા વીરરે...ગુરૂજી મારા. ૨

શાંત વદને મધુરી દેશના આપતા.
શ્રોતા જનોને ધર્મ જાગૃતી થાયરે...ગુરૂજી મારા ૩

સીનોર ગામના ત્યાગી વીરને વંદણા
હરખી હરખી પધાર્યા હતા આપરે...ગુરૂજી મારા. ૪

માતા પિતાનું નામ આપે શોભાવ્યું.
ચારિત્ર લઈ પાળ્યું તમે પવિત્રરે...ગુરૂજી મારા. ૫

ધન્ય વિજયજી ધન્ય ધન્ય આપને.
ઉજ્જવળ કીધું આપે આપનું કુળરે...ગુરૂજી મારા. ૬

વાંક અમારો શું આવીયો.
ગંભીરતા રાખી કરવો હતો માફરે...ગુરુજી મારા. ૭

આપનો વિયોગ લાગે આકરો.
આંખે માંથી વહેછે આંસુ ધારરે...ગુરુજી મારા. ૮

પર્વ પર્યુષણ રૂડાં આવીયાં.
હરખ હતો સૌને અપરંપારરે...ગુરૂજી મારા. ૯

વહાલા ગુરુજી આમ શું કર્યું
તપસ્યાઓ કરવાના બહુ ભાવરે...ગુરુજી મારા. ૧૦

ઉપાશ્રયમાં શી રીતે આવીયે.
હૃદય અમારાં ભરાઈ રડી જાયરે...ગુરુજી મારા. ૧૧

ગુણો અમે શું સંભારીયે.
રાગી બનાવી લીધી ઝટ વિદાયરે...ગુરુજી મારા ૧૨

સુનુ લાગે છે સ્વામી આપ વિના.
સ્વપ્ના સરખો વહી ગયો કાળરે...ગુરુજી મારા. ૧૩

સરળ હતા ને કઠોર કેમ થયા.
દયા ન લાવી અમો ઉપર લગારરે...ગુરુજી મારા. ૧૪

રૂણી છીએ અમો આપના.
રૂણ મુક્ત કીધા નહી લગારરે...ગુરુજી મારા. ૧૫

કસોટી આપે અમારી ના કરી.
સેવા કરવા હતી ઘણી હોંસરે...ગુરૂજી મારા. ૧૬

યાદ આવો છો ગુરુજી ઘડી ઘડી.
સંભારીને થાય છે દુઃખ અપારરે...ગુરુજી મારા. ૧૭

ઘણું લખ્યું ગુરુજી શા કામનું
લખ્યું હવે તો ના લખ્યું થાયરે...ગુરુજી મારા ૧૮

રાજપુર સંઘની વંદણા સ્વીકારજો.
આપગુરુના ચરણકમળ માંયરે...ગુરુજી મારા. ૧૯

વાંક અમારો ક્ષમા કરો.
"મિચ્છામી દુક્કડં" આપીએ ઘણીવારરે...
ગુરુજી મારા ૨૦

શાન્તી મળજો સ્વામી આપને.
વંદીએ અમે અંતરથી ઉદ્‌ગારરે...ગુરુજી મારા ૨૧

અમ્મા અમ્મા ગુરુજી આપને.
ધન્ય વિજયજી ધન્ય ધન્ય તમ અવતારરે...
ગુરુજી મારા. ૨૨

"ચિમન" અરજ કરી વિનવે.
સેવા માગે આપની વારંવારરે...ગુરુજી મારા. ૨૩.

# શાન્તિની શોધમાં....

લે. નાગકુમાર મકાતી.

( શ્રી મકાતી પોતાના વ્યવસાયમાં ખૂબ જ વ્યસ્ત રહેતાં હોવા છતાં પણ "બુદ્ધિપ્રભા" માટે સદાય તૈયાર રહ્યા છે અને અનેકવાર તેઓશ્રીએ આપણને પોતાની કૃતિઓ આપી છે. પર્યુષણ નિમિત્તે તેઓશ્રીનો આ લેખ આવેલો પરંતુ અનિવાર્ય સંજોગોને લઇને અમો તે પ્રગટ નહોતા કરી શક્યા. આજ શાન્તિનો સાચો મર્મ સમજાવતો તે લેખ અત્રે પ્રગટ કરીએ છીએ......તંત્રીઓ )

આ/પણે પ્રતિક્રમણમાં ભવ્ય પ્રાણીઓને સંભળાવીએ છીએ भो भो भव्याः 'शृणुतवचनं प्रस्तुतं सर्वमेतद् હે ભવ્ય લોકો આ બધાં પ્રસ્તુત વચનો સાંભળો. અને આ પ્રસ્તુત વચનો કેવાં ? કેવળ શ્રમણ સંઘનેજ નહિ પણ આખાયે બ્રહ્મલોકની શાન્તિથાઓ. श्री ब्रह्म–लोकस्य शान्तिर्भवतु અને સારાયે-જગતનું કલ્યાણ થાઓ, शिवमस्तु सर्व जगतः બૃહત્ શાન્તિના લેખકે જે કહ્યું તેનું આપણે ઉચ્ચારણ કરી જઇએ છીએ. પરંતુ કેવળ ઉચ્ચારણોથી કે ભાવનાઓથી શાન્તિ આવે ખરી ? આવવાની હોત તો કયારની આવી ગઇ હોત કારણ કે આપણે સેંકડો વર્ષોથી શાન્તિનું ઉચ્ચારણ કરીએ છીએ અને હજારો રૂપીયા ખરચીને શાન્તિ સ્નાત્રો પણ ભણાવીએ છીએ પણ હજી શાન્તિનાં દર્શન નથી જગતમાં થતાં કે નથી આપણા સંઘોમાં થતાં. શાન્તિથી આપણે એટલા દૂર છીએ જેટલી આકાશથી પૃથ્વી દૂર છે.

શાન્તિની વાત કરવાથી શાન્તિ આવતી નથી. શાન્તિ માટેના સાચા પ્રયત્નો કરવાથી જ શાન્તિ આવે છે. બૃહદ્ શાન્તિકારનો આશય એવો લાગે છે કે શાન્તિની ભાવના રાખનારે–જગતનું કલ્યાણ ઇચ્છનારે શાન્તિ માટે પુરૂષાર્થ કરવો જોઈએ; ક્રિયા કાર્ય કરવું જોઇએ તોજ સંઘ, જગત, જનપદ, રાજાધિપ, ગોષ્ઠિક પૌરમુખ્ય, પૌરજન વગેરેમાં શાન્તિ ફેલાય. શાન્તિ ઇચ્છનારે પહેલાં પોતાનું મન સાફ કરવું જોઇએ, પછી પોતાનું ઘર સાફ કરવુ જોઈએ અને પછી વિશ્વ શાન્તિની આશા રાખવી જોઇએ. ભો ભો ભવ્યા–ભવ્ય પુરૂષો હજી પોતાનું ઘર વ્યવસ્થિત કરી શકતા નથી, સંઘમાં શાન્તિ આણી શકતા નથી અને જગત શાન્તિની વાતો કરે છે.

નાને મોટ મોટી વાત નથી લાગતી?

શાન્તિ સ્તોત્રનો ઉચ્ચાર કરનાર શાન્તિ માટેના પ્રયાસો કરે છે કે અશાન્તિ માટેના ભવ્ય જનોએ પોતાના આત્માને પૂછવું જોઇએ. આપણે ભવ્ય પલટણ સ્વભાવવાળા થયા છે ખરા? પલટાવા માગીએ છીએ ખરા? કે સ્તોત્રોચ્ચારમાં જ આપણું ઇતિ કર્તવ્ય થઈ જાય છે?

શાંતિ સ્નાત્રો હજી કેમ ફળતાં નથી? શાંતિના સહૃદય સાધકોને હાથે શાંતિસ્નાત્રો થતાં હોય તો ફળવાં જ જોઇએ. જે શાન્તિ શાન્તિના સ્નાત્રોમાં કે સ્તોત્રોમાં છે તેતો સાચી શાન્તિ માટે આપણું માનસ તૈયાર કરવા માટે છે. શાંતિ માટેનો પુરુષાર્થ ફોરવવા માટેની તેમાં પ્રેરણા પડેલી છે. તે પ્રેરણાનાં પિયૂષ પીવાને બદલે આપણે કેવળ પોપટીયા ઉચ્ચાર કરી જઇએ તો તે કેમ ફળે?

આપણી શાંતિ એ હોઠની શાંતિ છે. દિલની નથી. श्रमणसंघस्य शान्तिर्भवतु શાંતિકારે કહેલી આ શાંતિ શું આકાશમાંથી આપો આપ ઉતરી આવવાની છે? કદિ નહિ. શાંતિ માટેનો સાચા દિલનો પ્રયત્ન શ્રમણસંઘમાંથી થાય તો જ शान्तिर्भवतु ફળે તે રીતે ગૃહસ્થ સંઘોમાંથી નિપજે તે માટે ગૃહસ્થોએ પ્રયત્ન કરવો રહ્યો. સક્રિય પ્રયત્ન વિનાનું નિષ્ક્રિય ઉચ્ચારણ હજી હજારો વર્ષ સુધી શાંતિ બોલીશુ તો યે આવવાનું નથી.

## આભાર ને અભ્યર્થના

"બુદ્ધિપ્રભા" ને વાચનક્ષમ અને વૈવિધ્ય સભર બનાવવામાં લેખકોનો નોંધપાત્ર સહકાર સાંપડયો છે. અને "બુદ્ધિપ્રભા" ને આજ સુધી બોલતુ રાખ્યું છે. તેઓ સૌના ઉમદા સાથ ને સહકાર માટે અમે ઉપકૃત છીએ. સહકારનું એ ઝરણું અસ્ખલિત વહેતું રહે એજ વિનંતી—તંત્રીઓ.



# પતનની પગથારે....

લે. રાજેશ



( "બુદ્ધિપ્રભા"ના લેખકવૃંદમા શ્રી રાજેશનું સ્થાન અનેરું છે. અત્યાર સુધીમાં તેઓશ્રીએ આપણને પુષ્પ પરાગ આપીને સુવાસીત કર્યા છે. આ અંકે ઇતિહાસની ભુલાઇ ગયેલી કેટલીક કડીઓની અહીં યાદ આપે છે. માનવ મન ચંચળ છે. અને એજ અસ્થિરતા માનવીને પળવારમાં કયાંનો કયાં લઇ જાય છે તેનું આબેહુબ ચિત્રણ કરતી આ વાર્તા અનેક કામમાં પણ ધ્યાન ખેંચે તેવી છે......તંત્રીઓ )

મોટા મોટા મહાલયોને ત્યાગી રાજ વૈભવને ઠોકરે મારી એકજ માત્ર સામાન્ય નીમિતથી મહર્ષિ પ્રસન્નચંદ્ર રાજર્ષિ નાના સ્તનપાન કરતા બાલકને રાજગાદીનો નેતા બનાવી મહાવીરના ત્રણ માર્ગના અનુયાયી બન્યા.

એમની સુકોમળ કાયા વનવગડોનાં કષ્ટો વેઠવા તત્પર થઇ ગઇ. રાજવૈભવ રૂપની અગાધ રાશી સમી રાજરાણીઓ એના ત્યાગના પંથે દીવાલ બની ગઇ. છતાંય કેશરી સિંહની એકાદ છલાંગની જેમ એ દુર્ભેદ્ય દીવાલો ભેદી આથી નીકળ્યો એમના મનમાં અને તનમાં ત્યાગની જ ધૂન હતી. મગધની પ્રજા ધન્ય ધન્યના અવાજો કરી રહી.

પણ... પેલા યોગી... મહાત્મા પ્રસન્નચંદ્ર તો સ્મશાનમાં હજારો ભૂતના બીહામણા શબ્દોથી ગાજતા ભયંકર મસાણમાં, ન હતો માનવ માત્રનો સંચાર એવી નિર્જન ભૂમિમાં પગ ઉપર પગ રાખી સૂર્ય સામે દ્રષ્ટિ સ્થાપન કરી ઘોર તપસ્યા શરૂ કરી કોઇક વખત દૂર દૂરના ક્ષિતિજમાંથી સ્નેહ સરિતાના અમૃત ઝંકાર કરતા રામ રસીલાના સરસ શબ્દ વીંધી પડતા કાનમાં ગુંજી ઉઠતા તે શબ્દો હતા...

પ્રણમું તુમારા પાય પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય
રાજ છોડી રળીયામણું રે જાણી અપાર સંસાર
વૈરાગે મન વાળ્યું રે લીધો સંયમ ભાર
પ્રસન્નચંદ્ર...૧

એ પુણ્યાત્મા પ્રસન્નચંદ્ર ત્યાગી બન્યા. અંચલો દૂર ફેંકાયો છતાંય એમનું તેજ પ્રસન્નચંદ્ર પૂર્ણચંદ્ર જેવું જ ઝળકતું હતું જંગલના વનચરો, હિંસકો પણ એમની સમતા સરિતાના વહેતા પ્રવાહમાં નિર્મળ બનતાં હતાં

મગધની રાજધાનીમાં જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર પધાર્યા છે. શ્રમણોપાસક મહારાજા શ્રેણિક ચતુરંગી સેના લઇ વંદન કરવા જઇ રહ્યા છે, રાજ માર્ગના ચતુષ્પથો પરથી પસાર થતી એમની ચતુરંગિણી સેનાએ નગર બહાર આવી, એક નાની કેડીનો આશ્રય લીધો.

રાજમાર્ગ છોડી ને આ અવળા માર્ગે કાં ચડો છો ? આ માર્ગે તો મસાણ આવે છે મસાણ... એક ઉતાવળીયો ઉકળી ઉઠયો.

ભાઇ ! એ મસાણમાં જ મોક્ષનો ફિરસ્તો રહે છે. શિવરમણીનો રસિયો એના સ્મશાનના રંગ

મહેલોમાં વસે છે. મગધરાજ તેમને વંદન કરી પછી ગણ લોકના નાથ મહાવીરના સમવસરણમાં પધારશે. એક શાણા માણસે ધીરે રહી જવાબ આપ્યો.

સેના આગળ ધપી રહી હતી. અધીર નયનો મહાત્માને નીરખવા ઉલ્લસી રહ્યાં હતાં. એક ક્ષણ...... બે ક્ષણ...... પાંચ ક્ષણ...... ધીમે ધીમે મુનિ દેખા દેવા લાગ્યા.

અહા ! કેવી કૃશ કાય !......સરસ રસવતીના ભોજન નથી. મજ્જન, સ્નાન, શરીરથી સુસજ્જ દેહ ની શોભા આજે ન હતી. પણ મુખ ઉપર તપની માત્ર તેજ છાયા હતી...

મગધરાજે ભાવભીના હૃદયે હાથીની અંબાડી પરથી ઉતરી મુનિની ચરણ રજ માથે લગાડી...... આવી ઉગ્ર તપશ્ચર્યાના તેજ આગળ એમની રાજ સિદ્ધિ પણ ઝાંખી પડી ગઇ હતી.

સૂર્યના તેજથી સુકોમળ કાળા કાળા કોલસા જેવી બની ગઈ હતી, મુકુટ રહિત મુંડિત મસ્તક સૂર્ય કિરણોથી આરસી સમું ભાસતું હતું.

આવી ઘોર તપશ્ચર્યા જોઇ લોકો ડોલી ઉઠયા.

રાજરસિયો જ્યારે ત્યાગનો રસિયો બને છે ત્યારે તે કમ્મર કસીનેજ આગળ વધે છે ભગવાન મહાવીરે જ એક વચન નહોતું કહ્યું કે કમ્મે શુરા ધમ્મે શુરા એક ભાવુક હૃદયના એ સૂરો હતા.

પણ તમને એ ખબર છે, કે મોટા દમાના પૂજારી બન્યા છે પણ દૂધ પીતા નાના બાળકને રાજા બનાવી મોટું રાજ્ય સોંપ્યું એ બાલકની તે બીચારાની કઈ રાજ્ય કરવાની તાકાત હતી કે રાજ સંભાળી શકે ? સીમાડાના રાજાઓએ વિશાળ રાજ્ય ઉપર તરાપ મારી છે વૃદ્ધ મંત્રી બાલરાજાની હવે શી વલે થશે ? એ વિમાસણથી અધીરો અધીરો થઈ ગયો છે. અને આ યોગીને છે કંઈ ચિન્તા!......બસ, અહિંસાના ઉપાસક બન્યા એટલે પતી ગયું. રાજ્યમાં લોહીની નદીઓ વહેશે એ એમને ક્યાં જોવું છે !

દુર્મુખ નામના દૂતે વચ્ચેજ પોતાનું વાંકું ભાષણ બેસાડી દીધું.........

રાજા અને સેના પસાર થઈ ગઈ હતી. ફરીને હતી તેવીજ શાંતિ પથરાઇ ગઈ. એ જ નિર્જન વન, એજ એકલા અટૂલા યોગી, એજ એમનું શાંત તપોવન પણ મુનિના હૃદયમાં અજબ મંથન ચાલુ થયું હતું, સમતાના મઢ ભાંગીને ભૂક્કો થઇ ગયા. બાહ્ય શાંતિ હતી પણ અંતરમાં અશાંતિની આગ ભભૂકતી હતી.

હું.........અંદર બેઠેલો વનસિંહ ત્રાડી ઉઠયો.

હું પ્રતાપી રાજા વિદ્યમાન હોવા છતાં, મારા રાજ્ય ઉપર પાચો બોલનાર છે કોણ ? અરે ! મારા ભુજબલનું એ દુષ્ટોને ભાન જ રહ્યું......હાં......પણ હજુ હું જગતમાં જીવતો છું. મારા જીવતાં મારી રાજ્યભૂમિની એક કાંકરી પણ આઘી પાછી કરવાની કોઇનીય તાકાત નથી.

ત્યાગી બનેલા રાજર્ષિ ભાન ભૂલ્યા. જીવનના મહામૂલા સમતા મંત્રને ભૂલ્યા. એમનું ચંચલ મન રણ મેદાનમાં પડયું. એમની આંખો બંધ છે. ધ્યાન તેવું ને તેવુંજ છે. છતાંય આંતરની બધી જ રેખાઓ બદલાઈ ગઇ...... મુખના મોઝે જાણે એમનુ મન શત્રુઓને ઘાયલ કરી રહ્યું છે. બસ એક બે ત્રણ શત્રુઓ ધૂળમાં રગદોળાઇ રહ્યા છે.

વાહ ! મન તારી કેવી અજબ નાક સ્થિતિ છે...... શિવ રમણીના રસીયા મહામુનિને પણ મ્હાત કરી દીધા. એમની ત્યાગ દશામાં તું અંતરાય ભૂત બની ગયું

મગધેશ્વર દિગ્મૂઢ બની આગળ વધી રહ્યા છે. તેમના હૃદયમાં જાણે કોઈ જુદા જ વિચારો

રખી રહ્યા છે. આવા ઉત્કૃષ્ટ ત્યાગી પ્રસન્નચંદ્રને જોઈ તેઓ હર્ષઘેલા બની ગયા છે......રાજા પણ જ્યારે ત્યાગી બને છે ત્યારે આવી ઘોર યાતનાઓ સહી શકે છે. એનો દાખલો પહેલો આજેજ એમને જડયો હતો.

પાંચ અભિગમ સાચવી પ્રભુના સમવસરણમાં આવી મહા પ્રભુ મહાવીર સ્વામીને વંદન કરી મગધેશ્વરે પ્રશ્ન કર્યો.

"ભગવન્ ! પ્રસન્ન ચંદ્ર રાજર્ષિ હમણાં જો મૃત્યુ પામે તો કઈ ગતિમાં જાય ? "રાજન" ! એ ઋષિ જો હમણાં મરે તો સાતમી નરકે જાય !

હેં ! હેં ! આવો ઉત્કૃષ્ટ તપસ્વી. વનવગડામાં શરીરની પણ પરવા કર્યા વિના એક જ આત્મ-ધ્યાનમાં સ્થિર રહેનાર માટે સાતમી નરક......મહા આશ્ચર્ય, ભગવન ! આપે શું કહ્યું ! હું ન સમજ્યો એ મુનિ કઇ ગતિએ જાય !

છઠ્ઠી નરકે ! તેટલીજ મક્કમતાથી સામેથી જવાબ આવ્યો સવાલ અને જવાબની ધારાઓ આગળ વધી. વારંવાર જુદા જુદા જવાબથી મગધેશ્વર મુંઝાયા,

પણ......થોડી વાર ભગવાનનો જવાબ ફર્યો. રાજન્ ! એ ઋષિ હમણાં જો મરે તો પહેલા દેવલોકે જાય.

ભગવાન ! આપ પુનઃ પુનઃ જવાબ બદલો છો. એનો અર્થ મને કઈ સમજાતો નથી. આપ આ પામર પ્રાણી પર કૃપા કરી સ્પષ્ટ સમજાવો,

રાજન ! તમે જ્યારે એ મુનિને વંદન કરવા ગયા ત્યાર પછી દૂતના મુખે પોતાના દેશ ઉપર અન્ય રાજાઓએ આક્રમણ કર્યું છે એમ જાણતાંજ તુરત મનની દશા અવળી દિશામાં વળી ગઇ...... મનની અંદર જ એમણે યુદ્ધ આરંભ્યું.

યુદ્ધની મરવા મારવાની હિંસક પ્રવૃત્તિ વાળાને માટે તો નરકજ હોય ને !

"मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयो"

ત્યાગી વેશે રહેલા એ મુનિની મનની સ્થિતિ જ્યારે થોડી સુધરી ત્યારે તેમને દેવગતિમાં જવા યોગ્ય ભાવની શરૂઆત કરી હતી.

બન્યું એમ કે—એમના માનસિક યુદ્ધમાં દરેક શસ્ત્રો પૂરી થયાં. ઘણા ઘાયલ થયેલા શત્રુ એમની આંખ સામે તરવરતા હતા હજુ શત્રુદળ ઘણું વિશાળ હતું ક્રોધમાં ભાન ભૂલેલ રાજર્ષિએ શત્રુને હણવા માથાનો મુગટ શત્રુને મારવા વિચાર કરી માથે હાથ મૂક્યો.

અરે આ શું ? હું તો મૂંડિત છું ભગવાનનો શિષ્ય છું. રાજવૈભવને ત્યાગી યોગનો યાત્રિક બન્યો છું...... આવું દુર્ધ્યાન મને દુર્ગતિમાં ધકેલી દેશે.

અને પશ્ચાતાપની ભઠ્ઠીમાં આત્મ સુવર્ણ સતેજ બન્યું.

મહાવીર સ્વામી અને મગધેશ્વર વચ્ચે વાત પૂરી થાય તે પહેલાં જ આકાશમાં દેવદુંદુંભી ગાજી ઉઠી ક્ષણ પહેલાં સાતમી નરકે જનાર શિવગતિ ગામી બન્યા.

દૂર દૂરમાંથી આકાશ પડલ ને ચીરી એક અવાજ આવી રહ્યો હતો.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું......એ વાત નહિ ખોટી.

# અંતરના અંધારાં....

લે. યોગીન ભરવાડા "તરંગી"
ડી. ગ્રામ (મવર્ન) પાલીદ

( શ્રી તરંગી એક આશાસ્પદ લેખક છે. તેમના લખાણોમાં અભ્યાસ ને અધ્યયન છે. "બુદ્ધિપ્રભા" ના વાચકો સમક્ષ "આત્માનું મુક્ત ઉડ્ડયન" લઈને તેઓ એક વખત આવી ગયા છે. આજ ફરી ઉડ્ડયનથી નીચે ઊતરી અંતરના અંધારા ઉલેચવા અત્રે ઉપસ્થિત થાય છે...તંત્રીઓ )

આત્માની આજુબાજુ ફરી વળેલાં આવરણો કાઢી નાખવાથી, આત્માના ધર્મો બહાર આવશે. સદ્વસ્તુ શું છે— શીલ, સદાચાર, સત્ય અને સૌન્દર્યને ગ્રહણ કરવાની શક્તિ આત્મામાં જાગૃત થશે. આત્મા આપણા વ્યક્તિગત જીવનની અંતરગત શક્તિ છે. આપણી લાગણીઓનો આંતરિક અનુભવ છે. વૃત્તિઓના ઉદ્દામપણામાં રહેલી કુરૂપતાઓને સ્થાને સંયમની સપ્રમાણતામાં રહેલું સૌંદર્ય જીવનની ભાવના બને છે

સૌંદર્ય અને મોહ વચ્ચે જગત ઝુલતું જ રહ્યું છે પણ મોહને મુકીને આત્મતત્ત્વને ઝીલવાની કે ન ઝીલવાની અનોખી આવડત માનવીને મળી છે, અજીતને જીતમાં ફેરવવી એજ સાચું પરાક્રમ છે. પૃથ્વીની પાર્થિવતાનો મહિમા તે મોહ. એ મોહને ખાંડવો જોઈએ—માનવીને એ આવડત મળી છે,

મરણનો સામનો કરવો એ જીવનનું લક્ષણ છે. વિનાશને માર્ગે લઈ જતાં વિઘાતક બળનો સામનો કરવો તે કોઈ જીવંત સંસ્કૃતિનું લક્ષણ ગણાય છે. હિન્દુ ધર્મ અને તેની સંસ્કૃતિએ અનેકવાર પરધર્મ અને પર સંસ્કારના જીવલેણ આક્રમણોનો પ્રતિકાર કરીને સમર્થપણે આત્મરક્ષણ કર્યું છે. ઘણીવાર નિષ્ક્રિય બની ગયેલાં પોતાના જીર્ણ અંગોનો ત્યાગ કરીને હિંદુ ધર્મ આત્મ શોધક પ્રવૃત્તિ વડે નવીન ચૈતન્યનો આવિર્ભાવ પોતાની જાતે કરી શક્યો છે એ પણ તેના ઇતિહાસની એક વિશિષ્ટતા છે.

માનવમન અનેક લાલસામાં અટવાયેલું રહેતું હોય છે. રંગ-રાગને એશઆરામમાં માનવ-આત્માની થતી વિડંબના સમજી શકતો નથી. દૈહિક ઊર્મિલતા ને આપડતો ક્ષણિક સંતોષ માનવને ખરા રાહથી ચલિત બનાવી દે છે. તેનામાં જે સારી અને ખરાબ વૃત્તિઓ હોય છે તેમાં ખરાબ વૃત્તિ સારી વૃત્તિ ને દબાવી દે છે. ખરાબ વૃત્તિથી અનિષ્ટ થશે. એ જાણવા છતાં મનુષ્ય ખરાબ વૃત્તિને તાબે થાય છે. આપણે સદાચારણી થવું જોઈએ એવું જ્ઞાન હોવા છતાં આપણે સદાચારણી થઈ શકતા નથી. કેટલી કરૂણતા !

જીવનની વિષમ પરિસ્થિતિ સામે ઝઝુમતો, મહાન સંકટોનો સામનો કરતો, પોતાની સામે આવી પડેલાં સંયોગોની ભયંકરતા સામે લાચાર બનતો અને છેવટે પોતાના સ્વભાવની નિર્બળતાના કારણે

અથવા કુદરતના નિયમોના ઉલ્લંઘનને કારણે કચડાતો માનવ જ્યારે આવી પરિસ્થિતિથી લાચાર બની જાય ત્યારે......ત્યારે તે આત્માવાદી નથી રહેતો. માનવ માનવીની આધ્યાત્મિક શકિત માટેનો વિશ્વાસ પણ તે ગુમાવા બેસે છે. મનુષ્યનો આત્મા એના શરીરથી સ્વતંત્ર છે એમ પણ તે સ્વીકારી શકતો નથી. આતમ માનવેતર અને બુદ્ધિગમ્ય ન હોય તેવા અંશો તેમજ તત્વદર્શી વિચારોને દૂર કરવાની વાતો કરવા માંડે છે અને તેના બદલામાં માત્ર ઐહિક જીવનનો વિચાર તેના સ્થૂળ સ્વરૂપે કરી તેના વિવિધ અંગોના કારણને નિહાળવા પ્રયાસ કરે છે. પ્રત્યક્ષ જગતના અનુભવ અને જ્ઞાનની સાથે તેની આધ્યાત્મિક તુલના કરવી તેમને વ્યર્થ લાગે છે. આવા સમયે તેના આત્માને જે અનુભૂતિ થાય છે તે જ તેમને માટેનું જાણે આત્મતત્ત્વ માટેનું બની જાય છે. એમના ચક્ષુઓનો પરિઘ મર્યાદિત બની રહે છે. એમની વૈભવી, એમની અસંતોષી વૃતિ, ધન લાલસા માયાનો મોહ, વૈભવ માટેની વિલાસિતા, મેથી મુરાદો ન મળ્યું તેનો લાભ લેવાની અધમ વૃતિ વગેરેના આવરણો જ્યારે માનવમન પર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે માનવીની આધ્યાત્મિક પતનની ઘડી જ આવી ગઇ હોય છે પરંતુ ત્યારે તે સંયોગોમાં એવા માનવોને એ વસ્તુ હરગીઝ સ્વીકાર્ય બનતી નથી. એને મન આત્મા જેવી કોઇ વસ્તુજ નથી રહેતી. આત્મા પરના આવરણો કોને કહેવા! અથવા વળી જતું મુલાયમ જીવન, એશઆરામી જીંદગી, અમનચમન અને વૈભવની કોળમાં એમની "ફિલસુફી" હોય છે જીંદગી મળી છે તો જીવવા માટે. પાપ પુણ્ય એ તો મનના માનેલાં કારણો છે. સ્વર્ગ, નરક એ પણ કાયર માણસોએ ઉભી કરેલી ભ્રમજાળ છે આવી વાહિયાત વાતો પણ એઓ કરતા હોય છે.

આત્મા પર ફરી વળેલાં આવરણો દૂર થાય તો જગતમાં પ્રવર્તતી આ અસમાનતા દુઃખદ અને કારમી પરિસ્થિતિ ન જ રહે. "જીવો અને જીવવા દો" ની જેમ સૌ સલામત જીવી શકે પરંતુ આજના વૈજ્ઞાનિક યુગમાં આત્માવાદની વાતો વિસરવા માંડી છે આત્મા સાથે વિડંબના થતી જોવામાં આવે છે. ખબર નથી કોઇને કે આનો અંત શું હશે? વિજય કોનો હશે આત્મવાદીઓનો કે જીંદગીને વિલાસનું સાધન માનતી માનવ ખોપરીઓ નો!

---

## ✱ જાહેર સુચના ✱

**શાસનરક્ષક**

**શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમોનમઃ**

**મહુડી તીર્થે** આવનાર યાત્રાળુઓને વિજાપુરથી મહુડી એસ. ટી બસ સર્વિસ ચાલુ થઇ છે. તો વિજાપુર સ્ટેશને ઉતરવાથી વિજાપુર નવ દહેરાસરો, સમાધિ મંદિર તથા જ્ઞાન મંદિરના દર્શનનો લાભ મેળવી શકાશે.

—: હાલના—ટાઇમો :—

| વિજાપુરથી ઉપડશે | મહુડી પહોંચશે | મહુડીથી ઉપડશે | વિજાપુર પહોંચશે |
|---|---|---|---|
| બપોરે ૧-૦ | ૧-૪૫ | સવારે ૧૦-૧૫ | ૧૧-૦ |
| સાંજે ૪-૩૦ | ૫-૧૫ | બપોરે ૩-૩૦ | ૪-૧૫ |

લિ. શ્રી મહુડી તીર્થ જૈન શ્વેતામ્બર

કારખાના

# પ્રકાશની પગદંડીએ !...

લે. આ. મ. સા. શ્રી કીર્તિસાગરસૂરીજી

(દરેક ધર્મના પર્વને તેનું આગવું આકર્ષણ હોય છે. તેના જુદા જુદા વ્યવહાર હોય છે. "દીવાળી" ભારતમાં દરેક ધર્મ ઉજવે છે. પરંતુ જૈન ધર્મની "દીવાળી" ના વ્યવહાર જુદા છે. એનું સ્વાગત એની અનોખી રીતે જ થાય છે. આચાર્ય ભગવંતની જ્ઞાન સમૃદ્ધિની કલમે લખાએલો "દીવાળી" નો એ વ્યવહાર જાણવા આ લેખ જરૂર વાંચો......તંત્રીઓ.)

દીપાવલી પર્વ આવતાં ધનતેરસથી શરૂ થશે. તેનું સ્વાગત કરવા દરેક માનવી એના ઘરને સાફ કરશે. કચરા કાઢી આંગણામાં વિવિધ ભાતવાળી રંગોળી પૂરશે સુંદર કપડાં પહેરશે ઘરેણાં પહેરશે ને મીઠાઇઓ જમશે ને ખૂશ થશે. આનંદ માણશે દુકાનદારો બારણાં રાખશે. ગોખમાં દીવા મૂકશે મેનો ઝરૂખે દીવા પેટાવશે. દીપમાળ બનાવશે.

ધનતેરસે ધન ધોવાશે, લક્ષ્મીની પૂજા થશે. ધનની પ્રાર્થના થશે. કેટલાક શોખીનો નાટક ઘરોમાં જશે ચિત્રપટો જોવા જશે. જલસા કરશે. દેવું વાળશે હિસાબ ચોખ્ખા કરશે. નવા ચોપડા લખશે.

પણ જગત આજ બાહ્ય અંધારા દૂર કરવામાં સફળ બન્યું છે. પરંતુ અંતરના અંધારા દૂર કરવા માટે શું! કામ, ક્રોધ, મદ, માયા, લોભ, અહંકાર આદિ એ અંતરના અંધારા છે. વિકાસની એ કાજળ કાળી રાતો છે અને એ દૂર કરવા માટીના કોડીયા નહિ જ્ઞાનનો દીપ પેટાવવો પડશે. સમ્યક્‌ત્વની જ્યોત જગાવવી પડશે.

બહારના એ દીવાઓ તો પવનના ઝપાટે બુઝાઇ જશે. અને આજે દીવાળી દેખાશે પણ પછીથી તો અંધારું જ રહેશે, પણ જ્ઞાનનો એ દીપ તો દીવાળી નહિ હોય તો પણ દીવાળી કરાવશે. રાતના અંધારા પણ એ દૂર કરશે અને અંતરને પણ અજવાળશે.

જ્ઞાનની એ જ્યોત અંધારા દૂર કરશે. સત્યનો પંથ દેખાડશે. સાચાની ઓળખ કરાવશે. મારા તારાના ભેદ મીટાવશે હાના ના કંકાસ હળવા કરશે. મિથ્યાત્વનો નાશ કરશે. આસક્તિને હટાવશે અને એના અજવાળે જ સુખ શાંતિ લાધશે.

આ દીવાળી તો ક્ષણિક છે. એના પ્રકાશને મર્યાદા છે. પણ જ્ઞાનની દીપમાળ તો અનંત છે. એનો પ્રકાશ અખંડ છે. એના અજવાળે માનવભવ સાર્થક કરો ધર્મ આરાધન કરો; કારણ તેમાં માનવતા છે; દિવ્યતા છે.

દીવાળીના દિવસોમાં સારું સારું જમશો; સુંદર સુંદર કપડાં પહેરશો અને મોજ-મઝા કરશો પણ સમય જતાં એ આનંદ નહિ જ રહે. બીજું વેપાર ધંધાનું દેવું ચૂકવશો પણ એ આનંદમાં ડૂબશો તો કર્મ રાજાનું દેવું તો બાકી રહેશે! મિથ્યાત્વના મોટા ખર્ચથી થયેલા એ દેવા જ રહી

જશે. માટે દીવાળી એવી ઉજવો કે ભયંકર કર્મોનાં દેવા ચૂકતે થઇ જાય. અને એ દેવું ચૂકવતાંજ અંતરમાં અજવાળું થશે. બાકી રહી ગયેલા કર્મ વિપાકોનો નાશ કરવાની શક્તિ જાગૃત બનશે. એને દૂર કરવાની એક અનોખી તાકાત જનમશે.

જગત જે રીતે દીવાળી ઉજવે છે તે પ્રમાણે સમકિત ધારી અને શ્રદ્ધાવાન શ્રાવક દીવાળી ઉજવે નહિ. એ તો લોકોત્તર દીવાળી જ ઉજવે, અને સાચી ઉજવણી તો એજ દીવાળીમાં છે. કારણ એ વિકારોનો નાશ કરે છે, પડવાના ખાડા છે તે બતાવે છે અને ચડવાનો માર્ગ ચીંધે છે સ્વોન્નતિનો એ સહારો બને છે. અને એમ થવાથી સગા સંબંધીઓ, સ્વજન-પરજન સાથેના ઝઘડા મટશે. વેર-ઝેર જતા રહેશે. કલહ, કંકાસ દૂર થશે, અને તેમ થવાથી મૈત્રી થશે, સહિષ્ણુતા આવશે; માનવ સેવાની ભાવના પ્રગટશે; સહાનુભૂતિ ને સહૃદયતાની લાગણી જનમશે; પરોપકાર કરવાનું દિલ થશે. અને આ બધા માટે ચાર કષાયો પ્રથમ દુર કરવાની જરૂર છે. એ હળવા બને, એનો નાશ થાય તો જ આત્માનું કલ્યાણ સાધી શકાય, અને આ માટે સમ્યગ જ્ઞાનનો દીવો પેટાવવો એ જરૂરી છે, અને એ દીવો નહિ હોય તો અંધકાર રહેવાનો જ છે. એથી પડવાનો સમય પણ આવે તો ના ન કહેવાય

દરેક માનવીને વિજયી બનવાની અભિલાષા છે. પણ એ સફળ તો ત્યારે જ બને કે તમે લોકોત્તર દીવાળી ઉજવો.

આ દીવાળીની ઉજવણી એટલે વિષય-વિકારોનો ત્યાગ કરવો, મૈત્રી-પ્રમોદ, અનુકંપા ને માધ્યસ્થની ભાવના ભાવવી.

આ દીવાળીમાં વિકારો વધે તેવા માદક પદાર્થોના સેવનની મનાઈ છે. રંગરાગમાં ફરવું તે એ અહીં નિષેધ છે. સંસાર સુખના લોભીઓ જ એ દીવાળી ઉજવે છે. આત્મ કલ્યાણાર્થીઓ તો આ જ (લોકોત્તર) દીવાળી-ઉજવે છે.

અને આ લૌકિક દીવાળી તો જોખમકારક છે. તેમાં દારૂખાનું સળગે છે. ફટાકડા ફુટે છે. આગ આગની આમાં સંભાવના છે. મૃત્યુનું તેમાં કહેણ છે. આમ આ દીવાળી તે દીવાળી જ નથી. એમાં આત્માનું સાચું કલ્યાણ નથી જ નથી. તો ભવ્ય જીવો! આ લોકોત્તર દીવાળી ઉજવો ને આત્માનું શ્રેય સાધો.


卐  卐

અવશ્ય પધારો

## દીપક ગાદી ફેકટરી

**નવાબજાર વડોદરા**

અમારે ત્યાં ઇલેકટ્રીક મશીનથીજ પીંજેલા સુંદર અને ટકાઉ ગાદલા, રજાઇ, ઓશીકા તૈયાર મળશે તેમજ ઓર્ડર આપે બનાવી આપવામાં આવે છે. તેમજ મદ્રાસની ચાદરો શેત્રંજી, ઓશીકાના કવર, મચ્છર દાની, ગાદી પાટ, રૂ, ટેપેસરી, તથા સંખેડાના સોનેરી ઘોડીયા, ખાટલા, નીવારપાટી વિગેરે મળશે.



# "રાગમાંથી વિરાગ..."

લે. વાડીલાલ જીવાભાઈ ચોકસી, એમ એ.

( પ્રિયજનનું મૃત્યુ કોને નથી રડાવતું ? ગૌતમ તો વીરના રાગી હતા. ગૌતમને વીર વિના ચાલતું નહિ. વીર ગયા. સદાયને માટે ગયા. અને ગૌતમનો રાગ રડી ઉઠ્યો રુદને રાગને ઓગાળી દીધો. રાગ ગયો. અંતરનું અંધારું દૂર થયું. દીવો પ્રગટ્યો ને......તંત્રીઓ )

લગભગ ઈ. સ. ૫૦૦૦ વર્ષ પૂર્વે ભગવાન નેમિનાથ અને તેમના પિતરાઈભાઈ ભગવાન કૃષ્ણ વાસુદેવના સમયમાં હિંદમાં રાક્ષસી બળોનું જોર વધી ગયું હતું અને ભારતની પ્રજા અનેક યાતનાઓની ભોગ બની હતી. વેદના પદોના ખોટા અર્થ ઘટાવી હિંદુ ધર્મમાં યજ્ઞમાં મનુષ્ય અને પશુઓનું બલિદાન અપાતું. સર્વત્ર ઘોર હિંસા, લૂંટ, ચોરી અને ત્રાસનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. આવા કપરા સંજોગોમાં ભગવાન શ્રી કૃષ્ણે આખાયે ભારત વર્ષનો લાંબો પ્રવાસ ખેડી રાક્ષસોને હરાવ્યા અને પ્રજાને દમનાર ક્રૂર રાજવી કંસનો સંહાર કરી રાક્ષસી બળો ઉપર મહાવિજય પ્રાપ્ત કર્યો. ભારતની પ્રજા અત્યંત હર્ષ અને આનંદમાં આવી ગઈ. રાક્ષસી બળો ઉપરના આ મહાવિજયનો આનંદ માણવા માનવે એક મોટો મહોત્સવ યોજ્યો. ભારતની સમગ્ર પ્રજાએ આ આનંદોત્સવમાં ઉલ્લાસપૂર્વક ભાગ લીધો, દીપો પ્રગટાવ્યા અને અનેક રીતે હર્ષોલ્લાસ પ્રગટ કર્યો. દીપો પ્રગટાવવાનું અને હર્ષોલ્લાસ પ્રગટ કરવાનું આ પર્વ 'દીવાળી' શબ્દથી ઓળખાયું અને રાક્ષસી બળો ઉપર સાત્ત્વિક બળોના વિજયની નિશાની તરીકે આ પર્વ ત્યારથી માંડીને આજદિન સુધી 'દીવાળી' તરીકે પ્રતિવર્ષ ઉજવાતું આવ્યું છે. તે પર્વમાં લોકો દીવા પ્રગટાવે છે, હર્ષોલ્લાસ માણે છે. નવાં નવાં વસ્ત્રો અને ઘરેણાં પહેરે છે, મિષ્ટભોજન જમે છે અને સાત્ત્વિક ભાવનાઓ કેળવવા પ્રયત્ન કરે છે. ભારતવર્ષની સમગ્ર પ્રજા સાથે જૈનો પણ સાત્ત્વિક ભાવનાઓ અને હર્ષોલ્લાસના આ 'દિવાળી' પર્વમાં આનંદપૂર્વક ભાગ લે છે. ભારતવર્ષનું આ એક સૌથી મોટું જાહેર પર્વ છે. બીજી એક પ્રાચીન માન્યતા પ્રમાણે સુરોએ, (દેવોએ) અસુરો-(રાક્ષસો) ઉપર વિજય મેળવ્યો તેના પ્રતીક તરીકે આ 'દીવાળી' પર્વ પ્રાચીન કાળથી ઉજવાતું આવ્યું છે.

પરંતુ જૈનો માટે દીવાળી એક બીજા મહાન પ્રસંગનું પ્રતીક છે. એ પ્રસંગ આનંદનો નહિ. પણ શોકનો છે, હર્ષોલ્લાસનો નહિ પણ પોતાના તરણતારણ મોક્ષ માર્ગદર્શક વીતરાગ ભગવાન મહાવીરના નિર્વાણનો છે. દરેક તીર્થંકરના પાંચ

કલ્યાણો-કલ્યાણકારી આનંદના દિવસો હોય છે: ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ. 'નિર્વાણ' એટલે મોક્ષપ્રાપ્તિ એ આ પાંચ મહા કલ્યાણકમાંનું એક છે અને ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણકને જૈનોના દીવાળી પર્વ સાથે ખાસ સંબંધ છે. ટૂંકમાં મહાવીર નિર્વાણ કલ્યાણક એટલે "જૈનોની દિવાળી" ભગવાન મહાવીરના નિર્વાણના શોકનું જ માત્ર પ્રતીક છે એમ પણ નથી. તેની સાથે તેમના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીના કેવલ જ્ઞાનપ્રાપ્તિનો આનંદ દાયક પ્રસંગ પણ સંકળાયેલો છે. આમ "જૈનોની દિવાળી" શોકમિશ્રિત હર્ષોલ્લાસનો પ્રસંગ છે. એ શોકમિશ્રિત હર્ષોલ્લાસનાં "જૈનોની દિવાળી"ના પર્વની કથા નીચે પ્રમાણે છે.

કેવલજ્ઞાનથી મહાવીરસ્વામી સ્વયં જાણે છે કે પોતાના ઉપરના અપ્રતિમ પ્રેમ-રાગને કારણે અનેક આત્માઓને કેવલજ્ઞાન પમાડનાર ગણધર ગૌતમ પોતે સ્વયં કેવલજ્ઞાન પામી શકતા નથી. ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિએ પહોંચેલા આવા મહાપુરુષને ભગવાન મહાવીર જેવા ઉપર આવો અપ્રતિમ પ્રશસ્ત ગુરુપ્રેમ પણ કર્મનું કારણ બની કેવલ જ્ઞાન પ્રાપ્તિમાં બાધક બને છે. પોતાના પટ્ટશિષ્ય 'ગૌતમ'નો પોતાના ઉપરનો એ રાગ-એ રાગથી બંધાતુ કર્મ દૂર હટાવવાને માટે વીતરાગ એવા મહાવીર પોતાના નિર્વાણના ગણુયાર દિવસ અગાઉ ગૌતમ ગણધરને નજીકના ગામે એક ખેડુતને પ્રતિબોધ પમાડવા મોકલે છે. ગૌતમ ગણધર ગુરુ પ્રભુની આજ્ઞા માથે ચડાવે છે અને ખેડુતને પ્રતિબોધ પમાડી બેગાર દિવસમાં પાછા ફરે છે. આસોવદ અમાસનો પવિત્ર દિન છે. ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા છે, લોકો શોકમાં ગરકાવ બન્યા છે, ગૌતમ ગણધર લોકમુખે આ વાત સાંભળે છે, તેમને આઘાત લાગે છે તે કારમો વિલાપ કરે છે, 'હે ભગવાન તમે મુક્તિમાં ગયા તે વખતે હું તમારો નાના બાળકની માફક છેડો ન પકડત. તમે મને તે સમયે દૂર કેમ રાખ્યો ?, શું હું તમારા મોક્ષસુખમાં ભાગ પડાવત ?" આમ કારમો વિલાપ કરતાં કરતાં વીર વીર, વીર, વીર, વીર, વીર એમ રટણ કરે છે, 'વી' શબ્દથી 'વીતરાગ' શબ્દ યાદ આવે છે. મહાજ્ઞાની ગૌતમને ભાન થાય છે કે 'ભગવાન તો 'વીતરાગ' હતા. તેમને મારા ઉપર કર્મ બંધનનું કારણ એવો પ્રશસ્ત રાગ પણ ક્યાંથી હોય ! તેમણે તો મને મારુ આત્મકલ્યાણ સધાય માટે તેમનાથી દૂર કર્યો હતો, હું તેમના પ્રત્યે મહારાગી હતો, ધિક્કાર છે મારા એ એકપક્ષી રાગને, !!... અને આ શબ્દો ઉચ્ચારતાં ઉચ્ચારતાંજ મહાતપસ્વી, મહાજ્ઞાની અને મહાલબ્ધિવાન ગૌતમ ગણધરને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે, ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણકના શોકની પ્રસંગ સાથે સાથે લોકો ગૌતમસ્વામીના કેવલજ્ઞાનના આનંદનો આ પ્રસંગ પણ ઉજવે છે. ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા-ભાવદીપક અસ્ત થયો તેના પ્રતીક તરીકે લોકો પોતાના મકાનો ઉપર દીવા પ્રગટાવે છે-- દિવાળી કરે છે અને સવારના પ્હોરમાં ગૌતમસ્વામીના કેવલજ્ઞાન પ્રાપ્તિનો આનંદોત્સવ પણ માણે છે.

આ મહાકલ્યાણક દિને ધર્મપ્રેમીજનો ભગવાન મહાવીરનું તથા પ્રથમ ગણધર ગૌતમ સ્વામીનું સ્મરણ કરે છે, ધ્યાન ધરે છે, ધાર્મિક વિધિવિધાન કરે છે અને સાત્વિક ભાવનાઓ ખીલવે છે. લોકો લલકારે છે:—

"મહાવીર સ્વામી મુગતે પહોંચ્યાં, ગૌતમ કેવલનાણ રે,
ધન અમાવાસ્યા દિવાળી, વીરપ્રભુ નિર્વાણ રે".

અને

"અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વંછિત ફલદાતાર."

ટૂંકમાં 'દિવાળી' એ સાત્વિક ભાવનાઓ કેળવવાનું ભારતનું એક મોટામા મોટું જાહેર પર્વ છે.



શ્રી. નટવરલાલ એસ. શાહ

( વીજળીની ગતિએ અંધાર પડદા ચીરી જતી શ્રી શાહની કલમ આજ સુધી સૌનું ધ્યાન ખેંચી રહી છે. ગયા અંકમાં ઉતાવળ ને જગાના અભાવે તેમની વાણી અમે મૂકી શક્યા નહતા. આ અંકે કાળી ચૌદશના ઘનઘોર અંધાર ભેદતા એમની વીજળી ઝબૂકી ઊઠે છે......તંત્રીઓ. )

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના લુધીયાણા અધિવેશન બાદ મહિનાઓ પછી પ્રમુખ શ્રી નરેન્દ્ર સિંહજી સિંધીએ ચઢી ગયેલ આળસને ઉડાડવાના પ્રતિક રૂપે ચાર મંત્રીઓ અને વીસમાંથી સોળ કાર્યવાહક સમિતિના સભ્યોની નીમણુંક કર્યાના સમાચાર જૈન જનતાથી અજાણ્યા નથી. અલબત્ત જૈન સમાજ તેમની કાર્યવાહીથી હજી સુધી અણજાણ્યો છે. એક અધિવેસરની સભામાં થયેલી ચર્ચા વિચારણાથી જાગૃતિ આવી છે અને પ્રગતિનો રથ આગે વધવા લાગ્યો છે તેવું જાહેર કરી શકાય નહિ.

જાહેર થયેલી કોન્ફરન્સ કાર્યવાહક કમીટીની નામાવલીથી જૈન સમાજના મધ્યમવર્ગના અનેક ભાઈબેનોના મનમાં કેવી છાપ ઉપસી આવી છે તે જાહેર રીતે જાણવા મળ્યું નથી પણ ધીમો અસંતોષ જન્મી ગયો છે. આ અસંતોષને વધારવામાં કોન્ફરન્સ કાર્યાલયનું મૌન અગત્યનો ભાગ ભજવે છે. બાકી કોન્ફરન્સ તરફથી હિંદુ રીલીજીયસ ટ્રસ્ટ બીલ અંગે મોડે મોડે પણ કાર્યવાહિ કરવાની તત્પરતા દેખાડવામાં આવી છે અને તેને અંગે જે પગલાં ભરવામાં આવ્યા છે તે ચેતનની ચીનગારી રૂપ ભાસે છે અલબત્ત એને માટે સંપૂર્ણ કાર્યવાહિ કરવાની જરૂર છે અને ભારતના ખૂણે ખૂણેથી જૈન સમાજની સંસ્થાઓ અને ટ્રસ્ટના વહીવટ કર્તાઓ તેને અંગે જાગ્રત બને તોજ કાંઈ સક્રિય પરિણામ આવી શકે તે ભૂલાવું જોઈતું નથી

ગોડીજી જૈન દેરાસર, મુંબઈના નવા ઉપાશ્રય ની ઉદ્ઘાટન વિધિ પ્રસંગે ઉદ્યોગપતિ શેઠશ્રી. કસ્તુરભાઈ લા.ભાઈએ કરેલ પ્રવચન મનનીય છે એ ભૂલાવું જોઈતુ નથી. એને યથાર્થ રીતે સમજીને ગચ્છના ભેદો ભૂલી જવાય, સાધુઓમાં પોતાપણાની ખોટી ભાવનાનો ધ્વંસ થાય તો સમાજના કલ્યાણની વાતો વૈખરી બને. બાકી તો આચરણમાં મૂક્યા વિના બોલનો સાચો તોલ સંભવી શકે નહિ.

જૈન સમાજના વેગીલા અને સાચા કાર્યકરો વહી જાય છે તેની ખોટ સદાય જણાય છે. અલબત્ત હરરોજ તેની સ્મૃતિ સંભવી શકે નહિ પણ કોઈ કોઈ પ્રસંગે તેમની ગેરહાજરી દેખાઈ આવ્યા વિના રહેતી નથી. ખંભાતના વતની અને અનેક સંસ્થાઓના કાર્યકર તેમજ જૈન સમાજના અગ્રેસર કાર્યકર શ્રી. મોહનલાલ હીરચંદ ચોકસી આપણી વચ્ચેથી ચાલ્યા ગયા તે વાતને અનેક દિવસો વીતી ગયા પણ તેમના વહી જવાથી અનેકવિધ જૈન સંસ્થાઓ જે તેમના કાર્યથી સજીવ રહી હતી તેમજ કોન્ફરન્સ તથા પરિષદ આદિ સંસ્થાઓ માટે જે કાર્યવાહિ તેમણે બજાવી હતી તે આજે પણ ભૂલી શકાય તેમ નથી

વ્યક્તિ પોતાની કાર્યવાહિથી મહાન બને છે, પોતાની ભાવના અને કર્તવ્યનિષ્ઠાથી મહાન બને છે સમાજને માટેની ધગશ અને નાનાં મોટાંને એક સમાન ગણીને સાથે પગલાં ભરવાથી મહાન બને છે. પોતાના સંસ્કાર, શ્રેષ્ઠ શિક્ષણ અને સંયમી જીવનથી મહાન બને છે અને એવી વ્યક્તિઓ જ્યારે દૂર થાય છે ત્યારે એમણે પ્રગટાવેલી દીવડીનો પ્રકાશ પથરાઈ રહે છે એ પ્રકાશ અનેકને અજવાળનારો નીવડે છે અને જીવન માર્ગ અનેકને ભોમીયાની ગરજ સારે છે.

જનતા આવી જવલંત વ્યક્તિઓને ભૂલી ન જાય તે માટે તેમની સ્વર્ગારોહણ તિથિ ઉજવાય છે. વર્ષમાં એકવાર પ્રસંગ ઉજવવામાં આવે છે જે વખતે તેમના ગુણોની પ્રશંસા થાય છે. તેમની સ્મૃતિ કેળવાય છે અને તેમના પગલે ચાલવાનો અનુરોધ કરવામાં આવે છે. બાકી સમાજની પારાશીશી તો 'બોલ્યું તેવું પાળ્યું' એ નીતિ પ્રમાણે વર્તવાથી પરખાઈ આવે છે.

જે વાત વ્યક્તિ માટે છે તે જ આખા સમાજને લાગુ પડે છે. બુદ્ધિપ્રભાએ પોતાની દીવડી પ્રગટાવી છે એના ઉત્કર્ષમાં પોતાનાથી બનતો ફાળો અર્પનાર સહુની સ્મૃતિના સંભારણા સાચવીને એ આગળ વધવા પ્રયત્ન કરે છે. બાલ્યવયને કારણે કદી પડે છે, પાછું ઉઠે છે પણ આશા અને ઉમંગથી આગળ વધવાની તત્પરતા કેળવે છે.

આ તત્પરતાની તન્મયતામાં દીપોત્સવીના મંગળમય ટાણે કર્તવ્યની ભેરી બજાવીને દૂર વહી જનાર આ. ભ. શ્રી. નર્મદાસૂરીશ્વરજી મહારાજ, વલ્લભસૂરીશ્વરજી મહારાજ તેમજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ આદિની જીવનકથા વાંચવાનો અનુરોધ કરે છે, નામી અનામી અનેક સંતપુરૂષોના જીવનના આદર્શને અમલમાં મૂકવાની ભલામણ કરે છે, દીપોત્સવીની દીપમાળા દરેકના ગૃહમાં પ્રગટી રહો અને પ્રભુ મહાવીર સ્વામીનું મુક્તિ પર્વ તેમજ ગુરૂભક્ત ગૌતમના કેવળજ્ઞાનની જ્યોતિ આત્માના ઓજસને અજવાળી રહો તેમજ નુતન વર્ષ સહુને લાભદાયી અને યશસ્વી નીવડો તેવી આશા પ્રદર્શિત કરે છે અને સૌના સાથ, સહકાર અને સહાનુભૂતિ દ્વારા બુદ્ધિપ્રભા આગળ વધતું રહે તેવી શુભેચ્છાની અપેક્ષા રાખે છે.

વાકેરી
અવશ્ય મંગાવો આ અમુલ્ય ઔષધિ... .... ...વાકેરી
જાતે વધુ જાણવા
★ રૂબરૂ મળો યા લખો ★
પટેલ એન્ડ કં.
૧૧૬, ભીંડી બજાર - મુંબઈ નં. ૩
● વાકેરી પાવડર ●
૭ તોલા પેકેટના રૂ. ૪-૫૦

# શાસન સમાચાર

## ઉત્સવ: ઉજવણી: ઉછામણી:.....

### ખંભાત

મહાગુજરાત રાજ્યના રાજપાલ શ્રી મહેંદી નવાજ જંગ ગયા માસમાં ખંભાતની મુલાકાતે પધાર્યા હતા. આ મુલાકાતના સમયે તેઓશ્રીએ જૈનધર્મના પ્રાચીન તત્ત્વજ્ઞાનને તાડપત્રપર સંઘરી રાખેલા એવા શ્રી શાંતીનાથ તાડપત્ર ભંડારના દર્શને પધાર્યા હતા. 'બુદ્ધિપ્રભા' ના તંત્રી શ્રી પંડિત છબીલદાસે રાજ્યપાલને તાડપત્ર આદી સાહિત્ય બતાવ્યું હતુ જૈનોના તત્ત્વજ્ઞાનની તેમજ જ્ઞાનની આવી ચીવટભરી માવજત માટે તેઓશ્રીએ વ્યવસ્થાપકોની પ્રશંસા કરી હતી અને વસ્તુપાળની હસ્તપ્રત જોઈને એ મુગ્ધ જ બની ગયા હતા. ઘડીભર જાણે એ ભૂતકાળમાં પાછા જતા હોય એમ લાગતુ હતું! જ્ઞાનપ્રેમી એ આત્માએ ભંડારને રૂા. ૨૦૦) અંકે રૂપિયા બસો ભેટ કર્યા હતા.

### ખંભાત

અત્રે શ્રી ઓસવાળ જૈન ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મ. સા. ની છાયા તળે શ્રાવણ સુદ પાંચમથી નવદિવસના એકાસણાંની નવકારમંત્રની જાપ સાથે આરાધના થઈ હતી. તપસ્વી ભાઈબહેનોની સંખ્યા ૬૦ ની હતી. આ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ પૂજા ભણાવવામાં આવી હતી આ ઉપરાંત શ્રાવણ વદ દશમના રોજ નવા ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયું હતું. રૂા. ૧૦૦૦) ની બોલીથી શ્રી હલસુખભાઇ બાકાભાઇ ના સુપુત્રોએ ચાંદીનું તાળું ઊઘાડયું હતું શ્રી કાન્તિલાલ કેશવલાલ ઝવેરીએ રૂા. ૪૧) ની ઉછામણી બોલી તે તાળુ શ્રી ઓસવાળ સંઘને ભેટ કર્યું હતું અને ઝવેરી મોતીલાલ મગનલાલના ધર્મપત્ની શ્રી સુશીલાબેનને હસ્તે મંગલકુંભનું સ્થાપન થયું હતું.

### ખંભાત

અત્રેના પાર્શ્વચંદ્ર ગચ્છના મુનિરાજ શ્રી બુદ્ધિચંદ્રજી મ. સા. ની પવિત્ર સાન્નિધ્યમાં આસો સુદ ૭ મથી ખંભાતના જૈન દેરાસરોના દર્શનાર્થે સમુહયાત્રા શરૂ થઈ હતી. આ યાત્રા તેની સાદાઈ અને અધ્યયન માટે સૌનું ધ્યાન ખેંચે તેવી બનવા પામી હતી. આ યાત્રામા પૂ મુનિશ્રી સુરેન્દ્રસાગરજી તથા પૂ. શ્રી મુનિચંદ્રસાગરજી આદિશ્રમણ મહારાજાઓએ પણ સહકાર આપ્યો હતો. સૌ ચાત્રિકભાઇ બેનોએ ખંભાતના તમામ દેરાસર ને ઉપાશ્રયોના દર્શનનો લાભ લીધો હતો. અને ખંભાતના જૈન ભવ્ય પ્રતિહાસનો સુંદર અભ્યાસ કર્યો હતો. આ યાત્રાના પ્રેરક શ્રી હીરૂભાઇ નાશાહ ખેડાવાળા હતા. આ યાત્રાને સફળ ને યશસ્વી બનાવવા માટે શ્રી કાન્તીલાલ કે ઝવેરીએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

### રાજપૂર

મુનિવર્ય શ્રી ધનવિજયજી મ સા અષાડ વદ સાતમના રોજ સમાધિસ્થ થયાં. રાજપુર સંઘે તેઓશ્રીનો મૃત્યુ મહોત્સવ ઊજવ્યો. અઠ્ઠાઇ મહોત્સવ કર્યો પ્રભુની પૂજાઓ ભણાવી. શ્રી છગનભાઇ મૂળચંદ તથા શ્રી નાનચંદભાઇ કચરાભાઇ તરફથી ખૂબ જ ધામધૂમ પૂર્વક શ્રી સિદ્ધચક્રની

મહાપૂજા શ્રાવણ વદ ચોથના રોજ ભણાવવામાં આવી શ્રી કાંતિલાલ ઘેલાભાઈએ "શ્રી સિધ્ધચક્રયંત્ર" બનાવી આપવા માટે રૂ. ૧૩૦૧ની ઉછામણી બોલ્યા રાજપુર દેરાસર માટે અષ્ટમંગળનો ચાંદીનો ઘડો બનાવી આપવા માટે શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસાએ રૂ. ૫૦૧) આપવા નક્કી કર્યું. આ પ્રસંગે મુનિગણ શ્રી તપસ્વી ચંદનવિજયજી મ. સા, પન્યાસજી મ. શ્રી હિંમાશુવિજયજી તેમજ શ્રી નરરત્નવિજયજી મ. સા. ઉપસ્થિત થયા હતા. આ પ્રસંગે બહારગામથી શેઠ શ્રી ચીનુભાઈ લલ્લુભાઈ પધાર્યા હતાં. આ ઉપરાંત શ્રી ધરમચંદભાઈ ખેતશીભાઈ, માસ્તર ચંદુલાલ, શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસા, શ્રી અમૃતલાલ દુર્લભસીભાઈ આદિએ આ પૂજા મહોત્સવને સફળ બનાવવા ખૂબ જ મહેનત લીધી હતી. આ સઘળી ક્રિયાઓ અમદાવાદ નિવાસી શ્રી ચીનુભાઈ લલ્લુભાઈએ કરાવી હતી

### અકુવા

અત્રે પૂજ્ય વંદનીય, પ્રસિધ્ધ વક્તા મુનિ શ્રી મોક્ષાનંદ વિજયજી તેમજ આદરણીય ને તપસ્વી મુનિરાજ શ્રી રાજહંસ વિજયજી બિરાજમાન છે પૂજ્ય મુનિ શ્રી રાજહંસવિજયજી સાહેબે ૫૦મી વર્ધમાનતપની ઓળી પુર્ણ કરી છે. અને ૬૦મી ઓળી ચાલુ કરી છે. તેઓશ્રીની તપસ્યા નિર્વિઘ્ને પાર પડો એ પ્રાર્થના.

### આણંદ

તા ૧૧-૯-૬૦ ના રોજ શ્રી શાંતિ જૈન પ્રગતિ મંડળની કારોબારીની ચુંટણી થઈ હતી. જેમાં પ્રમુખશ્રી રમણીકલાલ જે. દોશી, ઉપપ્રમુખઃ શ્રી રસિકલાલ મ. શાહ-મંત્રી; શ્રી કાન્તિલાલ મોહનલાલ શાહ, અને ખજાનચી શ્રી જશવંતલાલ ચદુલાલ શાહ આદિ હોદ્દેદારો ચુંટાઈ આવ્યા છે.

## પર્યુષણ: પ્રભાવના: પ્રચાર:

### કપડવંજ

શ્રી ૧૦૦૮ શ્રીમદ્ આચાર્યદેવેશ શ્રી કીર્તિસાગર સૂરીશ્વરજી ની નિશ્રામાં શ્રી મીઠાભાઈ ગુલાલચંદના ઉપાશ્રયે પર્યુષણપર્વની આરાધના ખૂબ જ સારી રીતે થવા પામી હતી. પર્વના અંતમાં પારણા નિમિત્તે તપસ્વીઓનું બહુમાન કરતો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અને ચૈત્યપરિપાટી કરી સુંદર ઉજવણી થવા પામી હતી.

કપડવંજ પંચના ઉપાશ્રયે પન્યાસ પ્રવર શ્રી મહોદય સાગરજીએ કલ્પસૂત્ર ને બારસા સૂત્રનું વાચન કર્યું હતું. અને ઘણા જ ઉત્સાહ પૂર્વક મંગલ પર્વની સાધના થઈ હતી.

### આંતરોલી

આચાર્ય ભગવંત શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી મુનિરાજ શ્રી ત્રૈલોક્ય સાગરજી તેમજ શ્રી જયાનંદ સાગરજી મ. સા. અત્રે ઉપસ્થિત થયાં હતાં. તેઓશ્રીના પ્રેરણાત્મક પર્વ પ્રવચનોથી માસ ખમણ, સોળ ભથ્થુ, પંદર અઠ્ઠાઈઓ, ક્ષીર સમુદ્ર આદિ વિવિધ તપનું આરાધન થયું હતું. પર્વના આ દિવસોમાં શ્રાવકગણે પોતાનો વેપાર રોજગાર બંધ રાખ્યો હતો. સામુહિક સ્વામિવાત્સલ્ય પણ થયું હતું, અને જૈન ધર્મની પ્રભાવના કરતો વરઘોડો પણ નીકળ્યો હતો. ત્યાંના બાળક બાલિકાઓ ધર્મનો અભ્યાસ કરતા થાય એ માટે મહારાજશ્રીના ઉપદેશથી પાઠશાળા ફરી ચાલુ કરવાની વાતો ચાલુ છે.

### ભાવનગર

અત્રેના સંઘની વિનંતીને માન આપીને તેમજ પોતે આદરેલા કાર્યને પૂર્ણ કરવા પ્રસિદ્ધ પ્રવક્તા, પૂજ્ય પંન્યાસ પ્રવર મુનિરાજ શ્રી સુબોધસાગરજી

મ. સા. આદિ ઠાણા અત્રે ચાતુર્માસ માટે પધાર્યા છે. તેઓશ્રીનું આ અગાઉ પણ એક વખત અત્રે ચાતુર્માસ થયું હતું. તેઓશ્રીની પ્રેરણાથી લગભગ ૫૦૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓએ આયંબીલ તપની અઠ્ઠાઇ કરી હતી. પર્યુષણ પર્વ નિમિત્તે અષ્ટમા સિદ્ધિતપ, ગણધર તપ, શ્રી પાર્શ્વનાથ ભગવંતનો અક્ષુમતપ આદિ તપસ્યાઓ થઈ હતી. ૪ માસ ખમણ ૯ સોળ ભત્તા, લગભગ ૧૭૦ જેટલી અઠ્ઠાઈ આશરે ૨૫૦ જેટલા ચાર ઉપવાસો વ. ખૂબ જ મોટી સંખ્યામાં પર્વનું તપ સાથે આરાધન થયું હતું. પર્વના અંતે બધી જ જૈન જ્ઞાતિઓનું સામુદાયિક સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. અને તપસ્વીઓનું બહુમાન કરતો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ઉપાશ્રય ઉપરાંત મહારાજશ્રીના જાહેર વ્યાખ્યાનો પણ અવારનવાર યોજાયા હતા. છેલ્લા ૨૫ વરસમાં ન આવેલી એવી ધર્મ જાગૃતિ આવી છે. અને જુદા જુદા ક્ષેત્રોમાં સારી ટીપ થવા પામી છે. શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રે રૂા. ૩૦૦૦ની રકમ એકઠી થઈ છે અને તે ટીપ હજુ ચાલુ જ છે. આ ઉપરાંત સંઘનો જુનો ઉપાશ્રય નવેસરથી ઉકેલીને નવો ઉપાશ્રય કરવાનું બાંધકામ શરૂ થઈ ગયું છે.

### પાદરા

અત્રે શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજીના સંપ્રદાયના આજ્ઞાવર્તી પરમ પૂજ્ય પ્રવર્તકની સાધ્વીજી મ. રંજનશ્રીજીના શિષ્યા પ્રશાંતમૂર્તિ પૂજ્ય સા. મ. વિદ્યાશ્રીજી તેમજ પૂજ્ય સા. મ. વસંતશ્રીજી આદિ આઠ ઠાણા ઉપસ્થિત છે તેઓશ્રીની પ્રેરણાથી અત્રે પર્વમાં સોળભત્તા અઠ્ઠાઇઓ, અક્ષયનિધિ, અઠ્ઠમ, પચરંગી તપ ચોસઠ પોરના પૌષધ આદિ તપની ભવ્ય રીતે આરાધના થવા પામેલ છે. સાંપણજથી વંદનાર્થે આવેલા શેઠ શ્રી કેશવલાલ ઠાકરશીભાઇ તેમજ ઉંબરાવતીથી આવેલ બેન સરસ્વતીબાઈ એ પંચરંગી તપ કરનાર બહેનોનું બહુમાન કર્યું હતું.

### ધાંગધ્રા

પાર્શ્વચંદ્રગચ્છીય સાધ્વીજી મહારાજ શ્રી ખાંતિશ્રીજી તથા શ્રી વસંતપ્રભાશ્રીજીની નિશ્રામાં આ પૂનિત પર્વની આરાધના થવા પામી હતી. ભાઇબેનો કુલ મળી ૧૧ અઠ્ઠાઇઓ થવા પામી હતી. શ્રી કુંવરજીભાઇ દુલર્ભદાસને ત્યાં સોળ ઉપવાસ થયા હતા તપસ્વીઓનો તેઓશ્રીએ સુંદર સત્કાર કર્યો હતો અને ચાંદીની નવકારવાળીઓ ભેટ આપી હતી. કચ્છ મોટીખાખર વાળા શાહ ધનજીભાઇ હીરજીભાઇએ પણ રોકડ રકમથી તપસ્વીઓનું બહુમાન કર્યું હતું સા મ. શ્રી વસંતપ્રભાશ્રીએ કલ્પસૂત્ર ને બારસા સૂત્રનું અધ્યયન કરાવ્યું હતું.

### અહમદનગર

અત્રે પૂજ્ય મુનિવર્યોનો વાસ નહિ હોવાથી શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પરીક્ષક શ્રી કાન્તિલાલ ભાઇચંદ મહેતા અને તેમની સાથે વિદ્યાર્થી પ્રફુલચંદ્ર ભાઇ આ પર્વ નિમિત્તે પધાર્યા હતા. જેઓએ ખૂબ જ શુદ્ધિથી પર્વની આરાધના કરાવી હતી. પાંચમનો ભવ્ય વરઘોડો પણ નીકળ્યો હતો. આ નિમિત્તે મહેસાણા પાઠશાળાને સખી ગૃહસ્થો તરફથી રૂા. ૫૨૫ ની સખાવત મળી હતી.

### ચાલીસગાંવ

અત્રે પણ કોઇ સાધુ-સાધ્વીનો જોગ નહોતો. પણ બેનોના શિક્ષિકા સાંકળીબેન આ પર્વને રૂડી રીતે ઉજવ્યું હતું. અને જ્ઞાન ક્રિયાદી વ ની આરાધના કરાવી હતી. નાનું ગામ હતું. છતાંય સુપનની ઉપજ રૂા. ૨૫૦ થી ૩૦૦ થવા પામી હતી આ નિમિત્તે સાંસ્કારિક કાર્યક્રમ પણ થયો હતો.

"આજ પછીની આવતી કાલ" તેમજ "પ્રતાપ અને ભામાશા" સંવાદો ભજવાયા હતા. કાર્યક્રમની સફળતા માટે શ્રી નગીનદાસ જસરાજભાઈએ ખૂબ જ મહેનત ઉઠાવી હતી. આ સઘળોય કાર્યક્રમ શ્રી જૈન યુવક મંડળના આશ્રયે થવા પામ્યા હતા.

# પરીક્ષા: મેળાવડા: ઇનામ:

### બોરીવલી

અત્રે જામલીગલીના બેનોના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલા પૂ. પ્રભાવકશ્રી સાધ્વીજી શ્રી સદગુણાશ્રીજી તથા વિનય શિષ્યા શ્રી કીર્તિલતાશ્રીજીના આશ્રયે શિક્ષણ સંસ્કારની પ્રવૃત્તિ ખૂબજ સુંદર રીતે વિકાસ સાધી રહી છે. દર બુધવારે આવી સંસ્કાર સભા યોજાય છે અને ચારિત્ર્યના ઉમદા ગુણો, શીલ, સેવાભાવ, સાદાઈ વ. ના પાઠો શીખવવામાં આવે છે. દર શનિવારે ધાર્મિક વિષયો ને પાઠોનું અધ્યયન થાય છે. અવારનવાર હરીફાઈઓ યોજાય છે. સફળ થનારાઓને ઇનામો વહેંચી ઉત્તેજન આપવામાં આવે છે. અત્રે પાઠશાળા પણ રાત્રિ અને બપોરના ચાલે છે. ત્યાંના જાણીતા સ્ત્રી કાર્યકર કુમારી નિર્મળાદેવી શકુંતલાબહેન બેનોની સભામાં અવારનવાર આવીને ભાગ લે છે. તેમજ પોતે યોગ્ય માર્ગદર્શન આપે છે.

### અડેસણા

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા તરફથી શ્રી રામચંદભાઈ ડી. શાહ અત્ર પરીક્ષા લેવા માટે પધારેલા. પરીક્ષાનું પરીણામ સંતોષકારક હતું. તા. ૩-૮-'૬૦ ના રોજ આ નિમિત્તે સંગિત કાર્યક્રમ થયો હતો. બેનોએ વિશેષ ભાગ લીધો હતો. પ્રસંગને અનુરૂપ શ્રી સાકરચંદભાઈ તેમજ શ્રી રામચંદભાઈએ પોતાનું વકતવ્ય રજુ કર્યું હતું. પ્રથમ નંબર મેળવનારને ડૉ. એસ. ટી. શાહ તરફથી ચાંદીના બે ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. બાકીનાને કટાસણા તેમજ પુસ્તકો આપવામાં આવ્યાં હતા.

### વસાવાડ

શ્રાવણ વદ છઠના રાત્રે સીવીલ જજ સાહેબ શ્રી એફ કે બોરાના અધ્યક્ષપણા હેઠળ અત્રેના જૈન પુસ્તકાલયનો ૫૧મો તેમજ શ્રીમદ બુદ્ધિસાગરજી જૈન પાઠશાળાનો ૪૯મો વાર્ષિક સમારોહ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કારિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સમયે જૈન પાઠશાળા માટે રૂા. ૨૦,૦૦૦) નું કાયમી ફંડ થવા પામ્યું હતું અને જૈન પુસ્તકાલય માટે રૂા. ૨૩૦૦) ની રકમ એકઠી થઈ હતી. આ પુસ્તકાલયનો વરસ દરમિયાન સિત્તર કુટુંબોએ લાભ લીધો હતો. આ સંસ્થાઓના વિકાસમાં મંત્રી શ્રી વનસુખલાલ નગીનદાસની સેવાઓ અનન્ય છે. પેટ્રનોના ફોટાઓની અનાવરણ વિધિ પણ થવા પામી હતી. શ્રી મગનલાલ નથુભાઈ તરફથી પાઠશાળાના અભ્યાસીઓને ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. વાર્ષિક પરીક્ષા શ્રી કેશવલાલ જે શાહે લીધી હતી.

### બાલાપુર (વિદર્ભ)

તા. ૬-૮-૬૦ ના રોજ. શેઠ શ્રી કાંસીલાલ મોતીચંદજીના અધ્યક્ષપણા હેઠળ, શ્રી બાલાપુર તપગચ્છ જૈન પાઠશાળા તેમજ શ્રી લોંકાગચ્છ જૈન પાઠશાળાનો તા. ૪-૬-૬૦ના લેવાયેલી ધાર્મિક પરીક્ષાનો એક મેળાવડો યોજાયો હતો. જેમાં સફળ થનાર સૌને ઇનામો તેમજ રૂમાલ આપવામાં

આવ્યા હતા. શ્રી શાંતિભાઈની મહેનત નોંધપાત્ર છે. પરીક્ષક તરીકે શ્રી રામચંદભાઈ ડી. શાહ પધાર્યા હતા અને પ્રસંગોનુચિત બે શબ્દો કહ્યાં હતા.

### બોરડી

શ્રી પૂના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની મૌખિક તેમજ લેખિત તત્ત્વજ્ઞાન પરીક્ષા અત્રે તા. ૭-૯-૬૦ના રોજ મુનિશ્રી જિનભદ્ર વિજયજીના સાંનિધ્યમાં લેવાઈ હતી. પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા પચાસની હતી. આ પરીક્ષાર્થીઓ લગભગ પરમાર ક્ષત્રિય કોમોના હતા. એ પરમાર સભા જૈન ધર્મનો સુંદર પ્રચાર કરે છે. બોડેલી આશ્રમનાં વિકાસમાં તેમજ તેની સમૃદ્ધિમાં શ્રીયુત ડૉ. અંબાલાલ શાહ તેમજ શ્રી બેચરલાલ મણીલાલ જૈનનો ફાળો અવિસ્મરણીય છે.

### મંચર

અત્રે શ્રી મહિમાવિજયજી જૈન પાઠશાળા ચાલે છે શ્રી પરીક્ષક કાન્તિલાલ ભાઈચંદ સદ્દગૃહસ્થે અત્રે આવી પરીક્ષા લીધી હતી. પરિણામ ઘણુંજ સુંદર છે. આ પ્રસંગે ઈનામી સમારંભ યોજવામાં આવ્યો હતો અને રૂા. ૪૧ અને એક્સરસાઈઝ નોટ બુકો ભેટ આપવામાં આવી હતી અત્રેના ધાર્મિક શિક્ષક શ્રી રમણિકલાલભાઈનું પણ યોગ્ય બહુમાન કરવામાં આવ્યું હતું.

### કોલાપુર

અત્રે શ્રી લલિતવિજયજી મ. સાની નિશ્રામાં પરીક્ષાનો ઈનામિ સમારંભ યોજવામાં આવ્યો હતો. અત્રે ચાલતી શ્રી શાંતિનાથ જૈન પાઠશાળાની પરીક્ષા માટે મહેસાણાથી શ્રી કાંતિલાલ ભાઈચંદ મહેતા પધાર્યાં હતા પરિણામ સારું આવ્યું છે. સફળ થનાર બાળક બાળિકાઓને શ્રી મણીલાલ પરસોતમદાસના વરદહસ્તે રૂા. ૧૭૫) નાં પુસ્તકો આદિ ઈનામોની વહેંચણી થઈ હતી શ્રી મહેતાએ પાઠશાળાના નિભાવ માટે કાયમી ફંડ થાય તે અંગે સૂચન કર્યું હતું. શ્રી સંઘે પાઠશાળાના શિક્ષક શ્રી સુરેન્દ્રભાઈનું બહુમાન કરતાં રૂા ૫૧) ભેટ આપ્યાં હતાં અત્રેની પાઠશાળાના વિકાસમાં શેઠ શ્રી ફતેચંદભાઈ અને શ્રી કાંતિભાઈની મહેનત પ્રશંસનીય છે.

---


## "જીર્ણોદ્ધારમાં સહાય કરો"

કારવણ (મીયાગામ) દેરાસરનાં જીર્ણોદ્ધારનું કામ લગભગ પાંત્રીશ થી ચાલીશ હજારનું છે, જે કામ હાલ ચાલી રહ્યું છે તો આ કાર્યમાં શ્રી. સંઘો શ્રી દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ શ્રીમંત સદ્દગૃહસ્થોએ સારી રકમનો સહકાર આપી લાભ લેવા વિનંતી છે.

પ. પૂ. શ્રમણસમુદાયને આ જીર્ણોદ્ધારના કાર્યમાં યોગ્ય સદ્દઉપદેશ ને પ્રેરણા આપવા વિનંતિ છે. રૂા. ૨૫૧) આપનાર દાનવીરનું નામ તખ્તી ઉપર લખવામાં આવશે

—: મદદ મોકલવાનું સ્થળ :—

શેઠ. કલ્યાણચંદ ધર્મચંદની પેઢી

વાયા મીયાગામ. મુ કારવણ

# શ્રી પોપટલાલ પાનાચંદભાઈની શુભ પ્રેરણાથી થયેલા ગ્રાહકોની યાદી

પાંચવર્ષ

૧ શાહ કાન્તિલાલ ગોરધનદાસ વડોદરા
૨ ,, કાળીદાસ મલુકચંદ મોક્ષારોડ
૩ ,, નટવરભાઈ નરસીભાઈ ,,
૪ વકીલ ડાહ્યાભાઈ મગનલાલ વડોદરા
૫ શાહ ચુનીલાલ ભાખરદાસ ,,
૬ ,, પોપટલાલ મણીલાલ પાદરાકર મુંબઈ
૭ ,, ચંદુલાલ મોહનલાલ રણુ
૮ શ્રી જૈનસંઘ કરાપુરા

વાર્ષિક

૧ શાહ મોતીલાલ પાનાચંદ પાદરા
૨ ,, માણેકલાલ વરજીવનદાસ પાદરા
૩ ,, ભગુભાઈ મણીલાલ ,,
૪ ,, ચતુરભાઈ પરસોતમદાસ ,,
૫ ,, પરસોતમદાસ પાનાચંદ ,,
૬ ,, હેમાભાઈ હીરાભાઈ ,,
૭ ,, તારાચંદ ગુલાબચંદ ,,
૮ ,, પરમાનંદ મોહનલાલ ,,
૯ ,, શાન્તિલાલ પાનાચંદ ,,
૧૦ શાહ કાન્તિલાલ પાનાચંદ પાદરા
૧૧ ,, હિંમતલાલ પાનાચંદ ,,
૧૨ ,, રતીલાલ મોહનલાલ ,,
૧૩ ,, હસમુખભાઈ જમનાદાસ ,,
૧૪ ,, વિનોદચંદ્ર માણેકલાલ ,,
૧૫ ,, મંગળદાસ મહાસુખભાઈ ,,
૧૬ ,, નંદલાલ અમૃતલાલ ,,
૧૭ ,, નરેન્દ્રકુમાર કાન્તિલાલ ,,
૧૮ ,, પોપટલાલ જેઠાલાલ ,,
૧૯ શાહ ફકીરચંદ ગોરધનદાસ પાદરા
૨૦ ,, મણીલાલ મગનલાલ ,,
૨૧ ,, હસમુખલાલ રાયચંદભાઈ ,,
૨૨ શાહ ઈન્દ્રલાલ છગનલાલ દીગંબર ,,
૨૩ ,, ભગુભાઈ મણીલાલ પાદરા
૨૪ ,, સાકરચંદ નિહાલચંદ ,,
૨૫ ,, વાડીલાલ અમતલાલ ,,
૨૬ કંસારા શાન્તિલાલ છોટાલાલ પાદરા
૨૭ શાહ નગીનદાસ મોહનલાલ પાદરા
૨૮ ,, ચંદુલાલ ભોગીલાલ પાદરા
૨૯ ,, ચુનીલાલ ગરબડભાઈ ,,
૩૦ ,, નટવરલાલ દીપચંદ ,,
૩૧ ,, વાડીલાલ દીપચંદ ,,
૩૨ ,, મણીલાલ રતનચંદ ,,
૩૩ ,, કુમારી કુમુદબેન ભગુભાઈ પાદરા
૩૪ ,, ચંપકલાલ છોટાલાલ ,,
૩૫ ,, વસંતલાલ ચંપકલાલ ,,
૩૬ ,, મહેન્દ્રકુમાર રતીલાલ ,,
૩૭ શાહ માણેકલાલ મુલજીભાઈ પાદરા
૩૮ ,, હીરાભાઈ મંગળદાસ ,,
૩૯ ,, જેઠાલાલ રણછોડભાઈ ,,
૪૦ ,, પ્રેમચંદ રણછોડભાઈ ,,
૪૧ ,, ઝવેરભાઈ છોટાલાલ ,,
૪૨ પરમાર ઝવેરભાઈ પરસોતમદાસ ,,
૪૩ શાહ રતીલાલ ચુનીલાલ ,,
૪૪ ,, વાડીલાલ અમૃતલાલ ,,
૪૫ ,, ધીરચંદ નાનચંદ ,,
૪૬ શાહ છગનલાલ મથુરદાસ પાદરા
૪૭ ,, ભગુભાઈ પ્રેમચંદ ,,
૪૮ ડો. સી. પી. શાહ. એન્ડ કું ,,
૪૯ શાહ રમણલાલ પ્રેમચંદભાઈ ,,
૫૦ ,, હીરાલાલ નાથાલાલ ,,
૫૧ ,, શાન્તિલાલ છોટાલાલ ,,

૫૨ શાહ લાલભાઈ મણીલાલ ,,
૫૩ ડૉ. નવીનચંદ્ર પાનાચંદ મોરબા ,,
૫૪ શાહ કનૈયાલાલ ચીમનલાલ વડોદરા
૫૫ ,, વિનોદચંદ્ર મોતીલાલ ,,
૫૬ ,, મોહનલાલ કાળીદાસ ,,
૫૭ ,, છોટાલાલ નાનચંદ ,,
૫૮ ,, રમણલાલ નિહાલચંદ ,,
૫૯ ,, ધનજીભાઈ વર્ધમાનભાઈ ભીલ
૬૦ ,, મનસુખરામ ચુનીલાલ અમદાવાદ
૬૧ ,, કેશવલાલ વીરજીભાઈ ચાંથોર
૬૨ ,, જયંતીલાલ મોહનલાલ બોરસદ
૬૩ ,, જયંતીલાલ પોપટલાલ પાદરા
૬૪ શાહ શરદચન્દ્ર સોમચંદ પાદરા
૬૫ ,, રમણલાલ ત્રીભોવનદાસ ,,
૬૬ ,, રતીલાલ શાન્તિલાલ એન્ડ કું. મોભા
૬૭ શાહ કાન્તિલાલ મંગળાલ મોભા
૬૮ ,, હીરાલાલ મોહનલાલ રણું
૬૯ ,, ચંપકલાલ વાડીલાલ ભાદર
૭૦ ,, ડાહ્યાભાઈ ચુનીલાલ વડોદરા
૭૧ પટવા મગનલાલ છોટાલાલ ,,
૭૨ શાહ ગીરધરલાલ હિંમતલાલ ,,
૭૩ શાહ છોટાલાલ ઝવેરભાઈ વડોદરા
૭૪ ,, રમણલાલ કેશવલાલ વકીલ ,,
૭૫ પરીખ કાન્તિલાલ માણેકલાલ ,,
૭૬ શાહ મંગુલાલ નાનચંદ ,,
૭૭ ,, વાડીલાલ હિંમતલાલ ,,
૭૮ ,, રમણલાલ હિંમતલાલ ,,
૭૯ ,, હિંમતલાલ પ્રભુદાસ ,,
૮૦ ,, જયંતીલાલ સોમચંદ દેવાણ

—x—

# શ્રી ગણેશભાઈ પરમારની શુભ પ્રેરણાથી

## પાંચવર્ષિય

(૧) શા. સોમચંદભાઈ ફુલચંદભાઈ (માણસાવાળા) મુંબઈ
(૨) શા. લાલભાઈ ચંદ્રકાન્ત ગવાડાવાળા ,,
(૩) ,, રસીકલાલ રતીલાલ સોદ્રાવાળા ,,
(૪) ,, રસીકલાલ નાથાલાલ માણસાવાળા ,,
(૫) ,, કાન્તિલાલ કેશરલાલ ગવાડાવાળા ,,
(૬) ,, મગનલાલ હકીચંદભાઈ પુંદ્રાવાળા ,,
(૭) ,, વાડીલાલ દોલતરામ માણસાવાળા ,,
(૮) ,, વાડીલાલ ટોકરશીભાઈ ,,
(૯) શા. હકીચંદ પરસોતમદાસ મુંબઈ
(૧૦) ,, વાડીલાલ મોહનલાલ માણસાવાળા ,,
(૧૧) ,, મોહનલાલ લલ્લુભાઈ ,,
(૧૨) ,, શાન્તિલાલ તલકચંદ ,,
(૧૩) ચોકસી કાન્તિલાલ એન્ડ કુંપની મુંબઈ
(૧૪) શા. સંજયકુમાર જયંતીલાલ નવસારી

## ત્રણ વર્ષિય—

(૧) શ્રી અમર ઇલેક્ટ્રીક વર્કસ મુંબઈ

## વાર્ષિક

(૧) પી. ઝવેરચંદ મુંબઈ
(૨) શા. વાડીલાલ રાયચંદભાઈ (સાચંદવાળા) ,,

# શાહ મહાસુખલાલ અમૃતલાલ કારપટીયાની શુભ પ્રેરણાથી

પાંચ વર્ષ

૧ શ્રી જૈન સંઘ કુમુધેર

વાર્ષિક :—

૧ શાહ ભોગીલાલ ભીખાભાઈ પાટણ
૨ ,, ખોડીદાસ મંગળદાસ ,,
૩ ,, મહાસુખલાલ અમૃતલાલ ,,
૪ ,, જેસંગલાલ ભગવાનદાસ ,,
૫ શ્રી સાગરગચ્છ ઉપાશ્રય ,,
૬ શાહ મોહનલાલ દોલાચંદ ,,
(૭) ,, અમૃતલાલ કેશવલાલ ,,
(૮) ,, ગજલાલ ન્યાલચંદ ,,
(૯) શાહ જેસંગભાઈ નેમચંદ પાટણ
(૧૦) ,, છગનલાલ મંછાચંદ ,,
(૧૧) ,, નારણદાસ લાલજીભાઈ ,,
(૧૨) ,, હીરાલાલ ગુલાબચંદ ,,
(૧૩) શ્રી ભૂપેન્દ્ર સ્ટોર
(૧૪) ,, બાબુલાલ પોપટલાલ ,,
(૧૫) ,, જગદીશભાઈ તોલારામ જોશી ,,
(૧૬) ,, ડાહ્યાભાઈ નગીનદાસ ,,
(૧૭) શાહ બાબુલાલ લક્ષ્મીચંદ ,,

—×—

"બુદ્ધિપ્રભા" માસિકનું વાચન દિવસભરની તાજગી બક્ષે છે અને વિચારોને ઉમદા બનાવે છે સહેજે સમજી શકાય તેવું "બુદ્ધિપ્રભા" માસિકનું વાચન આજથી જ શરૂ કરો.

વાર્ષિક લવાજમ માત્ર અઢી જ રૂપિયા.

તનની તંદુરસ્તી અને મનની પાવકતાનો આ સરળ પ્રયોગ છે,

કાલે નહિ આજે જ

તત્ત્વજ્ઞાનને પણ સરળ ને સાદી ભાષામાં, સૌને સમજાય તેવો, બિનસામ્પ્રદાયિક ગ્રંથ એટલે

## ક... ર્મ... યો... ગ...

સંસારના કર્મોની એમાં સુંદર વ્યવસ્થા છે. માનસિક મથામણોની એમાં સહેલી સૂઝ છે. એ કર્મયોગ આજે જ વાંચો. વંચાવો અને આપના પુસ્તકાલયમાં તેમજ ઘરમાં તરત જ વસાવો.

કર્મયોગ:— લે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી

—: પ્રાપ્તિ સ્થાન :—

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ. ૩૪૭, કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨

# "બુદ્ધિપ્રભા"ના આકર્ષણથી થયેલા ગ્રાહકોની યાદી

વાર્ષિક:—

(૧) શાહ માણેકલાલ ટી. ચોકસી ખંભાત
(૨) „ જયંતીલાલ ચુનીલાલ „
(૩) „ ચીમનલાલ ડાહ્યાભાઈ „
(૪) „ શ્રી કર્પુરવિજય જૈનપુસ્તકાલય સમોઉ
(૫) શાહ ચીમનલાલ દેવચંદ બારેજા
(૬) „ કસ્તુરચંદ છોટાલાલ ખંભાત
(૭) શિક્ષક જેસંગભાઈ લાલચંદ ઝીંઝુવાડા
(૮) શાહ ડાહ્યાલાલ નાનજી પ્રેમજી ભાડલા
(૯) ચોકસી મગુભાઈ દેવચંદ બોરસદ
(૧૦) ગાંધી જગજીવનદાસ આત્મારામ અમદાવાદ
(૧૧) શ્રી આત્માનંદ જૈન પાઠશાળા મીયાંગામ
(૧૨) શાહ કાન્તિલાલ છગનલાલ રાંદેર
(૧૩) માસ્તર રજનીકાન્ત પ્રતાપચંદ જુના ડીસા
(૧૪) શાહ ચીનુભાઈ પુંજાલાલ પાલી જૈનપુરા
(૧૫) પરીખ રેવાકુંવર ધીરજલાલ મુંબઈ ૧.
(૧૬) શાહ પી. ઝવેરચંદ મુંબઈ ૩.
(૧૭) „ વાડીલાલ રાઘવજી મુંબઈ ૩.
(૧૮) „ રાવચંદ હરીસીંગ અમદાવાદ
(૧૯) „ રાયચંદ ચુનીલાલ પાડગોળ
(૨૦) શાહ રાયચંદ મણીલાલ પાડગોળ
(૨૧) „ રમેશચંદ્ર છગનલાલ કારવણ
(૨૨) શાહ જેચંદ અમુલખ બોરડી
(૨૩) કીર્તિકાન્ત જે. શાહ ભોંયણી
(૨૪) શાહ માણેકલાલ પોપટલાલ થાનગઢ
(૨૫) ડો. રામજી રણસીંહ રાજકોટ
(૨૬) મહેતા બાબુલાલ ભગવાનદાસ મુંબઈ ૨૮
(૨૭) ગાંધી દલપતભાઈ કીકાભાઈ મહેસાણા
(૨૮) લાખરીયા અમથાલાલ નગીનદાસ „
(૨૯) ડો. મગનભાઈ લીલાચંદ મહેસાણા
(૩૦) શાહ હરીદાસ છગનલાલ ધર્મજ
(૩૧) „ કાન્તિલાલ ગુલાબચંદ „
(૩૨) „ સાકરચંદ ચતુરલાલ „
(૩૩) „ જગજીવનદાસ હરીચંદ „
(૩૪) શાહ ભોગીલાલ દામોદરદાસ „
(૩૫) „ ચંદુલાલ સોમચંદ „
(૩૬) „ માણેકલાલ સાંકળચંદ બહીયલ
(૩૭) „ મોહનલાલ શાંતિલાલ કારવણ

—×—

જ્ઞાન એ આરાધનાની વસ્તુ છે. જીવનની એ સાધના છે. મુક્તિ મંઝિલની એ સાચી વાટ છે.

એ જ્ઞાનના સાધનોની ઉપેક્ષા ન જ થવી જોઈએ.

"બુદ્ધિપ્રભા" ને પસ્તીમાં વેચી જ્ઞાનની અવહેલના ના કરશો.

"બુદ્ધિપ્રભા" ને ગમે ત્યાં રખડતું મુકી, તેના પાનનાં પડીકાં વગેરે બાંધી તેની આશાતના ન કરશો.

# ?.... ?.... ?....

"બુદ્ધિપ્રભા" ના વિકાસ માટે આપ સૌનો સહકાર આવશ્યક છે. આપને શું ગમે છે ને શું નથી ગમતું, કેમ ને શાથી એ સવાલોની ચર્ચા કરતી એક પ્રશ્નોત્તરી અત્રે અમે રજુ કરીએ છીએ. જેના ટૂંકાણમાં ને મુદ્દાસર જવાબો દરેક વાંચક ભાઇબહેનોને કાર્યાલયને સરનામે મોકલવા વિનંતી છે.—તંત્રીઓ.

(૧) "બુદ્ધિપ્રભા" તમને ગમ્યું? શાથી?

(૨) બાર મહિનામાં "બુદ્ધિપ્રભા" નો તમારી દૃષ્ટિએ કયો લેખ, વાર્તા, કાવ્ય વ. શ્રેષ્ઠ લાગ્યું?

(૩) "બુદ્ધિપ્રભા" ના કયા લેખક તમને વધું વાંચવા ગમે છે?

(૪) સંપાદનમાં તમને વધુ શું ઉમેરવા જેવું લાગે છે?

(૫) શ્રીમદ્ બુદ્ધિસાગરજીના સાહિત્યના કેટલા પાના રાખીએ તો તમને ગમે?

(૬) તંત્રી લેખ તમને જરૂરી લાગે છે?

(૭) શાસન સમાચાર માટે આપનો શો અભિપ્રાય છે?

(૮) તમને વધુ શું ગમે? વાર્તા, લેખ, કાવ્ય, પત્રો, વિવેચન?

(૯) દર અંકે ચાલુ રહેતી વાર્તા તમને ગમશે?

(૧૦) વાંચકોના વિચાર રજુ કરતી કટાર શરૂ કરીએ તો તમે વધાવશો?

(૧૧) "જ્ઞાન ચર્ચા" જેવી કટાર શરૂ કરીએ તો તમને ગમશે? તેમાં તમે કેટલો ભાગ લેશો?

(૧૨) સ્વતંત્ર વિભાગો શરૂ કરીએ તો તમને વાંચવામાં આનંદ આવશે? એવા કયા વિભાગો તમે વાંચવા માંગો છો?

(૧૩) "બુદ્ધિપ્રભા" ના તમને કેટલા પાના રાખવા પસંદ છે?

(૧૪) વાર્ષિક લખાણોમાંથી શ્રેષ્ઠ લખાણોને ઇનામોની યોજના રાખીએ તો?

(૧૫) "બુદ્ધિપ્રભા" જાહેર ખબરો લે છે તે માટે આપનું શું મંતવ્ય છે?

(૧૬) "બુદ્ધિપ્રભા" સમૃદ્ધ બને અને શ્રીમદ્જીનું સાહિત્ય વધુ ને વધુ વંચાતુ થાય તે માટે આપની પાસે કોઇ યોજના છે?

(૧૭) જૈન સાહિત્ય સિવાય ઇતર સાહિત્ય "બુદ્ધિપ્રભા" માં વાચવું આપને ગમશે?

(૧૮) સળંગ સચિત્ર નવલકથા શરૂ કરીએ તો?

(૧૯) પ્રથમ પાને શું હોય તો ગમે? પ્રભુની વાણી, શ્રીમદ્જીનું ચિંતન, સૂત્રોની વિશ્લેષણા કાવ્ય કે ચિંતન કણિકાઓ?

(૨૦) મુખપૃષ્ઠની પાછળની બન્ને બાજુએ માનદ પ્રચારકોના નામ તેમજ જાહેરાતના ભાવ મૂકીએ છીએ તે તમને પસંદ છે?

(૨૧) એ બન્ને બાજુએ તમે શું મૂકવા માંગો છો?

(૨૨) દર અંકે મહાપુરુષોના સંક્ષિપ્ત પ્રસંગ ચિત્રો આપીએ તો તમને ગમશે?

(૨૩) વિનોદી વાર્તાલાપો, હાસ્ય ટુચકા, સુવાક્યો, નાના કાવ્યો, જાણવા જેવું વ. ખૂટતી જગાઓમાં મૂકીએ તો તમને પસંદ આવશે?

(૨૪) વરસમાં કેટલા વિશેષાંક કાઢવા તમને યોગ્ય લાગે છે? કયા કયા?

(૨૫) આવતા અંકોના સાહિત્યની જાહેરાત અગાઉથી કરીએ તો તમને ગમશે?

# વાર્ષિક ગ્રાહકોને-

આ દીવાળી અંકે "બુદ્ધિપ્રભા" નું એક વરસ પૂરું થાય છે. આપ સૌએ અમને જે સહકાર આપ્યો છે તે બદલ અમે આપનો આભાર માનીએ છીએ. "બુદ્ધિપ્રભા" આપને ગમ્યું જ હશે. આ અંકે આપનું લવાજમ પૂરું થાય છે. આથી નવા વરસનું લવાજમ જલ્દીથી મોકલવા વિનંતી છે. ગ્રાહકોના નવા નામ નોંધતાં જાય છે. આપ આપનું નામ સત્વરે નોંધાવો. લવાજમ અત્રે કાર્યાલયમાં મોકલવું અથવા માનદ પ્રચારકોને મોકલવું. નવા વરસની શરૂઆત પહેલાં ખબર કરવી ઘણી જરૂર છે જેથી નવા વરસનો અંક નિયમિત મોકલી શકાય

(ખાસ નોંધ—આપને "બુદ્ધિપ્રભા" નિયમિત ન મળ્યું હોય તો આપનું સરનામું ફરી લખી જણાવવા વિનંતી છે. દરેક ગ્રાહકને વિનંતી કે તેઓ કયા માસથી ગ્રાહક બન્યા છે તે સત્વરે જણાવે.)

........તંત્રીઓ.

# માનદ્ પ્રચારકોને-

આ દીવાળી અંકે "બુદ્ધિપ્રભા" નું એ વરસ પૂરું થશે. આપના સહકાર માટે આભા માનીએ છીએ ને ભવિષ્યમાં આથી ય વધુ સહકા મળશે એવી શ્રદ્ધા સેવીએ છીએ.

બીજું નીચેની વિગતો જલ્દીથી મોકલ વિનંતી છે.

૧. અત્યાર સુધીમાં આપે જે ગ્રાહકો બનાવ્યા હોય તેની સરનામા સાથે સંપૂર્ણ યાદી.

૨. જેમના લવાજમો બાકી હોય તેમનાં લવાજમો મોકલવા.

૩. વાર્ષિક ગ્રાહકો ચાલુ રાખવાના છે કે કેમ? વિગત લખશો

૪. આપે બનાવેલા ગ્રાહકો કયા માસથી શરૂ થયા છે. તે સ્પષ્ટ કરશો અને તેમની પહોંચો જલ્દી પાઠવશો.

દરેકને વ્યક્તિગત પત્ર લખ્યા છે છતાંય હજુય કોઈને બાકી રહી ગયા હોય તો ઉપરની વિગત અવશ્ય મોકલવા મે. કરશો.

-તંત્રીઓ

(નોંધઃ આ અગાઉ યાદી મોકલી હોય તો પણ દરેકને તે ફરી મોકલવા આગ્રહ ભરી વિનંતી છે. દરેકને ગ્રાહક નંબર આપવાનો છે આથી આ વાંચી તુરતજ વિગતો કાર્યાલયના સરનામે મોકલી આપી આભારી કરશો)